# આશીર્વાદ

પ્રથમ વર્ષ
પાંચમો અંક
માર્ચ '૬૭




શ્રી ભાગવત વિદ્યાપીઠ અને માનવમંદિરના સૌજન્યથી

सत्यम् शिवम् सुंदरम् ।

# આશીર્વાદ

સર્વે સુખિનઃ સન્તુ

વર્ષ : ૧ ] સંવત ૨૦૨૩ પૌષ : ફેબ્રુઆરી ૧૯૬૭ [ અંક : ૪

સંસ્થાપક

દેવેન્દ્રવિજય

'જય ભગવાન'

*

અધ્યક્ષ

કૃષ્ણશંકર શાસ્ત્રી

*

સંપાદનસમિતિ

એમ. જે. ગોરધનદાસ

કનૈયાલાલ દવે

*

માનદ વ્યવસ્થાપક

'શિવશક્તિ'

*

કાર્યાલય

ભાઉની પોળની બારી પાસે,

રાયપુર, અમદાવાદ–૧.

*

વાર્ષિક લવાજમ

ભારતમાં રૂ. ૩–૦૦

વિદેશમાં શિલિંગ ૬–૦૦

## આત્મદર્શન

**यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।**
**तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥**

જગતમાં દેખાતી સુંદર લીલાઓ અને ઘોર અથવા બિહામણી લીલાઓ પણ આત્મસ્વરૂપ એવા પોતામાંથી જ પ્રકટ થયેલી છે એમ જે સમજે છે; અરે, સુંદર અને ઘોર લીલાઓરૂપે પણ પોતે જ ખેલી રહ્યો છે એમ જે અનુભવે છે, પોતાના વ્યાપક સ્વરૂપના ઉદરની અંદર જ એક જગાએ પોતાની આ લીલાઓ ચાલી રહેલી જે જુએ છે અને સ્વસ્થ રહે છે તેને માટે આ વિશ્વમાં પરમાત્મા નાશ પામેલો નથી અને પરમાત્માને માટે તે નાશ પામેલો નથી.

વસંતનાં પુષ્પોથી ખીલેલા બગીચાઓ અને સુખ-સગવડથી ભરેલા સુંદર મહેલોમાં જે મોહ પામતો નથી કે આસક્ત થતો નથી; વાઘ, સાપ કે સાક્ષાત્ મૃત્યુ સામે આવીને ઊભું હોય તોપણ જે ભય પામતો નથી, પણ સુંદર અને ભયંકર દરેક સ્વરૂપ આત્મસ્વરૂપ એવા પોતામાંથી પ્રકટ થયેલું પોતાનું જ સાકાર સ્વરૂપ છે એમ જે જુએ છે–અનુભવે છે, તે સર્વત્ર આત્મસ્વરૂપ એવા પરમાત્માનાં દર્શન કરે છે; મૃત્યુ પણ તેનો નાશ કરી શકતું નથી. મૃત્યુ ...ત–
આત્મસ્વરૂપ એવા તેની લીલાનો એક અંતર્ગત ભાગ ...યા–દુઃખ
છે. જે લોભ-લાલચથી કે શારીરિક સુખોને માટે ...ને પોતાના
નિઃસ્પૃહતા, સમતા અને ન્યાય-નીતિનો ત્યાગ કરતો ન
માર્ગથી ચલિત ન થવારૂપે સતત આત્માની રક્ષા કરે છે
ચાલતાં પ્રાપ્ત થતાં સુખદુઃખોને સહજ ભાવે પ્રસ...
કરે છે, તેને આ વિશ્વની રચનામાં સદા, સર્વત્ર આત્મ... બને તો
પરમાત્માનું દર્શન થતું જ રહે છે. ... શોક કરતો
... ત્યાગ કરેલો

ૐ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| આત્મદર્શન | ૐ | ૧ |
| મંગલાયતનમ્ | — | ૩ |
| જન | શ્રી કનૈયાલાલ દવે | ૪ |
| શ્રીરામચરિતમાનસ | શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી | ૫ |
| શ્રી ભાગવત વિદ્યાપીઠ | — | ૭ |
| જગદ્‌ગુરુ શંકરાચાર્ય શ્રી નિરંજનદેવતીર્થજી | — | ૯ |
| શરીર અને મનનો સંબંધ | સ્વામીશ્રી શિવાનંદજી | ૧૧ |
| ચંપા-ભ્રમર | — | ૧૨ |
| નારી : નરક ને સ્વર્ગને લાવનારી | શ્રી 'મધુકર' | ૧૩ |
| રજકણ | શ્રી 'શિવશક્તિ' | ૧૬ |
| મહર્ષિ દયાનંદ સરસ્વતી | શ્રી કાલિદાસ મહારાજ | ૧૭ |
| માણસનો અધિકાર | — | ૨૦ |
| નારદનું શંકાસમાધાન | — | ૨૧ |
| દયા | — | ૨૨ |
| શ્રી ભાગવત વિદ્યાપીઠ સ્થાપવાની આદર્શ યોજના | — | ૨૩ |
| ચિન્મય માનવીને | શ્રી પ્રકાશ ગજ્જર | ૨૪ |
| વેદના કે વાસના ? | મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી | ૨૫ |
| નાનો અને મોટો | — | ૨૭ |
| સુભાષિત | શ્રી મંગળદાસ જ. ગોરધનદાસ | ૨૮ |
| ઉત્તરાયણ-૨ | શ્રી 'મધ્યબિંદુ' | ૨૯ |
| ગજેન્દ્રરૂપી જીવ | શ્રી ડોંગરે મહારાજ | ૩૬ |
| પહેલું વંદન | શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી | ૩૬ |
| આવકારો મીઠો આપજે | ભક્ત કવિ પદ્મશ્રી દુલા ભાયા 'કાગ' | ૩૭ |
| પ્રભુમય જીવન | શ્રી દેવેન્દ્રવિજય 'જય ભગવાન' | ૩૭ |



## ઉત્પાદકો અને વહેપારીભાઈઓ માટે

શિષ્ટ અને સંસ્કારી વર્ગમાં ત્રણ માસના ટૂંકા સમયમાં 'આશીર્વાદે' જે મોખરાનું સ્થાન કર્યું છે તેને લીધે ઘણા ઉત્પાદકો અને વહેપારી બંધુઓ તરફથી 'આશીર્વાદ'માં છપાતી [illegible]રના દર વિષે પૂછપરછ કરવામાં આવે છે. આ અંગે જણાવવાનું કે 'આશીર્વાદ'માં છપાતી [illegible] દરો નીચે મુજબ છે :

| | માસિક | વર્ષિક |
|---|---|---|
| આખું પાનું | ૧૦૦-૦૦ | ૧૦૦૦-૦૦ |
| અડધું પાનું | ૫૫-૦૦ | ૬૦૦-૦૦ |
| છેલ્લું કવરપેજ | ૨૦૦-૦૦ | ૨૦૦૦-૦૦ |
| અંદરનું કવરપેઈજ | ૧૫૦-૦૦ | ૧૫૦૦ ૦૦ |

[illegible]ત માટે કાર્યાલય સાથે સંપર્ક સાધવા વિનંતી છે.

—માનદ્ વ્યવસ્થાપક

# मङ्गलायतनम्

## ભગવાનને પ્રિય ભક્ત કેવો હોય?

ભગવાન કહે છે :

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहङ्कारः समदुःखसुखः क्षमी ॥१॥
सन्तुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥२॥

જે મનુષ્યને કોઈનીય પ્રત્યે દ્વેષ નથી, જે સર્વ પ્રાણીઓ પ્રત્યે વેરભાવ વિનાનો છે અને સર્વ પ્રત્યે મૈત્રીભાવવાળો છે, જે સર્વ પ્રત્યે કરુણાળુ-દયાયુક્ત છે, જેને કશામાં સ્વાર્થીભાવવાળી કોઈ મમતા નથી, જેનામાં પોતાનો ખોટો અહંભાવ કે ગર્વ નથી, જે સુખ-દુઃખમાં સમતાથી રહેનારો અને સહનશીલ છે, જે દરેક પ્રકારની પરિસ્થિતિમાં સંતુષ્ટ રહેનારો છે અને દરેક પ્રકારની પરિસ્થિતિ પોતાના વિકાસ માટે, પોતાના કલ્યાણ માટે ભગવાને આપી છે એમ સમજીને તે પરિસ્થિતિમાં પોતાને પ્રાપ્ત થયેલા કર્તવ્યનું પાલન કરવામાં સતત જોડાયેલો રહે છે, જેનું શરીર, ઇંદ્રિયો અને મન સંયમથી પૂર્ણ છે, જેના નિશ્ચયો આત્મપ્રતીતિથી યુક્ત અને દઢ છે, જેણે મારા સર્વવ્યાપી સ્વરૂપનો વિચાર કરવામાં, એ સ્વરૂપનો અનુભવ કરવામાં પોતાનાં મન અને બુદ્ધિ જોડી દીધાં છે અને એ રીતે જે મને ભજનારો છે, તે મને પ્રિય છે.

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥३॥

જે મનુષ્યથી કોઈ લોકોને ઉદ્વેગ થતો નથી અને લોકોના ગમે તેવા વર્તનથી પણ જે મનમાં ઉદ્વેગ–ખેદ ધારણ કરતો નથી, જે મનુષ્ય સર્વ સમયે, સર્વ પરિસ્થિતિમાં હર્ષ–શોક અને ભય તથા ક્રોધથી મુક્ત રહે છે, તે મને પ્રિય છે. (આવા પોતાના પ્રિય મનુષ્યના જીવનમાં ભગવાન નિવાસ કરતા હોય છે.)

अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारम्भपरित्यागी यो मद्भक्त स मे प्रियः ॥४॥

જે મનુષ્ય કોઈ પદાર્થની સ્પૃહા રાખતો નથી અને એથી સ્પૃહા રાખીને અપવિત્ર–અયોગ્ય કામ કરનારો, અયોગ્ય વિચાર કરનારો તે ન હોવાથી પવિત્ર જીવનવાળો છે, અને જે પવિત્ર કાર્યો કરવામાં, પરોપકારનાં કામોમાં દક્ષ–ચતુર છે, જે સર્વ પ્રત્યે પક્ષપાતરહિત–તટસ્થ છે, શુદ્ધ કર્મ કરતાં ગમે તે પરિણામ આવે છતાં જેને કોઈ જાતની વ્યથા–દુઃખ થતું નથી, જે સર્વ પ્રકારના મનોરથો કરવાનું–ફળની આશાઓ બાંધવાનું છોડીને પોતાના કર્તવ્યમાં જ લાગેલો રહે છે, તે મારો ભક્ત છે અને તે મને પ્રિય છે.

यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान् यः स मे प्रियः ॥५॥

જે મનુષ્ય કોઈ પણ જાતની આકાંક્ષા વિનાનો છે એથી અમુક વાતો બને તો હર્ષ પામતો નથી અને અમુક વાત બને તો એનો દ્વેષ કરતો નથી કે એનો શોક કરતો નથી. અમુક શુભ–સારું છે અને અમુક અશુભ–ખરાબ છે એવા ભાવનો જેણે ત્યાગ કરેલો

છે અને માત્ર કર્તવ્ય કરવા પ્રત્યે જ જેણે પ્રેમ ધારણ કરેલો છે, કર્તવ્ય કર્મ કરતાં એનું જે કંઈ પરિણામ આવે તેના પ્રત્યે 'ઈશ્વર જે કંઈ કરે છે તે સારું જ હોય છે–સારા માટે જ હોય છે' એવા ભાવથી જે દરેક ઘટનાને ભક્તિપૂર્વક–પ્રેમપૂર્વક સ્વીકારે છે, તેવો મનુષ્ય મને પ્રિય છે.

**समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।**
**शीतोष्णसुखदुःखेषु समः सङ्गविवर्जितः ॥**
**तुल्यनिन्दास्तुतिर्मौनी सन्तुष्टो येनकेनचित् ।**
**अनिकेतः स्थिरमतिर्भक्तिमान् मे प्रियो नरः ॥६–७॥**

પોતાના પ્રત્યે શત્રુભાવ રાખનાર અને મિત્રભાવ રાખનાર બંને પ્રત્યે જે મનુષ્ય એક–સરખો પ્રેમભર્યો અને હિતકારક ભાવ રાખનારો છે, તેવી જ રીતે માન અને અપમાનમાં પણ જે મનુષ્ય સમાન ભાવ રાખનારો છે, તેમ જ ઠંડી અને ગરમી તથા સુખ અને દુ:ખ પ્રત્યે પણ જે સમાન ભાવ રાખનારો છે; જેને માન, કીર્તિ કે સુખભોગો પ્રત્યે કોઈ જાતની આસક્તિ નથી એથી જે નિંદા અને સ્તુતિમાં પણ સમભાવ રાખનારો અને મૌન રહેનારો છે; ઈશ્વરેચ્છાથી પોતાના કર્તવ્યના ફળરૂપે જે કંઈ પ્રાપ્ત થાય તેનાથી જે સંતુષ્ટ રહેનારો છે; સંસારની સ્થાવર કે જંગમ સંપત્તિનો જે પોતાની પાસે સંગ્રહ કરી રાખનારો નથી; તન–મન–ધનની સર્વ સંપત્તિ આત્મસ્વરૂપ પ્રાણીઓના હિત માટે જ છે એવી સ્થિર બુદ્ધિવાળો જે છે અને પ્રેમયુક્ત થઈને જે સર્વ પ્રાણીઓની સેવામાં લાગ્યો રહે છે, તે મનુષ્ય મને પ્રિય છે.

**ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।**
**श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥८॥**

ભગવાનનો પ્રિય ભક્ત કેવો હોય, આવા ભક્તનો ધર્મ, સ્વભાવ, વર્તન કેવું હોય તે અહીં કહેવામાં આવ્યું છે. ભક્તના ધર્મનું આ વર્ણન એ સાક્ષાત્ અમૃત છે. કારણ કે આ ધર્મ પ્રમાણે પોતાનું જીવન બનાવનારને અમૃત એટલે અવિનાશી સ્વરૂપ પ્રાપ્ત થાય છે. પોતાને આત્માનું પરમ સ્વરૂપ પ્રાપ્ત થાય એ જ કેવળ ઉદ્દેશથી જેઓ અહીં કહેલ અમૃતસ્વરૂપ ધર્મનું આચરણ કરે છે, તેઓ મારા પરમ ભક્ત છે અને તેઓ મને અત્યંત પ્રિય છે. [શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૧૨/૧૩–૨૦]

## જન

આ જીવનને જીવતાં જાણે તે **જન** કહેવાય છે,
જીવન અર્પે જગને કાજે તે **મહાજન** કહેવાય છે.
વિસારે ના હરિને તેને હરિ ના વિસારે છે,
હરઘડી હરિને ભજે તે **હરિજન** કહેવાય છે.
ખાય ત્યાં ખોદ્યા કરે તે **દુર્જન** કહેવાય છે,
સમય પર માથું મૂકે તે **સ્વજન** કહેવાય છે.
જન જીવે જનકાજ પરદુઃખે દુઃખી થનાર છે,
અપકારે ઉપકાર કરનારો **સજ્જન** કહેવાય છે.

—**શ્રી કનૈયાલાલ દવે**

# શ્રીરામચરિતમાનસ

શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી

તુલસીદાસજીએ વંદનથી મંગળાચરણ શરૂ કર્યું. વંદન ચંદનથી મધુર છે. વંદન પ્રભુને લઈ આવવા માટેનો રથ છે વંદન પ્રભુને નિમંત્રણ છે. તર્ક અને તકરારથી તકદીર ગુમાવાય છે. तकरारसे एकरारमें चले जाओ वे रामायण और वो अयोध्याकाण्डमे. નમસ્કારમાં સ્વરૂપનિરૂપણ કર્યું છે. નમસ્કાર એ અસાધારણ ભેટ છે. નમસ્કાર ઉતાવળ કરીને અપાય નહીં. કન્યા અને વંદન આ બે આપ્યા પછી ચિંતા કરાવે છે. જેને વંદન કર્યાં એ વંદ્યમાં કંઈક વિશેષ ધર્મો છે કે નહીં એ જોવાનું છે. સદ્ભાવ, શ્રદ્ધા, વિશ્વાસ ગુમાવ્યો તો જિંદગી ગુમાવી દીધી. વંદન ઉપચાર હોત તો વિચાર ન હોત, પણ એ ઉપચાર નથી. વિદ્યા, ધન અને ધર્મમાં શાંતિમય જીવવું એનું નામ આત્મજ્ઞાન. અનેકવિધ માધુર્યનું મિશ્રણ એનું નામ માનવજીવન. શ્રદ્ધા–વિશ્વાસ કેળવ્યા બાદ ગુરુ પાસે જવું ને પછી સ્વાધ્યાય કરવો. મહાપુરુષોની કૃપાથી મૂર્ખને ભગવાન મળે છે, પણ જ્ઞાનસંપાદન થતું નથી. જ્ઞાનસંપાદન માટે અધ્યયનની જરૂર છે. શ્રદ્ધા એ આસન છે, માતા છે, અને વિશ્વાસ એ છત્ર છે–પિતા છે. વિશેષણ વિનાની તે મા અને વિશેષણવાળા તે પિતા.

वर्णानाम् अर्थसंघानां रसानां छन्दसामपि ।
मङ्गलानां च कर्तारौ वन्दे वाणीविनायकौ ॥

वर्णानाम्—બધી મજા વર્ણોમાં છે. શબ્દ પછી અર્થ આવે પણ રસ વગરનો અર્થ નકામો છે. રસને રહેવાની જગ્યા તે છંદ છે. વાણી એ વિદ્યા છે અને વિનાયક એટલે વિવેક. બે વસ્તુની વચમાં બેસીને ન્યાય કરવાનો આવે તે વિવેક. વાણી વિઘ્ન વધારનાર તેમ જ ઘટાડનાર છે. વિરોધી ક્ષેત્ર બનાવનાર પણ વાણી છે. વાણી વાતાવરણની સર્જક છે. વાણીમાં મીઠાશ નથી તો વચન સૂનું. મિત્ર નથી તો જીવન સૂનું. મીઠું નથી તો ભોજન સૂનું. રામાયણ ચોવીસ વર્ણો આપશે. ગાયત્રીના પણ ચોવીસ અક્ષર છે. રસ એકત્રિત કરવા માટે છંદ છે.

૧. वर्णानाम्—બાલકાંડ.
૨. अर्थसंघानाम्—અયોધ્યાકાંડ.
૩. रसानाम्— અરણ્યકાંડ.
૪. छन्दसाम्—કિષ્કિંધાકાંડ.
૫. अपि—સુંદરકાંડ.
૬. मङ्गलानाम्—લંકાકાંડ.
૭. कर्तारौ—ઉત્તરકાંડ.

નામ પડ્યું બાલકાંડમાં પણ અર્થ સમજાયો અયોધ્યાકાંડમાં. અયોધ્યાકાંડ એટલે કસોટી અને એ કસોટી તે કૈકેયી. જે જિંદગી પર કાચપેપર ઘસાયા નથી એ જીવન ચમત્કૃતિ બન્યાં નથી. કૈકેયીરૂપ કસોટીએ ધર્મની પરીક્ષા કરી છંદ એ કટોરો છે. છંદ કાવ્યને સુબુદ્ધિ આપવાની વસ્તુ છે. શંકર એટલે વિશ્વાસ પાર્વતી એટલે શ્રદ્ધા. વાણી શ્રદ્ધા અને વિશ્વાસયુક્ત હોવી જોઈએ શ્રદ્ધા એ પાર્વતી છે અને પાર્વતી અડગ છે એટલે સફળતા એને ચરણે છે. શ્રદ્ધાની વેદી ચાર પાયા પર હોય છે: (૧) તપ (૨) તિતિક્ષા (૩) તત્પરતા (૪) તન્મયતા. શ્રદ્ધાની વેદી પર ક્રિયાની ઇમારત શરૂ થાય તો કલ્યાણનો કળશ જરૂર ચઢે. વ્યસનોનો જન્મારો જ્ઞાનતંતુની થકાવટમાંથી થયો છે અને જ્ઞાનતંતુની થકાવટ ખોરાકમાંથી શરૂ થઈ છે. જેનાં સ્નેહ અને શાંતિ સ્મશાનમાં ગયાં એના જીવનમાં કલ્યાણ નથી. વિશ્વાસનો કોઈ શત્રુ નહીં, ને સંગ્રહ નહીં તે શંકર. શ્રદ્ધા અને વિશ્વાસ સદ્ગુરુ વિના મળે નહીં. वंदे बोधमयं नित्यं गुरुं। ગુરુ એટલે ચરણથી મસ્તક પર્યંતની આખી કાયા. ક્રિયાથી ઉપદેશ આપે તે ગુરુ. વાત્સલ્ય અને ચારિત્ર્યનું મિશ્રણ એટલે મહાપુરુષોનું જીવન એટલે સિદ્ધાંતોની ગૂંથણી, ચકાસણી. આ ગૂંથણી અને ચકાસણી તે સાધકોની નિસરણી છે.

જીવનની ક્રિયાઓ જીવનમાં વહેતી સરિતાઓ છે. સરલ, સ–રસ, સહૃદય પ્રભુ છે. ક્રિયામાં ઉમંગ એ માનવજીવનના તરંગો છે. ગૃહસ્થજીવનમાં જો શીલ અને ઉમંગ ન હોય તો કંઈ જ નથી. સદ્વિદ્યા, શીલ, તપ, ત્યાગ આ ચાર વિભાગો ઉત્તર પ્રદેશમાંથી શરૂ થયા. આરંભ અને સમાપ્તિમાં જીવનનો ઉમંગ જોઈએ. બીજા પારતંત્ર્ય કરતાં મોહનું જ પારતંત્ર્ય પ્રબળ છે. મદાંધ, વિષયાંધ, વિવેકશૂન્ય અને શીલશૂન્ય–આ ચાર જો હોય તો તેવાને ગુરુ કરવા નહિ. ઉપદેશમાં બધા જ ગુરુ બોધમય હોય છે પણ અંગત વખતે બધા જ ગુરુ બોધમય હોતા નથી. શાસ્ત્રોનો પ્રયાસ ને સંતોનો

પ્રવાસ સમાજનો ત્રાસ દૂર કરવા માટે છે. આત્મીયની અપ્રતિષ્ઠા એ આત્મહત્યા. શત્રુને સખા બનાવવાનું વિધાન એ રામચરિતસિદ્ધાંત.

માનવે કદી ન ચઢવું વાદે, ન ચઢવું વાતે

यस्य देवे परा भक्तिः यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ।।

તલપ એ તત્ત્વજ્ઞાનનું સ્મશાન છે. ગુરુચરણરજ ત્રણ ચીજ આપે: સન્મતિ, સુરુચિ એટલે સુવાસ યા સત્ચરિત્ર, સુરસ એટલે આત્મરસ–જ્ઞાન અને પ્રેમ. ગુરુચરણ કમલ સમાન છે. કમલમાં રસ, સુવાસ અને આકર્ષણ હોય છે. પરાગમાં પરિમલ વસે છે. કમળના ચાર પ્રકાર: લાલ કમળ તે પદ્મ. નીલકમલ તે કુવલય. અરવિંદ તે શ્વેત. જે રંગથી પર તે પરબ્રહ્મ. પરબ્રહ્મ તરફ લઈ જાય તે પરાગ અને એ પરબ્રહ્મ તરફ લઈ જનાર તે ગુરુચરણરજ છે. ગુરુચરણરજ એ રજ નથી પણ ચૂર્ણ છે. એ ચૂર્ણ તપ્ત લોકોને ઉપયોગી બને છે. નારોગને દૂર કરનારું ચૂર્ણ તે ગુરુચરણરજ. ગુરુચરણરજ એ વિભૂતિ છે. વિભૂતિ સ્વાદમાં ન કડવી, ન ખાટી, ન તીખી, ન તૂરી. સ્વાદ વિનાની અને વજન વિનાની વસ્તુ છતાં વજૂદવાળી વસ્તુ તે વિભૂતિ છે. ગુરુચરણરજરૂપી વિભૂતિ અંતરંગ એટલે મનની અને બહિરંગ એટલે તનની શુદ્ધિ કરે છે. Strong minded and steady નહીં થઈએ તો જગતમાં ક્યાંયે scope નથી અને stand નથી. ગરજ કરે તે ગરીબ અને ફરજનું પૂરું પાલન કરે તે અમીર ને ફકીર.

ખભાથી પગ સુધીનો ભાગ એટલે કર્મમાર્ગ ને કંઠથી મસ્તક સુધીનો ભાગ તે જ્ઞાનમાર્ગ. ગુરુચરણરજરૂપી વિભૂતિ આ બંને ભાગની શુદ્ધિ કરે છે. શ્રી ગુરુના નખ દશ અને રાવણનાં માથાં દશ. મોહ અને ધૃતરાષ્ટ્ર એટલે અંધ. દશ નખની કાંતિ એટલે પ્રકાશ. પ્રકાશની સાથે મળે. ગુરુચરણરજ સંગદોષને દૂર કરે છે સાધુચરિત શુભ ચરિત કપાસુ...કપાસ સજ્જન યા સત્પુરુષના ગુણો સમાન છે. જેવી રીતે કપાસમાંથી નીકળેલું કપડું દુ:ખને સહન કરીને બીજાના છિદ્રને ઢાંકે છે, તેમ સત્પુરુષો ત્રાસ વેઠીને બીજાનો ત્રાસ દૂર કરે છે. તીર્થરાજ એટલે ગંગા અને શ્રીગંગાજી ભગવાનના ચરણારવિંદના નખમાંથી પ્રગટ્યાં છે. માટે ભક્તિની ઉત્પત્તિ ચરણમાંથી થાય. ભક્તિને કિનારે જે કાયા રહે તે કાશી. આસક્તિને કિનારે જે રહે તે ઉદાસી. સત્પુરુષોનો સમાજ પ્રયાગરાજ છે.

પ્રયાગરાજ

| | | | | |
|---|---|---|---|---|
| ગંગા | યમુના | રેવા | અક્ષયવટ | વાસુકિ |

ગંગા એટલે ભક્તિ અને તે વિષ્ણુના ઘરમાંથી નીકળે છે—બિલકુલ સનિષ્ઠ વિચાર તે ગંગા. યમુના એટલે કર્મમાર્ગ. યમુના સૂર્યના ઘરમાંથી નીકળે એટલે તે ઉપાસનામાર્ગ.

રેવા એટલે બ્રહ્મવિદ્યા–બ્રહ્માજીના ઘરમાંથી આવ્યાં. અક્ષયવટ એટલે અવિચળ વિશ્વાસ. અવિચળ વિશ્વાસ ધરાવનારી વ્યક્તિ કર્મને જ ફળ ગણે પણ એ સફળતા સતત ઉદ્યમ અને સતત ઉદ્યમથી જ સંપાદન થાય છે. પ્રયાગ એ પ્રથમ અંગ. ભક્તિ એટલે જે કાર્ય કરીએ તેમાં સંપૂર્ણ સ્નેહ. એ બીજું અંગ, ને જ્ઞાન એ ત્રીજું અંગ. સદ્‌ભાગ્ય, શરીર, સંપત્તિ ને સમય જેને અનુકૂળ હોય તેને જ તીર્થયાત્રા કરવા મળે. તીર્થમાં થનારાં સત્કર્મો એ તીર્થરાજનો સમાજ છે. ગંગા–યમુના અને સરસ્વતીના તીર્થરાજ કરતાં પણ સાધુસમાજ ઘણો કીમતી છે. સાધુસમાજ સમજ્યા વિના પણ સત્કર્મને અને સત્યને આચરે છે. ભાવના એટલે જેને દ્વારે હા નથી, ના નથી, થાક નથી અને સંદેહ નથી અને સતત ક્રિયા કરાવે છે તેનું નામ ભાવના.

[ક્રમશ:]

મુંબઈ ખાતેના જાહેરખબરના કામકાજ માટે અમારા નીચેના એજન્ટ સાથે સંપર્ક સાધવા વિનંતી છે.

**શ્રી રમેશચંદ્ર એમ. જોષી**

૨૧, એ, ગોવાલીયા ટેન્ક, તેજપાળ રોડ,

મુંબઈ–૭

અમદાવાદને આંગણે રચાતું અનોખું સંસ્કૃતિધામ

# શ્રી ભાગવત વિદ્યાપીઠ

શ્રીહરિની કૃપાથી શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીજીના હૃદયમાં એવો મંગલ મનોરથ પ્રાદુર્ભાવ પામ્યો છે, કે વિશ્વસંસ્કૃતિના સંરક્ષણાર્થે ગુજરાતને આંગણે એક એવું અનુપમ સંસ્કૃતિધામ રચવું કે જે આવતી કાલની આશાના મિનારા સમા વિદ્યાર્થીઓની દિનચર્યા – જીવનચર્યામાં સુસંસ્કારનું સિંચન કરે ને એના જીવનમાં નિર્વિકાર અસ્મિતાનું સર્જન કરે.

વળી આ સંસ્કૃતિધામના સર્જન પાછળ તેઓશ્રીની એવી કલ્પના પણ છે કે તે ભારતીય સંસ્કૃતિના ઉદ્‌ગમ સમા વેદપુરાણના મંત્રોના વૈજ્ઞાનિક સંશોધન દ્વારા સંસ્કૃતિના ઝરાને વેગવાન બનાવે, વિશ્વના મહાપુરુષોની સ્મૃતિસુવાસ વડે માનવહૃદયને સદ્‌ગુણની સુગંધથી સભર કરે. માનવીના મનના આરોગ્ય માટે કાળજાની ટાઢક દેનારું સત્સંગ-ચિકિત્સાલય પણ રચે...ને, માનવીની તંદુરસ્તીને સાચવનારું નિસર્ગોપચાર–વિદ્યાલય તેમ જ ચિકિત્સાલય પણ રચે.

આ માટે તેઓશ્રીએ શ્રી ભાગવત વિદ્યાપીઠના નિર્માણનો મંગલ સંકલ્પ કર્યો છે.

આ સંકલ્પને વંદનીય આચાર્યો, ચિંતનશીલ વિદ્વાનો, ઉદારચરિત મંડલેશ્વરો, સંતો, રાજપુરુષો, ઉદ્યોગપતિઓ વગેરેનો ઉમળકાભર્યો સાથસહકાર સાંપડી રહ્યો છે.

આ સંકલ્પને સાકાર બનાવવા માટે, તેનું સંસ્થાના રૂપમાં ટ્રસ્ટ પણ રચાયું છે...ને તેમાં સંતો, વિદ્વાનો ને ઉદ્યોગપતિઓ ટ્રસ્ટીરૂપે જોડાયા પણ છે.

એ આનંદની બીના છે કે, જનસમાજે પણ શાસ્ત્રીજીના આ સંકલ્પને અનેરા ઉમંગથી નવાજવા માંડ્યો છે ને તેના શુભચિહ્નરૂપે, અમદાવાદમાં નારણપુરા નજીકના સોળા ગામમાં ત્યાંની પંચાયત તરફથી ૧૧૦ વીઘાં જેટલી જમીન પ્રાપ્ત થઈ છે; એટલું જ નહિ, જાણીતા દાનવીર શ્રી કુબેરદાસ મોદીએ પણ સૈજપુર બોઘા પાસેની વિશાળ જમીન આ ટ્રસ્ટના શુભ હેતુને સાકાર બનાવવા માટે દાનમાં આપી છે.

આમ, શાસ્ત્રીજીના સુસંકલ્પને સાકાર બનાવવા માટે શ્રી હરિ જ સૌના હૈયામાં બેસીને સહકાર આપી રહ્યો છે. તેથી ઉત્સાહિત થઈને શાસ્ત્રીજીએ શ્રી ભાગવત વિદ્યાપીઠનું નિર્માણકાર્ય ઝડપથી હાથ ધરવાનું નક્કી કર્યું છે. અને આગામી ફાગણ સુદ ૨ તા. ૧૩–૩–૬૭ ના રોજ સોળા ગામની પુણ્યશાળી ધરતી પર શિલારોપણવિધિનું મંગળ મૂહુર્ત નક્કી કર્યું છે.

આ મંગલ પ્રસંગે પૂ. રણછોડદાસજી, પૂ રંગ અવધૂતજી, પૂ. રામચંદ્ર ડોંગરેજી, વજ્રેશ્વરીથી પૂ. મુક્તાનંદજી, પૂ. યોગીજી મહારાજ, ગોસ્વામી કુલાચાર્યો, વૈષ્ણવ સંપ્રદાયના આચાર્યો, વિવિધ સંતો, મહંતો, મંડલેશ્વરો, મહામંડલેશ્વરો વગેરે પધારવાના છે. ને શિલારોપણના પાયામાં પોતાની સદ્‌ભાવનાનો સિમેન્ટ પૂરવાના છે.

આ અનુપમ સંસ્કૃતિધામનો, આવો, આપણે આછેરો પરિચય મેળવીએ :

### શ્રીમદ્ ભાગવત પ્રાસાદ નિર્માણ :

વિશ્વનાં સંતપ્ત કાળજાંને ટાઢક દેનાર શ્રીમદ્ ભાગવતના અઢાર હજાર શ્લોકો આરસની તકતીઓ પર સુવાચ્ય રીતે કોતરાશે...એ વડે આ પ્રાસાદની દીવાલો મઢાશે...એ મહાગ્રંથના બાર સ્કંધની ભાવનાને વ્યક્ત કરતાં બાર દ્વાર મુકાશે... જેથી પ્રાસાદની ભવ્યતા તો જળવાશે જ, સાથે સાથે મહર્ષિ વેદવ્યાસના અક્ષરદેહને સાકાર પણ બનાવશે.

### શ્રી પીયૂષતીર્થ

શ્રીમદ્ ભાગવત પ્રાસાદની પ્રદક્ષિણા કરતું આ પીયૂ તીર્થ (જળાશય) વાતાવરણને સાત્ત્વિક ને શાંતિપ્રદ બનાવશે. એના કિનારે વિશ્વના મહાપુરુષોની પ્રતિમાઓ તેમ જ પ્રેરણાત્મક સૂત્રપંક્તિઓ પણ મુકાશે–ને તપોવનનું દિવ્ય વાતાવરણ સર્જવા સઘન વનરાજી પણ રચાશે.

### શ્રી સંસ્કૃતિ વિદ્યાલય

માનવીના મનને તાલીમ આપવા માટે, અહીં, લલિતકલા, સંગીત, ઉદ્યોગ આદિ વિદ્યાલયો રચાશે. અહીં તાલીમ પામીને જગન્મંગલ પ્રવાસ માટે તૈયાર થનારો સ્નાતક સ્વયં સંસ્કૃતિનો ઝરો બની રહે

એવી માવજત અહીં અપાશે. તે માટે, વિવિધ વિદ્યાલયો, પુસ્તકાલયો વગેરે અહીં ચલાવાશે છાત્રાલયો પણ સ્થપાશે.

**સંસ્કાર શિબિર**

વેકેશન દરમ્યાન વિદ્યાર્થીઓના જીવનમાં સસ્કારનું સિંચન કરી શકાય તે માટે વેકેશનનાં છ અઠવાડિયાં દરમ્યાન દરેક અઠવાડિયે પાંચસો-પાંચસો એમ કુલ ત્રણ હજાર વિદ્યાર્થીઓને સુસંસ્કારનું સિંચન અપાશે. આ સત્રમાં આવનાર વિદ્યાર્થીઓને નિવાસ, ભોજન, અધ્યયન આદિ સગવડ સુંદર રીતે અપાશે.

**ઋષિ-નિવાસ**

હરતીફરતી યુનિવર્સિટી સમા સંતો અહીં પધારશે, નિવસશે ને પોતાનાં જ્ઞાન, શીલ, અનુભવ અને તપ દ્વારા વિદ્યાર્થીઓ, સાધકો અને સ્નાતકોને યોગ્ય લાભ આપશે.

**સાધકનિવાસ**

સાધકો અહીં રહીને સાધના કરશે. જપ, તપ, પ્રાર્થના કરશે, સ્વાધ્યાય કરશે, પ્રેરણા પામશે ને જીવનનું મંગલભાથું ભરશે.

**આરોગ્યધામ**

શરીરને નીરોગી રાખવાની તાલીમ આપતું નિસર્ગોપચાર વિદ્યાલય, ને તનની તંદુરસ્તી જાળવતું નિસર્ગોપચાર ચિકિત્સાલય સૌને માટે આશ્વાસનધામ બનશે.

**અન્નપૂર્ણા**

આ વિશાળ સંસ્કૃતિધામમાં વસતા સંતો, અતિથિઓ, ઋષિવર્યો, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આગંતુકો તેમ જ ક્ષુધાપીડિતોને આ અન્નપૂર્ણા તૃપ્તિ અને શાંતિ આપશે.

**ગોશાળા**

શ્રીકૃષ્ણની વહાલી ગાયની વૈજ્ઞાનિક પદ્ધતિએ સેવા કરતી આદર્શ ગોશાળા અનેકને માટેનું ઉદાહરણ બનશે.

આવા વિશાળ સંસ્કૃતિધામના નિર્માણ માટે સમાજના સહૃદયી દાતાઓ પાસે સદ્ભાવનાભર્યો સહકાર મેળવવાની ભાવના શ્રી ભાગવત વિદ્યાપીઠના ટ્રસ્ટીઓના હૃદયમાં છે. આ માટે ઇન્કમટેક્સ માફી સર્ટિફિકેટ પણ મેળવી લેવાયું છે. વિવિધ તીર્થોના સંગમસમા આ સંસ્કૃતિધામના નિર્માણકાર્ય માટે લોખંડ, ઈંટો, સિમેન્ટ, રેતી, ઇમારતી લાકડું, પથ્થર, લાદી, ટાઈલ્સ, આરસ, તાર, એંગલો, બારણાં વગેરે સર્વ પ્રકારનો સહકાર આપવા વિનતિ છે.

## સેવાભાવી પ્રચારકોની જરૂર છે

સમાજરચનાના પાયાના સિદ્ધાંતો જેવા કે ચારિત્ર્ય, નીતિ, દયા, સત્ય, અહિંસા, માનવતા અને ભારતીય સંસ્કૃતિનો વ્યાપક પ્રચાર થાય એ દૃષ્ટિબિન્દુ નજર સમક્ષ રાખી "આશીર્વાદ" માસિકનું પ્રકાશન કરવામાં આવ્યું છે. ત્રણ માસના ટૂંકા ગાળામાં વાચક બંધુઓ તરફથી જે ઉમળકાભર્યો સહકાર પ્રાપ્ત થયો છે તે 'આશીર્વાદ' પ્રત્યે વાંચકોની મમતા બતાવે છે.

'આશીર્વાદ'ના પ્રચારમાં સેવાભાવી પ્રતિનિધિ ભાઈઓનો ફાળો નનોસૂનો નથી. ગુજરાતના પ્રત્યેક ગામ અને શહેરમાં 'આશીર્વાદ'નો નાદ ગુંજતો થાય એવી અમારી હૃદયની ભાવના છે. આ ભાવનાને મૂર્તિમંત બનાવવા માટે હજી મોટી સંખ્યામાં સેવાભાવી પ્રતિનિધિ કાર્યકરોની જરૂર છે. અમને આશા છે કે 'આશીર્વાદ' પ્રત્યે સદ્ભાવ બતાવનાર દરેક સેવાભાવી પ્રતિનિધિ અને વાચક-ગ્રાહક ભાઈબહેન સ્વૈચ્છિક રીતે આ કાર્યને ઉપાડી લઈ ભારતીય સંસ્કૃતિના પ્રચારમાં તેમ જ સમાજ અને રાષ્ટ્રના ઘડતરમાં પોતાનો મહામૂલો ફાળો આપી નવા ગ્રાહકો બનાવી અમને સહકાર આપશે. એ જ સભ્યર્થના.

—માનદ્ વ્યવસ્થાપક

જગન્નાથપુરીના

# જગદ્ગુરુ શંકરાચાર્ય શ્રી નિરંજનદેવતીર્થજી

પુરીના જગદ્ગુરુ શંકરાચાર્યજી કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં ગોવધબંધી થાય તે માટે આમરણ ઉપવાસ પર ઊતર્યા હતા. તા. ૨૦ મી નવેમ્બર ગોપાષ્ટમીના દિવસે ગોપૂજા કરી ગોરક્ષા માટે તેમણે પોતાની જાતને હોડમાં મૂકી ભસ્મથી લપાયેલ વિશાળ ભાલપ્રદેશ અને કંઠમાં રુદ્રાક્ષની માળાઓ ધારણ કરેલા સ્વામીજી તેજના તણખા વેરતા દિલ્હીમાં ધર્મસંઘની ઝૂંપડીમાં ઊભા હતા તે વખતે ભારતના ગૃહપ્રધાનની સૂચનાથી પોલીસ અધિકારીઓએ તેમની ધરપકડ કરી. તેમને પોંડીચેરી લાવવામાં આવ્યા. વજ્ર જેવા અડગ આ મહાપુરુષે પોતાના ઉપવાસ ચાલુ જ રાખ્યા અને સરકારે પોતાને માથે ખોટું કલંક ન આવે તે માટે ફરી તેમને પુરીમાં તેમની આચાર્યપીઠમાં પહોંચડી દીધા.

સનાતન હિંદુ ધર્મની વિશાળ જનતાના સર્વોચ્ચ ધર્મનેતા જો કોઈ ગણાતા હોય તો તે આદ્ય શંકરાચાર્યે સ્થાપેલ ચાર પીઠોના ચાર પીઠાધીશો છે. ખ્રિસ્તી ધર્મમાં વેટિકનના પોપનું જે સ્થાન ગણાય છે, તેના કરતાં આ સ્થાન જરાય ઊતરતું નથી. કરોડો હિંદુઓ તેમને પૂજે છે.

ધરપકડ માટે પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ તેમના ઉતારે પહોંચ્યા તે વખતે તેઓ પૂજામાં હતા. જગદ્ગુરુએ લગભગ એક કલાક પૂજામાં લીધો. તે પછી જ તેઓ પોલીસને આધીન થયા હતા.

નિરંજનદેવતીર્થ એ તો જગદ્ગુરુ થયા પછીનું તેમનું નામ છે. તેમનું પૂર્વાશ્રમનું નામ તો પંડિત ચંદ્રશેખર ગણેશનાથ દ્વિવેદી છે. રાજસ્થાનના બ્યાવરમાં તેમનો જન્મ થયેલો. પિતા ગણેશનાથ પણ સંસ્કૃત ભાષાના પ્રકાણ્ડ પંડિત હતા. તેમના ઉચ્ચ સંસ્કારોની ઊંડી છાપ બાળક ચંદ્રશેખર પર પડી.

પત્રકાર, રાજકીય ધાર્મિક નેતા, ધર્માચાર્ય અને સંસ્કૃતના પ્રખર વિદ્વાન આ શંકરાચાર્યે કાશીમાં દેવભાષાનો તન તોડીને તપશ્ચર્યાપૂર્વક અભ્યાસ કર્યો. ઈ. સ. ૧૯૩૪માં વ્યાકરણાચાર્યની પરીક્ષામાં તેઓ બીજા નંબરે આવ્યા. ધર્મશાસ્ત્રોનું ઊંડું અધ્યયન પણ તેમણે અહીં જ કર્યું. હરદ્વારના ઋષિકુલ બ્રહ્મચર્યાશ્રમમાં અધ્યક્ષ તરીકે રહી વર્ષો સુધી સંસ્કૃતનું શિક્ષણ આપી તેઓ આર્ય સંસ્કૃતિની સેવા બજાવતા રહ્યા. આ પહેલાં ગુજરાતમાં પેટલાદના નારાયણ સંસ્કૃત વિદ્યાલયમાં પણ તેમણે પ્રધાન અધ્યાક તરીકેની ઉત્તમ કામગીરી બજાવેલી.

સનાતન ધર્મના અગ્રગણ્ય નેતા શ્રી કરપાત્રીજીથી પ્રભાવિત થઈ તેમણે સનાતન ધર્મસંઘના દૈનિક પત્ર 'સન્માર્ગ'નું દીર્ઘકાળ પર્યન્ત સંપાદન કર્યું. કરપાત્રીજીએ રામરાજ્ય પરિષદની સ્થાપના કરી ત્યારે પં. ચંદ્રશેખરજી એ પરિષદના મંત્રી તરીકે ચૂંટાયા. શ્રી કરપાત્રીજી સાથે ભારતવર્ષની યાત્રા કરી તેમણે પોતાના જીવનકાર્યની દિશા નક્કી કરી લીધી. ઈ. સ. ૧૯૫૪માં જામનગરના સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ રિસર્ચમાં દર્શન વિભાગના અધ્યક્ષપદે રહી તેમણે આયુર્વેદની પ્રગતિ માટે મોટો પુરુષાર્થ સિદ્ધ કર્યો.

૧૯૫૫માં પં. ચંદ્રશેખરજી જયપુરની મહારાજા સંસ્કૃત કૉલેજના પ્રધાન આચાર્ય તરીકે નિમાયા અને કૉલેજની સારી પ્રગતિ કરી.

૧૯૬૦માં જગન્નાથપુરીના શંકરાચાર્ય જગદ્ગુરુ શ્રી ભારતીકૃષ્ણતીર્થજીના દેહવિલય પછી પુરીની પ્રસિદ્ધ ગાદી સૂની પડી. પં. શ્રી ચંદ્રશેખરજીના ગુણો, વિદ્વત્તા અને પ્રભાવ જોઈને શંકરાચાર્ય શ્રી ભારતીકૃષ્ણતીર્થજી પોતાના વસિયતનામામાં પુરીના શંકરાચાર્યના પદ માટે પં. ચંદ્રશેખરજીનું નામ સૂચવતા ગયેલા. આવા અસામાન્ય સ્થાન ઉપર કોઈ યોગ્ય વ્યક્તિને જ મૂકી શકાય. અને તેથી દ્વારકાના શંકરાચાર્યે પુરીના સદ્ગત શંકરાચાર્યજીની ઇચ્છા પં. ચંદ્રશેખરજીને જણાવી. હવે તો પં. ચંદ્રશેખરજીએ સ્ત્રી, બાળકો, કુટુંબકબીલો – બધાંનો પરિત્યાગ કરીને સંન્યાસી થવાનું હતું. પં. ચંદ્રશેખરજી પુરીની આચાર્યપીઠનો સ્વીકાર કરવાની દ્વારકાના શંકરાચાર્યની વાતમાં સંમત થયા.

શંકરાચાર્યપદની દીક્ષા લેતા અગાઉ જયપુરમાં ડૉ. સંપૂર્ણાનંદની અધ્યક્ષતામાં રાજસ્થાનના નાગરિકોએ ભવ્ય વિદાયસમારંભ યોજી પં. ચંદ્ર-

શેખરજીને એક અભિનંદનગ્રંથ અર્પણ કર્યો. તે પછી ૧૯૬૪માં જુલાઈ માસમાં દ્વારકાપીઠના શંકરાચાર્ય શ્રી અભિનવસચ્ચિદાનંદજીના પ્રમુખપદે પુરીમાં પં. ચંદ્રશેખરજીએ સંન્યાસદીક્ષા ગ્રહણ કરી. બીજે દિવસે પુરીના શંકરાચાર્યપદે તેમની પ્રતિષ્ઠા થઈ. આચાર્યપદે પ્રતિષ્ઠા થયા પછી પં. ચંદ્રશેખરમાંથી શ્રી નિરંજનદેવતીર્થ થયા. પછી તેઓ મેરઠમાં ભરાયેલ અખિલ ભારત રામરાજ્ય પરિષદમાં ભાગ લેવા ગયા. તે વખતના ગૃહપ્રધાન શ્રી ગુલઝારીલાલ નંદાએ તેમની મુલાકાત લીધેલી. શ્રી નંદાની સદાચાર સમિતિની મુખ્ય પ્રવૃત્તિ ભ્રષ્ટાચાર શી રીતે નાબૂદ થાય એ હતી. શ્રી નિરંજનદેવતીર્થજીએ આ અંગે જણાવેલું કે 'ભૌતિકવાદના ચક્કરમાં ફસાઈને અધ્યાત્મમાર્ગ છોડી દેવાથી ભ્રષ્ટાચાર દૂર કરી શકાતો નથી કે વાસ્તવિક શાન્તિ પણ પ્રાપ્ત કરી શકાતી નથી.' એ વખતે જ પોતાના ભાવિ કાર્યક્રમની રૂપરેખા આપતાં તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે 'હું દેશને ગોહત્યાના કલંકથી દૂર રાખીશ અને ધર્માચરણની રક્ષા માટે મારા પ્રાણ આપવા પણ તૈયાર રહીશ.' જગદ્ગુરુએ તે વખતે કાઢેલા આ ઉદ્ગારો કેટલા સાચા હતા !

આવા દૃઢનિશ્ચયી વીરપુરુષ, ધર્મપુરુષ, અધ્યાત્મપુરુષ દેશને વિરલ જ પ્રાપ્ત થતા હોય છે. ગોરક્ષા માટે તેમણે ૭૩ દિવસ સુધી ઉપવાસ કરી પોતાના પ્રાણ હોડમાં મૂક્યા અને સરકાર તથા પ્રજાને આ દિશામાં જાગૃત કરી કર્તવ્યાભિમુખ બનાવી છે.

એક વાર કવિ પોપ અને કલાવિધાયક સર ગોડફ્રે નેલર બેઠેલા હતા. આ વખતે ગુલામો વેચવાનો ધંધો કરનાર નેલરનો ભત્રીજો તેમની પાસે આવી પહોંચ્યો. તેને જોઈ નેલરે કહ્યું : 'બેટા, અત્યારે તને જગતના બે મહાન પુરુષોનાં દર્શન કરવાનું માન મળ્યું છે.'

ત્યારે એ ગુલામોનો વેપારી બોલ્યો : 'તમે કેવાક મોટા માણસ છો તે હું જાણતો નથી, પરંતુ તમારો દેખાવ મને પસંદ પડતો નથી. મેં ઘણી વાર ફક્ત દશ ગીનીઓ આપીને તમારા કરતાં ઘણા સારા દેખાવના માણસોને ખરીદ્યા છે. તેમના સ્નાયુઓ અને હાડ જુઓ તો તમે દંગ થઈ જાઓ !'

×

લોકમાં દુર્ભાગ્યનો ભોગ બનેલો એવો કોઈ પણ માણસ નહીં હોય, જેનામાં એના એ દુર્ભાગ્યને લાવી મૂકનારી મનોવૃત્તિ ન હોય. કાં તો એનો સ્વભાવ ખરાબ હશે, અથવા એ શેખીખોર–કેવળ બડાઈ હાંકનાર કે ચંચળ ચિત્તનો હશે. અથવા તેનામાં ચારિત્ર્ય, ઉત્સાહ કે સફળતા માટેના બીજા આવશ્યક ગુણોનો અભાવ યા ન્યૂનતા હશે.

# શરીર અને મનનો સંબંધ

સ્વામીશ્રી શિવાનંદજી (હૃષીકેશ)

મન શરીર સાથે ગાઢ સંબંધ ધરાવે છે. મન શરીર ઉપર ક્રિયા કરે છે અને શરીર તેવી જ પ્રતિક્રિયા મન ઉપર કરે છે. શરીર ઉપર મનની અસર છે. શુદ્ધ, સ્વસ્થ મન એટલે તંદુરસ્ત શરીર. મનમાં દુઃખ ભરાયું હોય તો શરીર સુકાવા માંડે છે. વળી શરીર પણ મન ઉપર અસર કરે છે. જો દેહ મજબૂત અને તંદુરસ્ત હોય તો મનને પણ દૃઢ અને સ્વસ્થ રહેવામાં અનુકૂળતા મળે છે. જો મન માંદલું હોય તો શરીર બીમાર થઈ જાય છે. પેટમાં પીડા થતી હોય તે મનમાં દુઃખ ઉત્પન્ન કરે છે.

શરીરને ખૂબ કષ્ટ આપનારા સર્વ રોગોનું મૂળ કારણ છે દુષ્ટ વિચારો. તમે મનમાં જેવી ધારણા કરશો, જેવા વિચારો કરશો, તેની અસર દેહમાં ઉત્પન્ન થશે. અન્ય વ્યક્તિ પ્રત્યે તમારામાં રહેલી ખરાબ ભાવના અથવા કડવાશ તરત જ તમારા શરીર ઉપર અસર કરશે અને શરીરમાં કોઈક પ્રકારનો રોગ ઉત્પન્ન થશે. અતિશય અનુરાગ, ધિક્કાર, લાંબા સમયનો દ્વેષ, ચિંતા, ક્રોધ અને આવેશના હુમલા—આ બધું શરીરના કોષોનો નાશ કરીને હૃદય, યકૃત, મૂત્રપિંડ, બરોળ અને જઠરના રોગ ઉત્પન્ન કરે છે. આવેશ અને ઉશ્કેરાટના તીવ્ર હુમલા મગજના કોષોને ગંભીર રીતે નુકસાન પહોંચાડે છે, લોહીમાં વિષાણુઓ ઉત્પન્ન કરે છે, શરીરના પ્રસન્ન બંધારણમાં આંચકો—ક્ષોભ ઉત્પન્ન કરે છે, જડતા અને નિરાશાવૃત્તિ લાવે છે. જઠર અને પિત્તાશયમાં પાચક રસોને ઝરતાં અટકાવે છે, શક્તિ અને ચેતનાનો હ્રાસ કરે છે, વૃદ્ધાવસ્થા વહેલી લાવે છે અને જીવાદોરી ટૂંકાવી નાખે છે.

જ્યારે જ્યારે મનમાં ક્ષોભ થાય છે ત્યારે ત્યારે આ શરીર પણ ક્ષોભ અનુભવે છે. જ્યાં જ્યાં શરીર જાય છે ત્યાં ત્યાં મન તેની પાછળ પાછળ જાય છે. જ્યારે મન અને શરીર બંને ક્ષોભ પામે છે ત્યારે પ્રાણ અસ્તવ્યસ્ત રીતે વહેવા માંડે છે. પ્રાણ આખા દેહમાં એકસરખી રીતે સ્થિરતાપૂર્વક રહેવાને બદલે અસ્થિર ગતિથી કંપવા લાગે છે. આથી ખોરાક યોગ્ય રીતે પચતો નથી. અનેક દર્દ થાય છે. જો મૂળ કારણ દૂર કરવામાં આવે તો ઉત્પન્ન થયેલા રોગો અદૃશ્ય થઈ જાય છે.

જે વ્યાધિઓ સ્થૂલ શરીરને દુઃખ દે છે તે ગૌણ રોગો કહેવાય છે, પણ વાસના જ્યારે મન ઉપર દબાણ કે અસર કરે છે, ત્યારે તે માનસિક રોગને પ્રકટ કરે છે. આ માનસિક રોગને જ મુખ્ય રોગ કહ્યો છે. જો દુષ્ટ વિચારોનો, રાગદ્વેષનો, આવેશોનો નાશ કરવામાં આવે તો સર્વ વ્યાધિ નિર્મૂળ થઈ જશે મન વિશુદ્ધ થતાં શરીર પણ સ્વસ્થ રહેશે, હંમેશાં ઉમદા, ઉચ્ચ, પ્રેમાળ અને દયાપૂર્ણ વિચાર જ કરો આથી તમારામાં સુસંગતતા, સુસ્વાસ્થ્ય અને સૌંદર્ય આવશે.

આ ભૌતિક દેહ એ જ તમે છો એવી કલ્પના ભૂલભરેલી છે અને તે જ સર્વ દુઃખોનું મૂળ છે. ખરાબ વિચારો દ્વારા તમે તમારી જાતને આ શરીરરૂપ માનો છો. એથી દેહાધ્યાસ (દેહમાં હું-પણાનો ભાવ) વધતો જાય છે. તમે શરીર સાથે બંધાતા જાઓ છો અને તમારામાં જડતા વધતી જાય છે. શરીરમાં આ પ્રકારના અભિમાન પછી મમતા જાગે છે અને તમે તમારા શરીર, તમારી પત્ની, સંતાનો, ઘર વગેરે સાથે તાદાત્મ્યભાવ કેળવવા લાગો છો. આ ભ્રમણા એ જ મોહપાશ કહેવાય છે અને તે જ સર્વ દુઃખો અને રોગોનું મૂળ કારણ છે. આફ્રિકામાં હજારો કોન્ગોવાસીઓ મરી ગયા ત્યારે તમે રડ્યા નહીં, કારણ કે ત્યાં તમને તાદાત્મ્યભાવ અને આસક્તિ નહોતાં, પરંતુ તમારો પુત્ર મરી જાય છે ત્યારે તમે આસક્તિને લીધે ધ્રુસકે ધ્રુસકે રડો છો 'મારું' એ પ્રકારની મમતાની મન ઉપર અદ્‌ભુત અસર રહેતી હોય છે. 'ઘોડો મરી ગયો છે' અને 'મારો ઘોડો મરી ગયો છે' આ બે વાક્યો સાંભળો ત્યારે મન ઉપર તેમની જે જુદી જુદી અસરો થાય છે તેનો વિચાર કરો એટલે તમને મમતાના સ્વરૂપનો કંઈક ખ્યાલ આવશે.

જ્યાં સુધી તમે તમારી જાતને મન સાથે જોડી રાખો છો ત્યાં સુધી દુઃખનો અનુભવ થાય છે. નિદ્રામાં દુઃખ નથી. તમારી પીઠ ઉપર સોજો આવ્યો હોય કે લબકારા મારતું ગૂમડું થયું હોય તેના દુઃખનો અનુભવ રાત્રે તમે ઊંઘી જાઓ છો

ત્યારે થતો નથી. ફક્ત જ્યારે નાડીતંત્ર અને વિચારો મારફત મન રોગગ્રસ્ત અવયવ સાથે જોડાય છે ત્યારે જ તમને દુઃખનો અનુભવ થવો શરૂ થાય છે. જ્યારે ક્લોરોફોર્મ આપવાથી મન અને શરીરનો સંબંધ તૂટી જાય છે ત્યારે દર્દ રહેતું નથી. અત્યંત આનંદના પ્રસંગોમાં જે સ્થાને પીડા થતી હોય ત્યાંથી મન ખસી જવાને લીધે સખત કષ્ટ પણ તદ્દન મંદ પડી જાય છે. જ્યારે તમે જાગતા હો ત્યારે પણ જો મનને દૃઢ ઇચ્છાપૂર્વક રોગગ્રસ્ત ભાગ ઉપરથી ઉઠાવી લઈ ઈશ્વરચિંતનમાં અથવા તમને ગમતા બીજા કોઈ પણ પદાર્થ તરફ કેન્દ્રિત કરશો તોપણ દુઃખનો અનુભવ થતો અટકી જશે અથવા ઓછો થઈ જશે (પીડા બંધ થઈ જશે). જો તમારામાં દૃઢ મનોબળ (સંકલ્પશક્તિ) અને પ્રચંડ તિતિક્ષા (સહનશક્તિ) હશે તોપણ તમને પીડાની અસર થશે નહીં. કોઈ પણ રોગ અથવા મુશ્કેલી વિષેના સતત ચિંતનથી તમે કેવળ તમારા દુઃખ અને પીડામાં જ વધારો કરો છો. દુઃખ મનમાં થાય છે. આત્મા તો આનંદસ્વરૂપ છે.

મોટા ભાગના માણસોનાં મન તેમના શરીરને વશ હોય છે તેમના મનનો વિકાસ નહીવત્ થયેલો હોવાથી તેવાં મન માત્ર અન્નમય કોશ (સ્થૂલ શરીર) પ્રત્યે જ જોડાયેલાં રહેતાં હોય છે. જ્ઞાનશક્તિનો અથવા વિજ્ઞાનમય કોષનો વિકાસ કરીને તેના દ્વારા (બુદ્ધિ દ્વારા) મનોમય કોષને (મનને) જીતો. સૂક્ષ્મ ચિંતન, તર્ક, પદ્ધતિસરનું ધ્યાન, બ્રહ્મચિંતન, ઉપનિષદો અને બ્રહ્મસૂત્રોના અધ્યયન દ્વારા વિજ્ઞાનમય કોષનો (બુદ્ધિનો) વિકાસ થાય છે.

જ્યારે તમે મનને વશ કરી લેશો ત્યારે શરીર ઉપર તમારો સંપૂર્ણ અધિકાર આવી જશે. કારણકે શરીર તો મનની છાયા માત્ર છે. પોતાને વ્યક્ત કરવા માટે મને તૈયાર કરેલું એક બીબું, ઘાટ, આકાર અથવા એક સાધન માત્ર જ આ શરીર છે. મન જીત્યા પછી શરીર તો તમારા એક સ્વાધીન સેવક જેવું બની જશે.

## ચંપા—ભ્રમર

બધાંય પુષ્પોની પાસે જઈ ભ્રમર ગુંજારવ કરે છે, પણ ચંપાના ફૂલને જોતાં પ્રણામ કરી એ પાછો ફરે છે.

**ચંપા તુઝમેં તીન ગુન રૂપ, રંગ ઔર બાસ,**
**ઔગુન તુજમેં એક હય, ભંવર ન આવે પાસ.**

કારણ શું ?

**યોં કારન નહિ આતે હૈં, મધુકર ઉનકી પાસ,**
**ચંપકવરણી રાધિકા (ઔર) ભંવર શ્યામકો દાસ.**

ચંપાના પુષ્પનો અને શ્રી રાધિકાનો અંગવર્ણ એક છે. અહીં ભમરાનો અને શ્રીકૃષ્ણનો અંગવર્ણ શ્યામ છે. પરંતુ આનંદની વાત એ છે કે ભ્રમર શ્રીકૃષ્ણનો ભક્ત છે, જેથી ચંપાનું પુષ્પ જોતાં જ તેમાં તે 'માતા'નાં દર્શન કરે છે અને મસ્તક ઝુકાવી પાછો ફરે છે.

# નારી : નરક ને સ્વર્ગને લાવનારી

શ્રી 'મધુકર'

પહેલાંના વખતમાં જ્યારે આગગાડી નહોતી ત્યારે દૂર દેશાવરથી માલ લાવવા અને લઈ જવા માટે મોટી વણજારો નીકળતી. તેમાં વણજારના માલિક ઉપરાંત તેનું કુટુંબ, નોકરચાકરો, મહેતાઓ, જાનવરોના રક્ષકો અને અસંખ્ય જાનવરો રહેતાં. વણજારવાળાઓ લાખો રૂપિયાની રકમની લેવડ-દેવડ કરતા અને દેશદેશાવર ફરતા. આવી એક વણજાર ફરતી ફરતી એક જંગલમાં આવીને મુકામ નાખી પડી હતી. તે વણજારનો માલિક યુવાન, સાહસિક અને પોતાના ધંધામાં પ્રામાણિક હતો. તેની સ્ત્રી પણ તેને દરેક રીતે યોગ્ય અને પતિપરાયણ હતી. પતિના કાર્યમાં તે સાથ આપતી હતી. સુખમાં સહાય કરતી અને દુઃખમાં દિલાસો આપતી. પતિને ઉદાસ જુએ તો ધીમેથી તેની ચિંતાનું કારણ જાણી લઈ તેને મટાડવા પ્રયત્ન કરતી.

આ જંગલમાં એકવાર તે બંને પતિપત્ની જમ્યા પછી તંબુની બહાર ઝાડ નીચે બેસી વાતો કરતાં હતાં. તેવે વખતે એક કઠિયારો માથે લાકડાંનો ભારો લઈ, તાપમાં પરસેવાથી રેબઝેબ થયેલો ત્યાં આગળ થઈને નીકળ્યો. થોડેક છેટે જઈ એક ઝાડ નીચે ભારો મૂકી તે વિસામો લેવા બેઠો. પૂરતા ખોરાક વિના તેનું શરીર દૂબળું પડી ગયેલું હતું અને ફાટ્યાંતૂટ્યાં કપડાં પહેરેલાં હતાં. એને જોઈ વણજારાએ પોતાની સ્ત્રીને કહ્યું, "પ્રિયે! આ કઠિયારો કેટલો દુઃખી છે! અત્યારે ખરા તાપમાં પણ એને મજૂરી કરવી પડે છે. તેનું નસીબ કેટલું કઠણ છે!"

સ્ત્રીએ વિનયથી ઉત્તર આપ્યો, "સ્વામિનાથ! મારા બોલવાથી અવિનય થતો હોય તો માફ કરશો. આ કઠિયારો કાં તો મૂર્ખ હોવો જોઈએ અથવા તેને મળેલી સ્ત્રી કુવડ હોવી જોઈએ. એ સિવાય આની આવી દશા હોઈ શકે નહીં.'

વણજારાને આથી વધુ જાણવાની ઉત્કંઠા થઈ. તેણે કહ્યું, "તું શા ઉપરથી આ પ્રમાણે કહી શકે છે?"

સ્ત્રીએ કહ્યું કે, "નાથ! જો તેની સ્ત્રી સુઘડ હોય તો તેણીએ ત્રેવડથી પોતાના પતિને આ દુઃખ-માંથી જરૂર મુક્ત કર્યો હોત. જુઓ, આ કઠિયારો જન્મથી કઠિયારો હોય તેવો લાગતો નથી. તેનામાં કઠિયારાના જેવા સ્વભાવનાં લક્ષણો નથી. તે કોઈ ખાનદાન કુટુંબનો દીકરો હોવો જોઈએ."

સ્ત્રીનાં વચન સાંભળી તે યુવાન અને સાહસિક વણજારો બોલી ઊઠ્યો, "આ કઠિયારામાં જ દોષ હોવો જોઈએ. જો તેનામાં કશી પણ આવડત હોય તો આવો ધંધો તે શાનો કરે?"

પત્નીને આ વાત ન રુચવાથી તેણીએ પતિના કોપની પરવા ન કરતાં પોતાને ખરી લાગતી વાત કહી બતાવતાં કહ્યું, "તમારી સમજફેર છે. પત્ની સુઘડ હોય તો પતિની ખામી ઢાંકી શકે છે."

આ સાંભળી વણજારાને રીસ ચઢી. તેણે પત્નીને હુકમ કર્યો કે, "જાઓ, જો એમ જ હોય તો તમે તે પુરવાર કરી બતાવો. જ્યાં સુધી પુરવાર નહીં કરો ત્યાં સુધી તમારા માટે આ વણજારમાં સ્થાન નથી."

બાઈ ધર્મસંકટમાં પડી, પણ હિંમત રાખી પ્રભુને સંભારી પતિનો હુકમ ઝીલી લીધો. તેણે બાર મહિને પતિને ફરી અહીં આવવા વિનંતિ કરી. તેણે કહ્યું કે, "મારા ઉપર શંકા ન રાખશો. હું મારા ધર્મથી ચૂકીશ નહીં. આપની કૃપાથી હું ફરીથી આપને મેળવવા ભાગ્યશાળી થઈશ."

એમ કહી પતિને વંદન કરી ત્યાંથી ઊઠીને તે ચાલવા માંડી. તેણીએ કઠિયારાની પાછળ જઈ બૂમ મારી. કઠિયારો પોતાનો ભારો લઈ થોડેક છેટે સુધી ગયો હતો. તે બૂમ સાંભળી ઊભો રહ્યો. પોતાની પાછળ કોઈ સ્ત્રીને આવતી જોઈ પહેલાં તો તે ગભરાયો, પણ પછી બૂમ પાડવાનું કારણ પૂછ્યું. બાઈએ ખુલાસો કર્યો કે "તમે મારા ધર્મના ભાઈ છો." પછી તેણે પોતાના પતિ સાથે બનેલી બધી હકીકત જેવી ને તેવી કહી સંભળાવી અને પોતાને તેના ઝૂંપડે લઈ જવા કહ્યું.

કઠિયારાએ કહ્યું, "બહેન! તમે મારે ત્યાં આવો તેમાં મને હું ધન્યભાગ્ય માનું છું. પરંતુ તમારી ભાભી કર્કશા અને વઢકણી છે. હું મૂળ એક શેઠનો છોકરો છું અને નાનપણમાં સારી સ્થિતિ ભોગવી છે. આ બાઈ પરણીને આવ્યા પછી થોડોક

## બે ઘોડે કેમ ચઢાય?

**એક શિષ્યે સદ્‌ગુરુને પ્રશ્ન કર્યો કે સંસારમાં સર્વેશ્વરને મળવું છે. માર્ગ બતાવો.**

**પ્રશ્ન :**

રહન ચાહું સંસારમેં, મિલન ચાહું કિરતાર;
ગુરુજી યહ કૈસે બને, દો ઘોડા એક સવાર?

**જવાબ :**

ભલા રહે સંસારમેં, પ્રભુસે રાખ તું ટેક;
વૈસે હી બન જાયેગી, દો ઘોડા રથ એક.

સમય વીત્યા બાદ મારાં માતાપિતા પરલોકવાસી બન્યાં અને ઘરનો બધો ભાર મારે માથે આવ્યો. મેં નસીબ ઉપર આધાર રાખી કામ કરવા માંડ્યું. પણ આ કજિયાખોર બાઈ સાથે પાનું પડ્યું હતું તેથી ઘરમાંથી લક્ષ્મી બાઈ ધીમે ધીમે વિદાય થઈ ગયાં. મારે ખાવાપીવાની પણ મુસ્કેલી આવી પડી. દરદાગીના વેચીને પણ થોડોક સમય કાઢ્યો. પણ એમ ક્યાં સુધી નભે? ગામમાં મારી શાખ હલકી પડી ગઈ અને મારે ગામ મૂકવું પડ્યું. આ જંગલમાં થોડેક છેટે મારી ઝૂંપડી છે તેમાં તમારી ભાભી અને બે બાળકો સાથે હું રહું છું. સવારે જંગલમાંથી લાકડાં કાપી આવી પાસેના ગામમાં વેચી તેમાંથી બે રોટલા લાવું છું અને તેમાં અમારું જીવન નભે છે. આમાં તમારા જેવા સુખી જીવને મારા જેવા કમભાગી માટે શા માટે દુઃખમાં નાખવા? માટે દયા કરી આપ પાછા જાઓ."

બાઈ બોલી, "તમે મારે માટે કશી ચિન્તા કરશો નહીં. હું પાછી જઈશ તોપણ મારા પતિ મને રાખશે નહીં. તેમનો સ્વભાવ કેટલો મક્કમ છે તે હું જાણું છું. તેમ જ તમારે ત્યાં આવવાથી હું તમને બોજારૂપ નહીં થાઉં. અને મારાં ભાભી ગમે તેવાં હશે તોપણ તેમની સાથે હળીમળીને ચાલીશ. માટે ચિન્તા ન કરતાં મને તમારી સાથે લઈ જાઓ."

ન છૂટકે કઠિયારાએ બાઈને સાથે લીધી અને તેને ગામના સીમાડે બેસાડી પોતે ગામમાં જઈ ભારો વેચીને જે કાંઈ મળ્યું તે લઈ પાછો આવ્યો અને બાઈની સાથે પોતાને ઝૂંપડે ગયો. કઠિયારાની સ્ત્રી વખત થવા છતાં પતિ ન આવવાથી ચડભડાટ કરતી છોકરાંને ગાળો દઈ રહી હતી તેને છેટેથી કઠિયારાએ બતાવી. બંને ઝૂંપડા આગળ આવ્યાં એટલે કઠિયારાની સ્ત્રીએ પોતાને ત્યાં બીજી સ્ત્રીને આવેલી જોઈ પહેલાં તો ગાળોરૂપી ફૂલથી તેનું સ્વાગત કર્યું. પછી પતિ સાથે લડીને પોતાનો રોષ હલકો કર્યો.

પેલી બાઈએ ધીરેથી કઠિયારણને સમજાવી તેને શાન્ત પાડી કહ્યું, "હું તો તમારે ઘેર કામ કરવા આવી છું અને તમને ભારે નહીં પડું." છતાં પહેલાં તો કઠિયારાની સ્ત્રી શાન્ત થઈ નહીં, પણ છેવટે થાકી એટલે શાન્ત પડી.

આ બાઈને આપણે નિર્મળા કહીશું. જોકે તેનામાં નિર્મળતા તો નથી જ. તેમજ વણજારાની પત્નીને લક્ષ્મી કહીશું. કારણ કે તે કઠિયારાની પાસે લક્ષ્મીરૂપે જ આવી છે.

લક્ષ્મીબાઈ પહેલાં તો ઘરમાં ગઈ અને ઝાડુ લઈ ઝૂંપડામાંથી ખૂણેખાંચેથી વાળીને લગભગ બે ટોપલી કચરો બહાર કાઢ્યો. ઘરમાંથી કચરો ઓછો થવાથી ઝૂંપડાની સિકલ પણ બદલાઈ ગઈ. પછી તેણીએ કઠિયારાને જમી લેવા કહ્યું. કઠિયારાએ તેને પણ ખાવાનું કહ્યું. લક્ષ્મીએ પોતે જમીને આવેલી હોવાનું કહ્યું અને ખાવા ના પાડી. પેલાં બધાં જમી રહ્યાં એટલે બાઈએ કઠિયારાને સાંજના બીજો ભારો વેચી બાજરી લાવવા કહ્યું. કઠિયારો થોડો વિશ્રામ લઈ પાછો જંગલમાં ચાલ્યો ગયો. અહીં લક્ષ્મીબાઈ ઘરમાં પડેલાં અવાવર જેવાં બેડાંને લઈ બંને છોકરાંને સાથે લઈ કૂવા ઉપર ગઈ. ત્યાં તેણે બેડું ઊટકીને ચકચકાટ બનાવ્યું. પછી બાળકોને ચોળી નવડાવ્યાં. બાળકોને પણ કોઈ દિવસ આટલા સ્નેહથી કોઈએ નવડાવ્યાં ન હતાં તે આ ફોઈના સહવાસથી થોડા જ વખતમાં તેની સાથે હળી ગયાં. બાઈએ પોતે પણ નાહી લીધું અને છોકરાંના કપડાંને ધોઈ–સૂકવી તેમને પહેરાવ્યાં એટલે તેમના દીદાર પણ ફર્યા.

લક્ષ્મીબાઈએ ઘેર આવી પાણિયારે બેડું મૂકી ભાભીને બોલાવ્યાં. ભાભીને પણ પહેલાં તો આકરી લાગેલી આ બાઈ ઘરમાં કામ કરતી જોઈ શરમ આવી, પણ કંઈ ન બોલતાં છાનીમાની પડી રહી. લક્ષ્મીબાઈએ નિર્મળાભાભીને સમજાવી કૂવે

લઈ જઈ તેમને પણ નવડાવ્યાં અને ખરાં નિર્મળા બનાવ્યાં. તેમને પણ શરીર ઉપરનો મેલ ઓછો થવાથી સારું તો લાગ્યું, પછી ઘેર આવી ભાભીનું માથું ઓળી નણંદે બાંધ્યું. તેટલામાં કઠિયારો ભારો વેચીને તેના બદલામાં મળેલી બાજરી લઈ ઘેર આવ્યો.

કઠિયારાના ઘરમાં નવી બાઈને જોઈ પાડોશીઓ પહેલાં તો વહેમાયાં. પછી કઠિયારે ખુલાસો કર્યો કે "તે મારાં બેન છે અને દૂર દેશાવરથી આવ્યાં છે મારા દુ:ખમાં ભાગ લેવા થોડો વખત અહીં રહેવાનાં છે." લોકોને આથી વિશ્વાસ આવ્યો. લક્ષ્મીબાઈ ખરેખર લક્ષ્મીના ગુણવાળી જ હતી. પડોશીઓ ઉપર પણ પોતાની પહેલી જ મુલાકાતમાં સારી છાપ પાડી. અને ઓળખીતા દયાળુ પાડોશીની ઝૂંપડીમાં જઈ બાજરી દળીને લોટ બનાવી લાવી. તેમાંથી થોડાક રોટલા બનાવ્યા અને પાડોશમાંથી થોડીક ચટણી મેળવીને ચલાવ્યું.

કઠિયારાને આજ સુધી સાંજનું વાળુ મળતું જ નહીં અને છોકરાંને પણ અર્ધાં ભૂખ્યાં પડી રહેવું પડતું, તે આજે ધરાઈને જમ્યાં. સવારમાં બધાંને ઉઠાડી ગરમ પાણી કરી નવડાવ્યાં અને રાત્રે ઢાંકી મૂકેલા રોટલા ખવડાવ્યા. પછી બાપને કામ પર મોકલ્યો. સાથે છોકરાંને પણ ફોસલાવીને મોકલ્યો. બાપ–દીકરો વગડામાંથી લાકડાં લાવી ગામમાં જઈ વેચી આવ્યા. છોકરાની ભારીના બદલામાં અથાણું અને પોતાના ભાગનું અનાજ લાવ્યા. બપોરે પેટ ભરીને બધાં જમ્યાં સાંજે કઠિયારો એકલો ભારો નાખવા ગયો ત્યારે તેને બાજરીને બદલે દાળ–ચોખા લાવવાનું કહ્યું. તે પ્રમાણે સાંજે દાળ–ચોખા આવ્યા એટલે બાઈએ તેને સાફસૂફ કરી દાળ, ભાત અને રોટલા સાથે અથાણું બધાંને ખાવા આપ્યું. પેલાં નિર્મળાભાભી જે હવે ખરાં નિર્મળા બનવા માંડયાં હતાં તેમણે આજ સુધી તો આવું ખાવાનું બનાવવાની પોતાના રાજ્યમાં તસ્દી જ લીધી ન હતી. તેમને પણ સોબતની અસર લાગી, અને બંનેએ મળી ઘરમાંથી દરિદ્રતાને કાઢવા માંડી. પાંચસાત દિવસ સુધી અનાજ આવ્યું એટલે ઘરમાં મહિનો ચાલે એટલા અનાજની જોગવાઈ થઈ.

પછી બાઈએ કઠિયારાને ભારાના બદલામાં અનાજ નહીં પણ પૈસા લેવાનું કહ્યું. તે પ્રમાણે કઠિયારો પૈસા લાવ્યો. ઘેર બાઈએ બપોરના છોકરાંને રમતાં રમતાં થોડુંક ભણાવવાનું પણ શરૂ કરી દીધું. છોકરાં તો ફોઈને દેખીને હર્ષથી ગાંડાં બની ગયાં હતાં. તે ફોઈનો કોઈ પણ હુકમ થાય કે તેને તરત જ કરવા માંડતાં. આમ પંદર દિવસમાં તો ઘર આગળ સુંદર અને સ્વચ્છ આંગણું બની ગયું અને લીંપીગૂંપીને સાફસૂફ કરેલું ઝૂંપડું પણ નાના ઘર જેવું દેખાવા લાગ્યું. માણસોના દીદાર પણ ફરી ગયા.

હવે બાઈએ પૈસામાંથી થોડુંક સૂતર, દોરા અને કાપડ મંગાવી તેમાંથી રૂમાલ, ટોપી વગેરે બનાવવા માંડયાં અને કઠિયારાને ભારો વેચાવવાનું બંધ કરી એક દુકાનદાર શેઠ સાથે બંદોબસ્ત કરી સૂતર વગેરે લાવવા અને તેના બદલે તૈયાર કરેલ માલ આપી પસા મેળવવાની જોગવાઈ કરી. થોડાક દિવસ થયા એટલે કઠિયારાની પણ પૂર્વબુદ્ધિ પાછી સતેજ થઈ. તેણે તે વેપારીને છોડી બીજા વેપારીનો માલ લેવાની ગોઠવણ કરી. આમ ત્રણચાર મહિનામાં તો સો–બસો રૂપિયાની મૂડી ભેગી થઈ. તેમાંથી એક સસ્તા ભાડાનું મકાન લઈ ત્યાં રહેવા ગયાં. પાછળના ભાગમાં રહેવાની અને આગળના ભાગમાં દુકાનની ગોઠવણ કરી. બાઈ હવે સૂતરને બદલે રેશમનું કામ કરવા લાગી. અને નિર્મળાભાભીએ પણ કામ શીખવાથી એકને બદલે બે જણ થવાથી કામ વધારે થવા માંડ્યું. જે વેપારી પહેલાં તેમની પાસેથી માલ લેતો હતો તેને આ માલ બહુ પસંદ પડતો હોવાથી અને તેની સારી માગ થવાથી મનમાન્યા પૈસા આપી તેમની પાસેથી તે માલ લઈ

## કરોડપતિ

**જગતમાં બે પાત છે : એક કરોડપતિ અને બીજો રોડપતિ ! કરોડપતિને સાત મજલાના, આરસપહાણથી ઓપતા મહાલયના સાતમે માળે સોનાચાંદીના પલંગમાં પણ ઊંઘ આવતી નથી. એને ઊંઘવા માટે ઇંજેક્શન લેવું પડે છે; ત્યારે રોડપતિ પોતાના જીવનની સંપત્તિની પોટલી માથા નીચે મૂકીને ફૂટપાથ પર બે મિનિટમાં ઘસઘસાટ ઊંઘે છે. કોણ સુખી !**

જવા માંડયો. આમ થોડા પૈસા થયા એટલે કઠિયારો જે મૂળ વાણિયો હતો તેણે વેપાર ખીલવવા માંડયો. લક્ષ્મીબાઈ જે સાક્ષાત્ લક્ષ્મી સમાન જ હતી તેની સૂચના અનુસાર તેણે કામ કરવા માંડ્યું. બાર મહિના થતામાં વાણિયાનો દિવસ ફરી ગયો અને એક નાનું ઘર પોતાની મૂડીથી ઊભું કરી શક્યો.

લગભગ વર્ષ પછી પેલો વણજારો દેશાવરમાં ફરીને પોતાની પોઠ સાથે પાછો વળતો હતો. તે જ્યારે અહીંના જંગલમાં આવ્યો ત્યારે તેને ત્યાં બનેલા બનાવની યાદ આવી, અને તેથી તે પોતે તપાસ કરવા નીકળ્યો. ઝૂંપડાની જગાએ તપાસ કરતાં તેને માલૂમ પડ્યું કે કોઈ પુણ્યશાળી બાઈનાં પગલાંથી કઠિયારાનું નસીબ ફરી ગયું છે અને તેઓ શહેરમાં રહેવા ગયાં છે. તે શહેરમાં ગયો. ત્યાં લક્ષ્મીબાઈ બારીમાં બેસી રસ્તામાં જોઈ રહી હતી. તેણે તેમને દેખ્યા એટલે નીચેથી પોતાના ભાઈને (કઠિયારાને) ઉપર બોલાવી તેને કહ્યું કે "જાઓ, તમારા બનેવી આવે છે. તમારે તેમનો પૂરેપૂરો આદરસત્કાર કરવાનો છે, અને કંઈ કસર રાખવાની નથી."

બાઈની સૂચના પ્રમાણે (કઠિયારો) દુકાનમાં બેઠો. પેલા વણજારાએ તેને ઓળખ્યો નહીં. પણ શેઠ (કઠિયારો) તેને ઓળખી ગયા હતા. તેમણે તેને બેસાડી પાણી વગેરે પાઈ કુશળ પૂછ્યાં. પછી વણજારાએ તેમને કઠિયારાનું ઠેકાણું પૂછતાં શેઠે (પહેલાંના કઠિયારાએ) જમ્યા પછી તે બતાવવાનું કહ્યું. સમય થયો એટલે છોકરાએ પિતાને જમવા બોલાવ્યા. બંને જમવા ગયા મનમાની રીતે જમવાનું પીરસાયું. વણજારાને જમતાં જમતાં પોતાની પત્નીની રસોઈ યાદ આવી અને તેના સ્મરણથી જમવાનું કંઈ બરાબર ભાવ્યું નહીં. બાઈ સમજી ગઈ પણ છેવટ સુધી કંઈ બોલી નહીં. જમ્યા પછી પાન ખાતાં કઠિયારાએ ધીરેથી બધી વાત કરી અને પોતાની ધર્મની બહેનના પ્રતાપે આ બધું થયું તેનો ખુલાસો કર્યો.

વણજારો આ બધું સાંભળી હેબતાઈ ગયો અને પોતાની ભૂલ માટે પશ્ચાત્તાપ કરવા લાગ્યો. બાઈએ આવી પતિને પગે લાગી પોતાની ભૂલ માટે માફી માગી અને વણજારો બધાની રજા લઈ પત્ની સાથે વિદાય થયો.

એક સુઘડ અને કેળવાયેલા સ્ત્રી શું કરી શકે છે તે આપણે લક્ષ્મીબાઈ પાસેથી જોઈ શકીએ છીએ.

## રજકણ

**સંકલન : "શિવશક્તિ"**

- ધર્મનું સીધુંસાદું રહસ્ય એટલે પારકાનું ભલું કરવાથી પુણ્ય અને પારકાને દુઃખ દેવાથી પાપ.
- સંપ, સહકાર અને સંગઠનથી વિકટમાં વિકટ કાર્ય પણ સરળતાથી સિદ્ધ થાય છે.
- મૂર્ખને ઉપદેશ આપવાથી લાભને બદલે હંમેશાં હાનિ જ થાય છે.
- કોઈ પણ કારણ વગર જ્યાં અતિ આદર મળતો હોય, વધુપડતો સત્કાર થતો હોય ત્યાં બુદ્ધિશાળી મનુષ્ય વિચાર કરતો હોય છે. તેનો આવો વિચાર અને શંકા આગળ ઉપર સુખદાયક નીવડે છે.
- પરસ્પર આપવું-લેવું, ગુપ્ત વાત કહેવી, સલાહ લેવી, ખાવું અને ખવડાવવું—આ પ્રીતિનાં લક્ષણો છે.
- જે કામ કરવાથી જશને બદલે અપજશ મળે, તે કાર્ય શાણા પુરુષો કદાપિ કરતા નથી.
- વાદળાંની છાયા, દુર્જનની પ્રીતિ, રાંધેલું અન્ન, સ્ત્રીઓની જુવાની, અને લક્ષ્મી—એ થોડો સમય જ ઉપયોગમાં આવે છે અને લાંબો સમય ટકતાં નથી. માટે જ વિવેકી અને શાણા પુરુષો આની બહુ ઇચ્છા કરતાં નથી.
- ભાગ્યથી રૂઠેલા મનુષ્યનું દરેક કાર્ય અવળું થાય છે. આવો મનુષ્ય જ્યાં જાય ત્યાં અપમાનિત થઈ પાછો ફરે છે.
- સ્વાર્થ આંધળો છે અને ન કરવાનાં કાર્ય કરે છે. તેથી સ્વાર્થીને કદાપિ સુખ મળતું નથી.
- નવા નોકરના વિનયથી, અતિથિઓના વચનથી, સ્ત્રીઓના રુદનથી અને ધુતારાઓના વાચાળપણાથી સામાન્ય મનુષ્ય જલદી છેતરાઈ જાય છે.
- નદીઓની, અગ્નિની, મહાત્માઓની અને દુષ્ટ ચારિત્ર્યવાળી સ્ત્રીની કોઈ દિવસ પરીક્ષા કરવી નહીં.

વૈદિક ધર્મના જ્યોતિર્ધર

# મહર્ષિ દયાનંદ સરસ્વતી

શ્રી કાલિદાસ મહારાજ

નીલા આસમાન હેઠળ ફફડાટ મારતા ભગવા ઝંડા નીચેથી ભારતવર્ષે એક ડણક સાંભળી ને એના એ ધ્વનિની સાથોસાથ એના કદમ પણ ભારતને ચૌદ ચૌદ વાર ઘૂમી વળ્યા.

નરશાર્દૂલ શિવાજીએ લહેરાવેલ એ ભગવા ઝંડાને વરસો પછી આર્ય પ્રજાએ લહેરાતો ને એવો જ પ્રચંડ ઘોષ પ્રતિધ્વનિત થતો સાંભળ્યો.

એ હતો સૌરાષ્ટ્રનો સંન્યાસી ઋષિવર દયાનંદ. ટંકારાના પાદર ડેમીના કાંઠે ઘેરી વૃક્ષરાજી વણુંભ્યા શિવાલયમાંથી નવું અને વિશ્વોપયોગી મેળવવાની આકાંક્ષા હૃદયમાં સંઘરી નાસી છૂટેલ ને મૂળશંકરમાંથી દયાનંદ બનેલ એ નરકેસરીના ગંભીર ઘોષથી ભારતના પરદેશી શાસકો, મુલ્લાંઓ, અધર્મને ધર્મ કહેનારા પાખંડીઓ ધ્રૂજી ઊઠયા.

એક ગામથી બીજે ગામ, એક નગરથી બીજે નગર પેદલ ઘૂમી ઘૂમી એ આર્યોને સનાતન સત્ય સમજાવે છે. સત્ય સમજાવતાં પથ્થર, ઈંટો ને ખાસડાંનો માર સહે છે. ને દશ દશ વાર ઝેર આપવામાં આવે છે તોય કહે છે: મારો દેશ તે સંસારભરનો શિક્ષક છે. સંસારમાં બધાથી તે શ્રેષ્ઠ, આદરપૂર્ણ ને ઐશ્વર્યપૂર્ણ રહ્યો છે. સંસારભરને જેણે સત્ય અને સદાચારની શિક્ષા આપી છે, તે દેશને તેનું પુનઃ સ્થાન પ્રાપ્ત કરવાના પ્રયાસમાં આ બધી આફતો ભલે આવતી.

દેશની ધરતી પર વેદગંગાનાં સુકાયેલાં વારિ પુનઃ વહેવડાવવાના કાર્યને તેમણે જીવનકાર્ય ગણ્યું.

વેદોને ભણવાનો અધિકાર કેવળ પુરુષોનો અને તેય દ્વિજવર્ણોનો જ ગણાતો હતો. એની સામે મહર્ષિએ હાલ કરી: "એમ ન હોય, જ્ઞાનનો ઇજારો ન હોય. જ્ઞાનમાં ગુપ્તતા ન હોય જ્ઞાનપ્રાપ્તિમાં ભેદ ન હોય સ્ત્રી પુરુષ ઊંચ-નીચ ગણાતાં સૌને સરખો અધિકાર છે."

વેદ સંસ્કૃતમાં હોવાથી થોડા જ માણસો તે વાંચી શકે, આથી એમણે વેદોનું ભાષાંતર હિંદી ભાષામાં કર્યું. એના પર લોકભાષામાં ભાષણો આપ્યાં અને ન પહોંચી શકાય એવડી ઊંચાઈએ ગૂઢતાનું આવરણ ઓઢીને બેઠેલા વેદગ્રંથોને એમણે પ્રજાના હૃદય સમીપ લાવી ઉઘાડા મૂકી દીધા. જગતના એ પ્રાચીનમાં પ્રાચીન જ્ઞાનઘંટાનો ઘોષ ભારતની ધરતી પર ફરી એક વાર ગાજવા માંડ્યો. વેદકાળ જાણે બેઠો થયો છે.

સંસ્કૃતના એ પ્રકાંડ વિદ્વાને નવી કેળવણીના દોષ તો પ્રથમ દૃષ્ટિએ જ જોઈ લીધા અને પ્રાચીન ગુરુકુળવાસની પ્રણાલી શરૂ કરી દીધી. આજે આર્ય સમાજ તરફથી હજારો શાળાઓ, સંખ્યાબંધ દવાખાનાં અને વિધવા આશ્રમો ચાલી રહ્યાં છે.

સ્વરાજ શબ્દનો સૌ પહેલો બોલ એમણે જ દેશને ચરણે ધર્યો.

વિદ્વાનો સાથેનો એમનો શાસ્ત્રાર્થ સાંભળવા પચાસ પચાસ હજારની જનમેદની મળતી ને એમની સિંહસમી વાણી સાંભળી મુગ્ધ બનતી. ધર્મના પુરાણોભાખ્યા સત્ય અર્થો સાંભળી જનસમુદાય એમના પ્રત્યે ઝૂકી પડતો.

સત્ય અને નીડરતા તો એમના શ્વાસોશ્વાસમાં વણાઈ ગયાં હતાં. ઇસ્લામ, ઇસાઈ, ચાહે તે ધર્મનો ચાહે તે હોય, પોતાને જે ધર્મસંગત લાગે તે એને ઉઘાડે છોગ કહ્યા વિના અટકે નહિ.

આર્યસમાજીઓ એમને વીનવતા:

'પ્રભુ! સત્ય નગ્ન રૂપે કહેવું છોડી દો.'

'છોડી દઉં!' આંખમાંથી અંગારા ખેરવતાં સ્વામીજી જવાબ વાળે છે, 'છોડી દઉં તો હું સંન્યાસી શા માટે થયો છું? કોક મઠ–મંદિરનો મહંત ના બનત?'

'સંન્યસ્તધર્મનું પહેલું સોપાન પ્રભુભક્તિ...'

'હુંય કરું છું.'

'આપ.................'

કહેનારની પ્રશ્નાર્થભરી વાણી અધવચ્ચે જ કાપીને એ બોલતા:

'હા, હુંય પ્રભુભક્તિ કરું છું ને એની પાસે માગું છું કે અસત્ય અને અધર્મ સામે એ મારો આત્મા સદાય સળગતો જ રાખે.'

'આપનો જાન જોખમમાં છે.'

'આ વા પવિત્ર દેશની પ્રજાના કલ્યાણ સારુ આ દેહ ખપાવવા હું વતન, પિતામાતા ને બહેન તજી નીકળ્યો છું, સાચા અર્થમાં સંન્યસ્તધર્મનું પાલન કરવા નીકળ્યો છું. સંન્યાસીનો શ્વાસેશ્વાસ પરાયા હિત માટે હોય છે. પછી દેહ તો પરાયા કાજે છે જ. હવે આ દેહ રહે કે પડે તેની મને ચિંતા નથી.'

રાજાઓ મહારાજાઓને મોં પર સામે બેસીને જ સ્પષ્ટ સત્ય વાતો કહેતાં અચકાય નહિ. અંગ્રેજ અમલદારો ને વટાળપ્રવૃત્તિ ચલાવતા ઈસાઈ પાદરીઓની વિશાળ જનમેદની સમક્ષ ઝાટકણી કાઢે.

આટલું છતાં એ પાંચ હાથ પૂરો કદાવર સોરઠી દેહ બ્રાહ્મમુહૂર્તમાં નિર્ભયતાથી પાંચ ગાઉનો પંથ એકાકી કાપી નાખે ને પાછો મુકામે આવે.

ઈશ્વર પર તો અનન્ય શ્રદ્ધા.

નર્મદાતટનાં જંગલોમાં પરિભ્રમણ ચાલે. એ જંગલમાં પ્રવેશતાં ત્યાંના જંગલવાસીઓએ કહ્યું :

'સ્વામીજી! જંગલમાં હિંસક પશુઓ છે. કંઈક હથિયાર લઈ લો.'

'ઈશ્વર બધાની રક્ષા કરનારો બેઠો છે. ત્યાં મને ચિંતા શી ?

'એ આપની વાત સાચી છે. પણ કંઈક હાથમાં રાખ્યું હોય તો હિંસક જાનવરો સામે કામ લાગે.'

સ્વામીજીએ એક મોટી ડાંગ હાથમાં લીધી ને જંગલમાં આગળ ચાલ્યા. પગદંડીવિહીન ઝાડીમાં કાંટાકાંકરાઓથી બચતા આગળ ચાલ્યા જાય છે ત્યાં સામે એક રીંછ આવી ઊભું રહ્યું.

જોઈ ને મહર્ષિ સ્થિર ઊભા રહ્યા.

રીંછ પાછલા બે પગે ઊભું થયું; બ્રહ્મચારી દયાનંદ જરાય ન ગભરાયા. ધીરેથી પોતાના હાથની લાકડી ઊંચી કરી રીંછના માથા પર મારી. બીજી જ પળે રીંછ જંગલની ઝાડીમાં ચાલ્યું ગયું.

સ્વામી આગળ ચાલ્યા, પણ બે જ કદમ દૂર ગયા ને થંભી રહ્યા એમને થયું: હું ઈશ્વરમાં અનન્ય શ્રદ્ધા રાખું છું. હું જીવમાત્રના તેને રક્ષક ગણું છું. ને મેં તો તેનો વિશ્વાસ તજી હાથમાં લાકડી રાખી છે. આ તો ઈશ્વર પરની અશ્રદ્ધા થઈ

બીજી જ પળે લાકડી ત્યાં જ ફગાવી દઈ જંગલમાં આગળ ચાલ્યા

એમના અંતરમાં એક મહદ્ આકાંક્ષા હતી કે ભારતની રાજવીસંસ્થાને સુધારી લોકકલ્યાણમાં લગાડવી આ પછી રાજવીઓ એમની સુધારણાનું કેન્દ્ર બન્યા, પણ એણે જ સ્વામીજીનો ભોગ લીધો.

લૉર્ડ કર્ઝને રાજવીઓનો દિલ્હીમાં ખાસ દરબાર એક વાર ભર્યો ત્યારે આ અભિલાષાથી પ્રેરાઈ સ્વામીજી દિલ્હી ગયા. તે તમામ રાજવીઓને મળી રિયાસતોનું પરિભ્રમણ શરૂ કર્યું.

જોધપુર આવ્યા.

અહીં એમને બહુ નહિ બોલવા ખાસ ચેતવણી આર્યસમાજીઓએ આપી હતી. પણ ચૂપ રહે તો એ દયાનંદ શાના ?

જોધપુરમાં રોજ સાંજે ચારથી છ વાગ્યા સુધી તેઓ પાંચ હજારની જનમેદની સમક્ષ વૈદિક ધર્મ પર બોલતા.

પોતાને જે સત્ય દેખાય તે બોલવામાં સ્વામીજી જરાય ખચકાતા નહિ.

એક દિવસ આ સભામાં તેઓ ઈસાઈ ધર્મ વિરુદ્ધ બોલી રહ્યા હતા. ત્યાં રિયાસતના પ્રધાન કક્ષાના એક અમલદાર ફૈજુલ્લાખાંના ભત્રીજા મોહમ્મદ હુસેને હાથમાં ઉઘાડી તલવાર પકડી સ્વામીજીને કહ્યું :

'સ્વામીજી ! અમારા મઝહબ માટે એક શબ્દ ઉચ્ચારશો નહિ.'

તેજપૂર્ણ નયનો એના પર ઠેરવી સ્વામીજી બોલ્યા :

'એટલે તલવારનો ભય બતાવી મને ડરાવવો છે ? રહે; ઈસાઈ ધર્મ પર બોલી લીધા પછી ઈસ્લામ મઝહબની ખામી બતાવું.'

કહી થોડી જ વારમાં એમણે ઇસ્લામ ધર્મની ખામીઓની કડી આલોચના નિર્ભયતાથી સિંહ સમાન ગર્જીને કરી ને આ વક્તવ્ય ખોટું હોય તો જવાબ વાળવા એલાન કર્યું.

કોની મજાલ હતી કે એ સત્ય વસ્તુ સામે બોલી શકે ?

મહમ્મદ હુસેનને ત્યાંથી ભાગવું આકરું થઈ પડ્યું.

પરંતુ નિર્ભય સ્વામી એ પછી પણ ગર્જતા રહ્યા.

વ્યાખ્યાન સાંભળી મિ. વીન નામના એક યુરોપિયને સ્વામીના ચરણે ટોપી મૂકી પગ પકડી કહ્યું : 'મને આપનો શિષ્ય બનાવો.'

સ્વામીજીએ કહ્યું : 'શિષ્ય બનાવવાનું કામ મઠાધીશોનું છે. મારું કામ તો સદુપદેશ દેવાનું છે. રોજ અહીં આવો ને સત્ય ગ્રહણ કરો'

અહીં જોધપુરમાં સ્વામીજી પ્રાતઃકાળમાં રાતનાડા નામના પહાડ પર જતા અને યોગાભ્યાસની ક્રિયાઓ કરતા. આ પહાડ પર મોટે ભાગે હિંસક જાનવરો રહેતાં. એટલે સ્વામીજીની કોઈ જાનવર હિંસા ન કરી બેસે એટલા માટે કેટલાક સૈનિકો મોકલવા પ્રબંધ થયો હતો.

સ્વામીજીને આ વાતની જાણ થઈ કે પહાડ પર જતાં હિંસક જાનવરોથી મારી રક્ષા કરવા સૈનિકો આવે છે એટલે એમણે પોતાની સાથે આવતા સવારોને રોકી કહ્યું : 'પરમાત્મા પ્રાણીમાત્રની રક્ષા કરે છે. એ મારી પણ કરશે. મને એનો ભરોસો છે. બીજાના બળનો સહારો હું નથી ચાહતો.'

એ પછીથી એમની રક્ષાનો પ્રબંધ દૂર થયો.

જોધપુરનરેશ જશવંતસિંહની રીતભાત તેમને પસંદ નથી. અંતર સળગી ઊઠ્યું. એક દિવસ રાજાની પાસે નન્નીજાન નામની વારાંગના બેઠેલી જોઈ. એ નાસી તો ગઈ પણ સ્વામીજી જોઈ ગયા. અને ત્યાં જ જોધપુરનરેશની ઝાટકણી કાઢી.

તે જ દિવસે સાંજે ભરી સભામાં બોલ્યા : 'આપણા દેશના મોટા પુરુષોનું તો સત્યાનાશ ક્યારનુંય વળી ગયું હોત, પરંતુ તેઓના પાપના માંચડા તો તેમના ઘરમાં રહેલી પેલી જોગમાયા જેવી પત્નીઓના પતિવ્રતને લીધે જ હજુ ટકી રહ્યા છે. કુલવંતી એ આર્ય સતીઓએ જ પોતાના ધર્મ વડે પાપી ભરથારોની રક્ષા કરી છે.'

આવું ન બોલવા સ્વામીજીને ઘણી ઘણી વિનંતીઓ થઈ હતી. છતાં તેઓ જોધપુરમાં જ રોષપૂર્વક બોલ્યા.

ને એમના સંહારની વેતરણ શરૂ થઈ ગઈ.

સંવત ૧૯૪૦ના આસો વદિ ૧૪ સાચા અર્થમાં કાળીચૌદશ બની. એ રાત્રે નિત્ય નિયમ પ્રમાણે મહર્ષિએ પોતાના રસોઇયા જગન્નાથ પાસે દૂધ માંગ્યું. એ જ દૂધમાં કાતિલ વિષ ભેળવાયેલું હતું.

જગન્નાથે ધ્રૂજતા હાથે દૂધ આપ્યું. સ્વામીજી પી ગયા ને ॐ ॐ ॐ નો જયઘોષ કરતા પથારીમાં લેટ્યા કે પેટમાં શૂળ ઊપડ્યું.

એક પળ ને બીજી પળે તેમણે ઊલટી કરી, પણ વિષ કાતિલ હતું.

એ સમજી ગયા કે મને દૂધમાં ઝેર આપવામાં આવ્યું છે.

સાદ દીધો : બેટા જગન્નાથ !

ધ્રૂજતો જગન્નાથ સામે આવી ઊભો રહ્યો. એની સામે કરુણાપૂર્ણ આંખોમાંથી મધુર અવાજે સ્વામીજી બોલ્યા : 'મૃત્યુનો મને ભય નથી પણ મારાં કામ અધૂરાં રહ્યાં.' કહી જરા વાર અટક્યા ને પથારીમાંથી ઊભા થઈ કબાટ ઉઘાડી તેમાંથી નાણાંની કોથળી જગન્નાથના હાથમાં આપતાં કહ્યું: 'લે ભાઈ! આ રૂપિયા લઈ અહીંથી હમણાં જ ભાગવા માંડ. નેપાળમાં ઊતરી જજે.'

જગન્નાથ આ માનવસ્વરૂપ દેવતાને નમી નાણાંની કોથળી લઈ ચાલી નીકળ્યો.

સ્વામીજી પથારીમાં બેસી રહ્યા. ઉપચાર સારુ કોઈને ન જગાડ્યા. કોઈને ન બોલાવ્યા. આથી તો જગન્નાથનો પીછો પકડવામાં આવે અને એ મરી જાય. એને ઉગારવા એ રાતભર કાતિલ વિષની શૂળ સમી વેદના સહી રહ્યા ને વારંવાર વેદનાની ભયાનકતા પર ॐ ॐ ॐ નો શીળો છંટકાવ કરતા રહ્યા.

સવારે સૌને જાણ થઈ. આર્યસમાજના આગેવાનો આવ્યા, કહ્યું, 'જગન્નાથને પકડી પાડીએ'

ડોકું ધુણાવી સ્વામીજીએ કહ્યું : 'ના, ના, મેં જ એને જવા દીધો છે; હું આ સંસારમાં કોઈને કેદ કરાવવા નથી આવ્યો, છોડાવવા આવ્યો છું.'

ડૉક્ટર સૂરજમલ આવ્યા. બીજા દાક્તરો આવ્યા પણ ઔષધ કામયાબ ન નીવડ્યું. મોં,

તાળવું, ગળું અને જીભ એ બધાંમાં ચાંદાં પડી ગયાં છે. પેટમાં શૂળ વધી ગયું, જ્વર ભરાયો છે.

૨૬ મી ઑકટોબરે વધુ સિકિત્સા સારુ સ્વામી-જીને જોધપુરથી અજમેર રાજસાહેબની 'ભિનાય કોઠી'માં લાવ્યા. ત્યાં સારવાર થઈ પણ સારું ન થયું.

૩૦મી ઑકટોબરના દિવસના ૧૧ વાગ્યે મહર્ષિને શ્વાસ વધવા માંડયો. એમની ઇચ્છાથી દવા બંધ કરવામાં આવી.

એમને એ ક્ષણે લાહોરના લાલા જીવનદાસે પૂછ્યું:

'આપનું ચિત્ત કેવું છે?'

'સારું. એક માસ પછી આજે આરામ છે.'

'આપ ક્યાં છો?'

'ઇશ્વરેચ્છામાં.'

સાંજે પાંચ વાગ્યે મહર્ષિની આજ્ઞા અનુસાર દાર્શનિકો બધા મસ્તક પછવાડે ઊભા રહ્યા. ચારે બાજુની બારીઓ ખોલી નંખાવી મોં પર શોક કે ગભરાટનું નામ નથી આજનાં વાર-તિથિ પૂછી પછી છત અને દીવાલો પર દૃષ્ટિ નાખી વેદમંત્રો બોલ્યા. સંસ્કૃતમાં ઇશ્વરોપાસના કરી માનવલીલા સમાપ્ત કરી–ઈ. સ. ૧૮૮૩ના ૩૦મી ઑકટોબરે સંધ્યાકાળે છ વાગ્યે આજ ભારતના ખૂણેખૂણેથી એ નરસિંહનો અસત્ય અને અધર્માચરણ સામેનો બુલંદ ઘોષ દિશાઓમાં જાણે પડઘા પાડી રહ્યો છે.

# માણસનો અધિકાર

એકવાર મહાત્મા ઇસુ ખ્રિસ્તની પાસે લોકોનું એક મોટું ટોળું આવ્યું. દરેક જણના હાથમાં પથ્થરો હતા. તેમની સાથે એક જુવાન સ્ત્રી હતી. તેઓ ઇસુ ખ્રિસ્તને કહેવા લાગ્યા, "પ્રભો! આ સ્ત્રીએ વ્યભિચાર કર્યો છે. આ પાપિણી સ્ત્રીને અમે બધા પથ્થરથી મારવા ઇચ્છીએ છીએ."

ઇસુ ખ્રિસ્ત જમીન પર બેઠા હતા અને જમીન પર આંગળીઓથી કંઇક લખી રહ્યા હતા. તેમણે નજર ઊંચી કરી ટોળા તરફ જોયું અને પૂછયું, "તમારામાંથી કોણ આ સ્ત્રી પર પથ્થર ફેંકવા માગે છે?" તેઓ સૌ એકી અવાજે બોલી ઊઠયા, "અમે બધા." ઇસુ ખ્રિસ્ત ઊભા થયા અને તે સ્ત્રીની પાસે આવ્યા. પછી ટોળાના લોકો પ્રત્યે બોલ્યા, "તમારા-માંથી જેણે કયારેય પાપ ન કર્યું હોય તે આ સ્ત્રી પર પથ્થર ફેંકી શકે છે."

તેમનામાંના દરેકે કંઇક ને કંઇક પાપ તો કર્યું હતું. તેઓ શરમાઈ ગયા અને ચાલતા થયા. પછી ઇસુ ખ્રિસ્તે તે સ્ત્રીને પૂછયું, "તને આ લોકોએ કંઈ સજા કરી છે?" તેણીએ કહ્યું, "ના, મને ફક્ત આપની પાસે લાવ્યા છે." ઇસુ ખ્રિસ્તે તેને કહ્યું, "જા, હવે વધારે પાપ કરીશ નહીં." પોતાના પ્રાણ બચાવનાર આ મહાપુરુષને મનમાં આશીર્વાદ દેતી તે સ્ત્રી ચાલી ગઈ.

સર્વને તેમનાં સારાં-ખોટાં કૃત્યોનું ફળ આપોઆપ જ હંમેશાં મળ્યા કરે છે. કોઈના ખરાબ કૃત્ય માટે તેને સજા કરવાનું કે તેનું ભૂંડું કરવાનું કામ માણસનું નથી. સંપૂર્ણ નિષ્પાપ હોય તે જ સજા કરવાને અધિકારી છે. માણસનો અધિકાર સજા કરવાનો નથી, પણ સહાય કરવાનો છે.

# નારદનું શંકાસમાધાન

હનુમાન પોતાને રામના સેવક માને છે પણ રામ પોતાને હનુમાનના સ્વામી માનતા હશે કે નહીં ? રામના હૃદયમાં હનુમાન પ્રત્યે કેવો ભાવ હશે ?—સ્વામીપણાનો કે વડીલપણાનો કે બંધુપણાનો કે પિતાપણાનો ?

નારદને આ વિષેની શંકા થઈ અને તેઓ રામને જ પૂછવા માટે ચાલ્યા. નારદ પોતે દુનિયાના ખબરપત્રી એટલે બીજાની મારફતે મળેલા સમાચાર એમને કામ ન લાગે. જાતે જ મુલાકાત લેવાનો વિચાર કરી નીકળ્યા. પણ બિચારાને તે દિવસે કડવો અનુભવ મળ્યો. દ્વારપાળ એમને અંદર જવા ન દે. દ્વારપાળ કહે છે કે મહારાજ, રામચંદ્ર પૂજામાં બેઠા છે. અત્યારે અંદર ન જવાય. પૂજા પૂરી થવા દો, પછી સુખેથી અંદર જાઓ."

આભા બનેલા નારદ ઋષિ મનમાં વિચાર કરે છે કે રામ તો પ્રત્યક્ષ પરમેશ્વર, ત્રિલોકના સ્વામી. બ્રહ્મા ચારે વેદોનું ગાન કરીને થાકયા પણ રામનું રહસ્ય ન સમજી શકયા. યોગીરાજ શંકર હળાહળ પી ગયા ત્યારે રામનામથી જ એમને શાન્તિ મળી. એવા સર્વેશ્વર શ્રી રામચંદ્ર વળી કોની પૂજા કરતા હશે ! નારદને અપમાન કરતાં આ આશ્ચર્યનો ભાર અસહ્ય થઈ પડ્યો. એક એક પળ જુગ જુગ જેવડી લાંબી લાગી. આખરે રજા મળી. અંદર જઈને જુએ છે તો ભગવાન રામચંદ્ર કેટલીયે સુંદર સોનાની મૂર્તિઓ આગળ રાખીને આરતી ઉતારી રહ્યા છે. તેત્રીસ કરોડમાંથી આ કયા ધન્યભાગ્ય દેવતાઓ હશે કે જેમની સાક્ષાત્ શ્રી રામચંદ્રજી ઉપાસના કરે છે ? નારદ તાકીને જોવા લાગ્યા.

નારદજીએ મૂર્તિઓ ઓળખી કાઢી : "અરે, આ તો લક્ષ્મણ, પેલો ભરત અને એથીયે ઊંચે બેસાડ્યો છે ભક્તરાજ હનુમાન. અહો આશ્ચર્ય ! અહો આશ્ચર્ય !" નારદે કેટલીયે વાર ભગવાનનાં સહસ્ર નામો ગાયાં હતાં પણ 'ભક્તનો ભક્ત' એ ઈશ્વરનું નામ એમણે જાણ્યું ન હતું.

અને જ્યારે નારદે હનુમાનની પડખે ઊભી ચોટલીવાળી નાનકડી પોતાની મૂર્તિ જોઈ ત્યારે તે બિચારા શરમના માર્યા પાણી પાણી થઈ ગયા અને પૂછવા આવેલા સવાલોના જવાબ લીધા વગર જ સમાધાન મેળવીને ત્યાંથી પાછા ફર્યા.

ભૂખ, ચીંથરિયાં કપડાં, ટાઢ, સખત વૈતરું, તિરસ્કાર, અયોગ્ય ઠપકો એ બધું ખરાબ છે. પણ કરજ તો એ બધાંથીયે બહુ ખરાબ છે.

× ×

તમારી નબળાઈઓનું—ન્યૂનતાઓનું હંમેશાં ધ્યાન રાખો અને સદા જાગૃત રહી તે દૂર કરવા પ્રયત્નશીલ રહો. પોતાની ઊણપોને સાચવી રાખનાર કદાપિ સ્થિર સફળતાને પહોંચી શકતો નથી.

*

શરીરને સશક્ત અને તંદુરસ્ત રાખવાની, તેમાં નવજીવન પ્રેરવાની અને તેને નાશ પામતું અટકાવવાની મનમાં એવી શક્તિ છે કે જેનો આપણે ખ્યાલ પણ ન કરી શકીએ.

× ×

સંજોગોને જીતવાનો સાચો ઉપાય પોતાની જાતને એક બળવાન સંજોગરૂપ બનાવવી એ છે.

# દયા

જે દુઃખીજનો પર દયા ન કરે, તે માણસ નથી.
જે આફતમાં સપડાયેલાં પર દયા ન કરે, તે માણસ નથી.
જે જીવો પર દયા ન કરે, તે માણસ નથી

રાજા શિબિએ દયાને લીધે પોતાનું
શરીર સુધ્ધાં આપી દેવા ઇચ્છયું.
મહર્ષિ દધીચિએ દયાને કારણે જ
પોતાનાં હાડકાં સુધ્ધાં દાન કરી દીધાં.
રાજા રંતિદેવે દયાને કારણે જ
પોતાનું ભોજન પણ આપી દીધું.

ભગવાન બુદ્ધે દયાનો સંદેશ આપ્યો.
મહાવીર સ્વામીએ દયાનો સંદેશ આપ્યો.
મહાત્મા ઈસા મસીહે દયાનો સંદેશ આપ્યો.
મહાત્મા ગાંધીએ દયાનો સંદેશ આપ્યો.

અહિંસાનું પાલન કરો.
કોઈને કઠોર વચન કહેશો નહિ.
કોઈને દુઃખ દેશો નહિ.

કોઈને દુઃખ દેવાનો ખ્યાલ પણ કરશો નહિ.
પ્રાણીઓ પર દયાભાવ રાખો.

દયા ક્રૂર થવામાંથી બચાવે છે.
દયા નિષ્ઠુર થવામાંથી બચાવે છે.
દયા કંજૂસ થવામાંથી બચાવે છે.

દયા અહિંસાની પ્રેરણા આપે છે.
દયા પરોપકારની પ્રેરણા આપે છે.
દયા સેવાની પ્રેરણા આપે છે.
દયા ત્યાગની પ્રેરણા આપે છે.
દયા સદ્‌ગુણોની માતા છે.

દીન–દુઃખીઓ પર દયા કરો.
નિર્ધન–અનાથો પર દયા કરો.
દુર્બલ–અસહાયો પર દયા કરો.
રોગી–અસમર્થો પર દયા કરો.
સંકટમાં સપડાયેલા લોકો પર દયા કરો.
સઘળાં પ્રાણીઓ પર દયા કરો.

દયાનું વ્રત લો. દયાળુ બનો.

# શ્રી ભાગવત વિદ્યાપીઠ સ્થાપવાની આદર્શ યોજના

ભારતીય સંસ્કૃતિ, જ્ઞાન, વિદ્યા તથા પંચશીલના પ્રસારના હેતુથી ગુજરાતમાં અમદાવાદ નજીક અંદાજે રૂપિયા એક કરોડને ખર્ચે "શ્રી ભાગવત વિદ્યાપીઠ" ની સ્થાપના કરવાની યોજના ઘડાઈ છે. જાણીતા ભાગવતકથાકાર શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી આ યોજનાના મુખ્ય પ્રણેતા છે અને એમને સંતો, મહંતો તથા ધનિકોનો સહકાર સાંપડયો છે.

આ મહત્ત્વાકાંક્ષી યોજના હેઠળ (૧) શ્રીમદ્ ભાગવતપ્રાસાદનું નિર્માણ થશે, જેમાં ભાગવતના બાર સ્કંધોની બાર ભાવનાનાં દ્વાર અને મંગલ દ્વાર રચાશે. આ પ્રાસાદમાં ભાગવતના અઢાર હજાર શ્લોકો આરસની તક્તિઓમાં કોતરીને મુકાશે. (૨) આ પ્રાસાદની આસપાસ એક જલાશય રચાશે, જેને 'પીયૂષતીર્થ'નું નામ અપાશે તેને કિનારે ભારતના મહાન પુરુષોની આરસપ્રતિમાઓ મુકાશે તેમ જ તીર્થની ચારે દિશામાં શ્રી રામેશ્વર, શ્રી દ્વારિકા, જગન્નાથપુરી તથા બદરીનાથના સ્થાપત્યની રચના થશે (૩) પ્રાચીન અને અર્વાચીન વિદ્યાઓના અધ્યયન માટે એક આદર્શ વિદ્યાલય તથા તે અંગે છાત્રાલય અને ભોજનાલય સ્થપાશે. સંશોધનની સગવડોવાળું એક પુસ્તકાલય પણ તૈયાર કરવામાં આવશે (૪) સંતોના આવાસ માટે 'ઋષિનિકેતન' નામક નિવાસસ્થાન રચાશે (૫) શાંતિ કે પ્રેરણા મેળવવા તેમ જ સાધના અને સ્વાધ્યાય કરવા ઇચ્છતા માનવીઓ માટે 'પુણ્યનિકેતન' નામની સંસ્થા રચાશે. (૬) નિસર્ગોપચાર તથા ઔષધીય સારવાર અર્થે એક 'આરોગ્યનિકેતન' ઊભું કરવામાં આવશે (૭) સંતો, આગંતુકો તથા વિદ્યાર્થીઓ માટે 'અન્નપૂર્ણા' રચવાની પણ યોજના છે.

આ ઉપરાંત આ વિદ્યાપીઠમાં 'અનધ્યાય સત્ર' એટલે કે 'રજા સત્ર' યોજાશે, જેમાં રજાઓના ગાળામાં અહીં વિદ્યાર્થીઓનો સંપર્ક કેળવી તેમને વાતાવરણ, વર્તન અને વિચાર દ્વારા સંસ્કાર આપવાનું કાર્ય થશે. દર વર્ષે ઉનાળાની રજાઓમાં આ રીતે ૫૦૦ વિદ્યાર્થીઓનું સાત દિવસનું સત્ર યોજાશે. આવાં પાંચથી છ સત્રો દ્વારા ત્રણેક હજાર વિદ્યાર્થીઓનો દર વર્ષે સંસ્કારસંપર્ક યોજવાનો ખ્યાલ છે.

આ વિદ્યાપીઠમાં મંત્ર અને તંત્ર શાસ્ત્રના સંશોધનનું કાર્ય પણ થશે.

આ સંસ્થા માટે અમદાવાદથી ચારેક માઈલ દૂર સોલા ગામે ૧૦૯ વીઘાં જમીન મળી છે. **નરોડા પાસે દાનવીર શેઠ શ્રી કુબેરદાસ હરગોવિંદદાસ ઈનામદાર પાસેથી ૬૫ વીઘાં જમીન મળી છે.** આ ઉપરાંત શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ પોતે રૂપિયા ૭૫,૦૦૦નું દાન આપ્યું છે તેમ જ સંસ્થાને નાણાં મળી રહે તે માટે વિવિધ સ્થળોએ કથાસત્ર આરંભ્યાં છે. તેજ રીતે ગુજરાત–મહારાષ્ટ્રના બીજા કેટલાક કથાકારોએ પણ જ્ઞાનયજ્ઞો દ્વારા પોતપોતાનો હિસ્સો આપવાનું નક્કી કર્યું છે.

આ યોજના પાંચ વર્ષમાં પૂરી કરવાનો નિર્ણય કરાયો છે. તે માટે રોકડ તથા ચીજવસ્તુઓને રૂપે ઉદાર હાથે દાન આપવા અંગે શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી (ડાકોર રોડ, નડિયાદ) તથા પંડિત શ્રી દેવેન્દ્રવિજયજી (માનવ મંદિર, મુંબઈ–૬) નો સંપર્ક સાધવા વિનંતી છે.

જે માણસે કુદરતના સૌંદર્ય તરફ પોતાની આંખો બંધ કરી દીધી હોય, જેણે કુદરતના સંગીત તરફ પોતાના કાન બહેરા કરી દીધા હોય અને કુદરતના સાત્ત્વિક મધુર અનુભવો તરફ પોતાની સર્વ ઇંદ્રિયોને બુઠ્ઠી કરી દીધી હોય, તેના સિવાય બીજા કોઈએ સ્વર્ગ ખોયું નથી.

# ચિન્મય માનવીને

હે વિશ્વના પ્રવાસી !
ભ્રમણાભર્યા જગતમાં કાં થઈ ગયો વિલાસી ?
હે વિશ્વના પ્રવાસી !

જગ એક ધર્મશાળા, આ બે ઘડી ઉતારા,
આકર્ષણો જગતનાં છે પથ્થરોની કારા.
જડ જેલ સમ જગતનો તું થઈ ગયો નિવાસી !
હે વિશ્વના પ્રવાસી !

તેં કોઈ દિન ન ખોળ્યું, જાતે જ તારું અંતર,
ઊંડી ગુફા મહીં ત્યાં છે કૈં સુધા–સમંદર.
ને તોય જિંદગી કાં તારી રહી જ પ્યાસી !
હે વિશ્વના પ્રવાસી !

તારા હૃદે સૂતેલી શુભ દિવ્ય પ્રેમભક્તિ,
પોઢી કણેકણે તુજ ભરપૂર તેજશક્તિ.
તું કેમ વિશ્વરણથી હારીને જાય નાસી ?
હે વિશ્વના પ્રવાસી !

સતમય વિરાટ આત્મા તુજ કેન્દ્રમાં વસેલો,
ચિન્મય સ્વરૂપ તું છે આનંદથી ભરેલો.
ઘેરી રહી છતાં પણ પલપલ તને ઉદાસી ?
હે વિશ્વના પ્રવાસી !

તું જિંદગીનો શિલ્પી, તું ભાગ્યનોય સ્વામી,
તુજ ચરણમાં રહે ખુદ દેવોય શીર્ષ નામી.
ઊઠ ! જાગ ! તું ઊભો થા ! ઘડ જિંદગી સુહાસી !
હે વિશ્વના પ્રવાસી !

શ્રી પ્રકાશ ગજ્જર

# વેદના કે વાસના?

મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી

પોતાની કામનાઓ પ્રમાણે ન થવાથી, પોતાની ઇચ્છાઓ નિષ્ફળ જવાથી, મનોરથો ભાગી પડવાથી, પ્રતિકૂળ સંજોગો આવી પડવાથી મનુષ્યોને વેદનાનો અનુભવ થાય છે. પરંતુ એ વેદનાનો હેતુ શો છે? એ વેદનાનું સ્વરૂપ શું છે? પોતાનો સ્વાર્થ ન સધાય એમાં વેદના અનુભવવી એ મનુષ્યની પામરતા જ છે. અને મનુષ્ય પોતે કોણ છે? સમષ્ટિનો જ એક અંશ છે, સમષ્ટિનું અંગ છે. અને આમ જ્યારે એને સમજાય છે ત્યારે એને પોતાની સ્વાર્થી વેદનાઓ નથી રહેતી. સમષ્ટિની સર્વ વેદનાઓ, સર્વ કલેશો પોતે સ્વીકારી લઈને સૌ કોઈને પોતે સુખી, સ્વસ્થ અને જાગૃત જોઈ શકે એવી જ એની વેદના—આકાંક્ષા થઈ રહે છે. અને એ વેદનામાં જ તેને સુખ અને આત્મસંતોષ જણાય છે. એથી જ ઈસુએ વધસ્તંભ સ્વીકાર્યો, બુદ્ધ અને મહાવીર તપ તપ્યા અને ગાંધી, વિનોબા જેવા તે માટે જીવન સમર્પણ કરે છે.

સાચા કારુણિક સંતનાં આ વચનો છે:

"હું સ્વર્ગ નથી ઇચ્છતો, રાજ્ય નથી ઇચ્છતો, મોક્ષ પણ નથી ઇચ્છતો; હું તો એટલું જ ઇચ્છું છું કે દુઃખપરિતાપથી શેકાઈ રહેલા આ જીવોની વેદનાઓ કેમ કરીને ટળે? હું એ કેમ કરીને દૂર કરી શકું?"

સ્થૂલ જગતના સામાન્ય નિયમોથી કંટાળેલા હૈયાએ દૂરના કોઈ પ્રવાસે જવાનો નિર્ણય કર્યો. અને કોઈ પણ જાતની પૂર્વતૈયારી કર્યા વિના, કદી ન જોયેલા નૂતન પંથે એ ચાલી નીકળ્યું. આ અજાણ્યા પંથની પગદંડી જેમ સાંકડી હતી, તેમ ત્યાં કાંટા ને કાંકરા પણ એટલા જ પથરાયેલા હતા. તાપ તીવ્ર હતો, માર્ગમાં એકે છાયાવૃક્ષ ન હતું. અને માથે ન ઉપાડી શકાય એવું એક વેદનાનું પોટલું હતું; છતાં તેના કદમમાં ઉત્સાહ હતો. કારણ કે આ પ્રવાસ સહેતુક હતો. વેદનાના આ પોટલાને વિસ્મૃતિની કોઈ અગોચર ખીણમાં નાખવા અને દુઃખદ સ્મરણોને ભૂલવા એણે આ પ્રવાસ આદર્યો હતો. પણ ત્યાં તો એક આશ્ચર્ય થયું. જે સ્મરણોને ભૂલવા તેણે પ્રવાસ આદર્યો હતો તે સ્મરણો તો તેની પાછળ પડ્યાં હતાં. પોતાની પાછળ સ્મરણોની ભૂતાવળને આવતી જોઈ તે હિમ્મત હારી ગયું. એની ગતિ કુંઠિત થઈ ને વિશાદની છાયાથી ઘેરાયેલું હૈયું માર્ગમાં જ બેસી ગયું!

વેદનાની પોટલી માથા નીચે મૂકી એ આડું પડ્યું હતું. ત્યાં નિરાશાના શ્યામ આકાશમાં આશાના તારલા જેવો કરુણાપૂર્ણ સાદ સંભળાયો. શ્રમિત હૈયાએ પાછળ જોયું તો પ્રકૃતિ સાદ દઈ રહી હતી: 'આવ, આમ આવ, મારા બાલુડા! તેં શા માટે આ પ્રવાસ આદર્યો છે તે હું જાણું છું; પણ એવો કોઈ જીવનશોધક થયો છે કે જે વેદનાને પામ્યા વિના જીવનનું રહસ્ય પામ્યો હોય? આ વિશ્વનો એ અબાધિત નિયમ છે: જે વધારેમાં વધારે વેદનાના જામ પીએ છે, તે વધારેમાં વધારે જીવનનો મર્મ પામે છે, ને જે વધારેમાં વધારે જીવનનો મર્મ પામે છે, તે વ્યથાના ડંખ સહીને પણ, વિશ્વને સુંદર બનાવવાના મહાકાર્યમાં—વિશ્વને સત્યં શિવં સુંદરં—મય બનાવવાના સુપ્રયત્નોમાં—પોતાનો વધારેમાં વધારે ફાળો નોંધાવે છે.

'આમ જો, આ સંતો સાધનામાં કેવા મસ્ત દેખાય છે! આ જીવનશોધકો પોતાની ધૂનમાં ઘેલા બની કેવા ચાલ્યા જાય છે! આ અજાણપથના પથિકો કોઈને કંઈ પણ જાણ કરાવ્યા વિના, કર્તવ્યના કઠોર પંથે કેવાં અણનમ ડગલાં ભરી રહ્યા છે! પણ વિશ્રામની કોઈ શાંત પળે એમને તું પૂછી તો જોજે કે, 'વિશ્વમાં મંગળ તત્ત્વોને પ્રગટાવવા માટે તમે તમારા જીવનમાં પાંગરતી કેવી કેવી કોમળ ઊર્મિઓને કઠોર બની કચડી છે? હૈયામાં જાગતાં અદમ્ય તોફાનોને તમે કેવા વજ્રનિશ્ચયપૂર્વક દમ્યાં છે?' તો તે મધુર સ્મિત કરી કહેશે: 'વેદનાના વિષપ્યાલાને પીધા વિના શંકર કેમ થવાય? મરજીવા થઈ સાગરમાં ડૂબકી માર્યા વિના પાણીદાર સાચાં મોતી કેમ પમાય?' સાધકોના હૈયાની વાત પ્રકૃતિ ઉચ્ચારી રહી હતી, પણ એ વાતના ઊંડાણમાં રહેલ દર્દની ઘેરી છાયા તો એના મુખ ઉપર ઊપસી રહી હતી. એણે આગળ ચલાવ્યું:

'તું તારી આ વેદનાની નાનકડી પોટલીને મોટી માનીને ફરે છે. પણ આ નાજુક પુષ્પને તેં જોયું ? એ કેવી શાન્ત ને મીઠી સુગંધ વિશ્વમાં વહેતી મૂકે છે! સુગન્ધના ફુવારા છોડતા પહેલાં એ કોઈની પ્રશંસાના બે શબ્દોનીય પ્રતીક્ષા કરે છે ? મત્ત પવન એનો મધુર સૌરભ લઈ ચારે દિશાઓમાં ઊપડી જાય છે ને વાતાવરણના અણુએ અણુને સુવાસથી ભરી દે છે. આખું હવામાન ખુશનુમા થઈ જાય છે; પણ ચાંદની રાતની કોઈ સોહામણી ઘડીએ એ ગુલબને પૂછી તો જોજે કે, 'સોહામણા ફૂલ, કાંટાના વેદનાભર્યા જખમો તારા કોમલાંગે છે ખરા ?' તો વેદનાનું એ ફૂલ ગુલાબી હાસ્ય કરી કહેશે : 'માનવ હૃદય, કાંટાના જખમો સહ્યા બિના ગુલાબ બનાય ખરુ ? છરીથી કપાયા બિના વાંસ વાંસળી બની શકે ખરો ? સંતપ્ત હૃદયને શાન્તિ આપનારી મધુર બંસી બનવા માટે છરીના ઘા અનિવાર્ય છે, તો વિશ્વને સુવાસ આપનાર ગુલાબ બનવા માટે પણ કાંટાની વેદના અનિવાર્ય છે.'

આટલું કહી પ્રકૃતિ થંભી, કારણ કે તેનો અવાજ કરુણાથી દ્રવી ગયો હતો. હવે તેના કંઠમાંથી અવાજ નહોતો નીકળતો, પણ કરુણા નીતરતી હતી. કરુણાઝરતા શબ્દોમાં એણે કહ્યું :

'મારા બાળક, તને જે વેદના મળી છે, એ તો વેદનાનો એક અંશમાત્ર પણ નથી. વેદના કોને કહેવાય એ તો તને આકાશનો આ લાડકવાયો સૂર્ય કહેશે. એ વસુંધરા પર પ્રકાશના પુંજ વરસાવે છે, નિર્ણીત કરેલા કપરા માર્ગ ઉપર એ એકલો—સાવ એકલો જ ચાલ્યો જાય છે. જગત આખાને પ્રકાશ આપી સહાય કરે છે પણ એના અસ્તટાણે કોઈ એને સહાયક થાય છે ? છતાં એ કેવો સુપ્રસન્ન છે ? અભ્યુદય ટાણે જેવી સુરખી એના મોં પર હોય છે, તેવી જ સુરખી અસ્તટાણે હોય છે ના ? શોક કે દિલગીરી એના મુખ પર દેખાય છે ? તોયે કોઈ માઝમ રાતે એના હૈયાની વાત પૂછીશ તો એ કહેશે :

'સુખ કોને પ્રિય નથી ! સુંવાળો માર્ગ કોને નથી ગમતો ? સાથીઓ વિના ભમવું કોને પસંદ હોય ? સ્વજનોની મીઠી હૂંફ છોડી અળગા થવું કોને પસંદ હોય ? પણ જગતને જો પ્રકાશ આપવો હોય, તો આ બધું સહ્યા વિના ન પ્રિયતમ વસ્તુઓનો ભોગ આપ્યા વિના કેમ ચાલે ? જીવન જ્યારે પોતાની પ્રિયતમ વસ્તુઓને કલ્યાણની વેદિકામાં હોમે છે, ત્યારે જ એમાંથી વિશ્વમંગલની અમર જ્યોત પ્રગટે છે !'

પછી પ્રકૃતિએ એક ઊંડો શ્વાસ લીધો—જાણે પૃથ્વી ઉપર રહેલાં પોતાનાં સંતાનોની વેદનાને એક જ શ્વાસે પોતાના પેટમાં ઉતારતી ન હોય ! હંસની પાંખ જેવા શ્વેત સાળુના છેડાથી વેદનાનાં આંસુ લૂછી એણે કહ્યું :

'આ ચાલ્યા આવતા નાનકડા ચાંદ સામે તો જો. અંધારઘેર્યા આકાશને ભેદી એ કેવો ચાલ્યો આવે છે ! પ્રકાશ એનું સ્મિત છે, હર્ષ એની આંખો છે, પવિત્રતા એનું જીવન છે, પ્રસન્નતા એની કાયા છે, તાપથી સળગતી ધરતી પર શીતળતાનાં અમીછાંટણાં છાંટતો એ ધીમી ગતિએ ચાલ્યો આવે છે. પણ એને પૂછી તો જો કે, તારા નાજુક હૈયામાં વેદનાના રંગથી રંગાયેલી જુગજુગ જૂની કેવી કેવી વાતો પોઢી છે !'

એટલામાં તો રજનીપતિ આવી પહોંચ્યો. માતા પ્રકૃતિને વિનયભર્યું નમન કરી એ બોલ્યો, 'વ્યથિત હૃદય ! તમારો વાર્તાલાપ મને દૂર-અતિદૂરથી સંભળાયો હતો અને આ તમારી સુમધુર જ્ઞાનગોષ્ઠિમાં રસ લેવા મને મારી અભિલાષાઓ પ્રેરી રહી હતી. પણ મર્યાદાનો ભંગ કરી હું તમારી વચ્ચે કેમ આવી શકું ? પણ મૈયા પ્રકૃતિએ પોતે જ મને સંભાર્યો ત્યારે હું આવ્યા વિના રહું ખરો ? અજ્ઞાત હૃદય ! તું વેદનાની મોટી મોટી વાતો કરે છે, ત્યારે મને તારા ઉપર કરુણા ઊપજે છે. વન્ધ્ય લતા પુષ્પપ્રસવની વાતો સંભળાવે તો પુષ્પલતાને એના ઉપર કરુણા ન ઊપજે ? તેમ તું પણ વેદના વિશે જાણતું કંઈ નથી અને વેદનાના અનુમાનથી વેદના અનુભવે છે.

અરે, વ્યક્તિની પોતાની વેદના એ તે કંઈ વેદના કહેવાય ? એમ તો હુંય આખા વિશ્વને શીતળતા આપું છું, પ્રકાશમાં સૌને નવરાવું છું. શાન્ત ચન્દ્રિકાના તેજથી આખી વસુંધરાને મઢી દઉં છું. તોય કાળમુખો રાહુ મારો ગ્રાસ કરી જાય છે પણ

એથી મને દુઃખ થતું નથી, કારણ કે વેદના કોને કહેવાય એ મેં અહિંસાના પયગંબરના શ્રીમુખે સાંભળેલું છે. વેદના વ્યક્તિગત સ્વાર્થમાંથી નથી જન્મતી પણ પ્રાણીમાત્રની અસહાયતાના દર્શનમાંથી જન્મે છે, એમ કહેતા ભગવાન વર્ધમાનને મેં સાંભળ્યા છે એકદા તેઓ જગતની મહાવ્યથાની વેદનાપૂર્ણ કથા કરુણાભીના કંઠે શ્રી ગૌતમને કહેતા હતા, ત્યારે તો વનપંખીઓનાં નયનોમાંથી પણ પ્રેમનાં આંસુ ટપકતાં હતાં. એ મહાવાણી સાંભળવા તો હું ય ગગનમાં એક મુહૂર્ત થંભી ગયેલો. શું એ વાણીમાં દર્દ હતું! શું એ વાણીમાંથી વેદનાનું સંગીત નીતરતું હતું! એ વ્યથા ભરેલા શબ્દોમાંથી વિશ્વમંગળની કેવી મંગળ ભાવના ટપકતી હતી! એ પળ મને યાદ આવે છે ને કંઈક ને કંઈક થઈ જાય છે! એ મંગળકથાને આજ પચીસસો વર્ષ થઈ ગયાં, પણ પ્રાણીમાત્રના પરમ મંગળના ચિન્તનમાંથી પ્રગટેલી એ વેદનામય મીઠી વાણી એક ક્ષણ પણ ભુલાતી નથી! એ મહામાનવનું દર્દ તે દર્દ. એમની વ્યથા તે વ્યથા. એમની વેદના તે વેદના આપણે તો બધા સ્વાર્થના સુંવાળા પદાર્થો માટે તરફડતા સ્વાર્થસાધુઓ! આપણી વેદના તે વેદના કહેવાય કે વાસનાના ઓળા?

વેદનાનું આ તત્ત્વજ્ઞાન સાંભળ્યા પછી મારા હૃદયે વેદનાની પોટલી સામે જોયું તો ત્યાં ન હતું પોટકું કે ન હતી વેદના! નિર્મળ ગગનમાં કલ્પનાનું આછુંપાતળું નાજુક વસ્ત્ર ઊડી રહ્યું હતું!

ઈશ્વર મનુષ્યને ઊંડા ગહન પાણીમાં ડૂબવા માટે નહિ પણ શુદ્ધ કરવા માટે જ નાખે છે.

# નાનો અને મોટો

મહાભારતની એક વાત છે. એક સમયે શિબિ રાજા સંતોનાં દર્શન કરવા નીકળ્યા હતા. સુહોત્ર રાજા સંતોનાં દર્શન કરીને પાછા આવતા હતા. બંનેના રથ સામસામા આવ્યા. બંને રાજા મહાન ધર્માત્મા, ગુણવાન તથા શીલવાન હતા. બંનેએ રથમાંથી નીચે ઊતરી એકબીજાનો સત્કાર કર્યો પછી જતી વખતે બંને રાજા સરખા દરજ્જાના હોવાથી એકે બીજાને માટે માર્ગ કાપ્યો નહીં (એટલે ચીલો છોડીને સામાને માટે જગા કરી આપી નહીં.) બંનેના રથ સામસામા આવીને ઊભા રહ્યા. જે રાજા ચીલો કાપી આપે તે બીજાના કરતાં નાનો ગણાય એ ભયે બંનેને ભડકાવ્યા. બંને રાજા બળમાં પણ એકબીજાથી ઊતરતા ન હતા. તેથી બંને વચ્ચે યુદ્ધ થતાં બંનેનો નાશ થઈ જાય તેમ હતું. બંને ભગવાનના ભક્ત હતા. ભગવાનની પ્રેરણાથી એ વખતે નારદજી ત્યાં પધાર્યા બંને રાજાઓએ નારદજીને પ્રણામ કર્યા. બંનેને કુશળ પૂછ્યા પછી નારદજીએ કહ્યું, "તમે કેમ આમ રસ્તા વચ્ચે સામસામા ઊભા છો?"

બંને રાજા : અમે બેઉ દરજ્જામાં સરખા છીએ. ધર્મશાસ્ત્ર કહે છે કે નાનો રાજા મોટાને માર્ગ આપે. પણ અહીં નાનો કોણ થાય? માટે બંને સામસામા ઊભા છીએ.

નારદજી : પણ આનું પરિણામ શું?

બંને રાજા : પરિણામ જે આવે તે.

નારદજી : કજિયાનું પરિણામ ક્રોધ, મારામારી વગેરે હોય. બીજું કંઈ સારું પરિણામ તો તેનું ન જ હોય શું તમે કોઈ સારા પરિણામની રાહ જુઓ છો?

બંને રાજા : કજિયાનું પરિણામ સારું ન જ હોય એમ અમે બેઉ જાણીએ છીએ. પણ જગતમાં અમારી આબરૂ ઘટે ને? નાના થઈ જઈએ ને?

નારદજી : સત્પુરુષો તો ખલ પ્રત્યે પણ સાધુતા બતાવે છે. ત્યારે તમે તો સત્પુરુષ પ્રત્યે પણ સાધુતા બતાવી શકતા નથી! તમારા બંનેમાં જે વધારે ઉદાર સ્વભાવવાળો, ઉચ્ચ કોટિનો અને સર્વનું કલ્યાણ ઇચ્છનારો અર્થાત્ શ્રીહરિનો પરમ ભક્ત હોય તે તુરત રસ્તો આપી દે આમ ઉદારતાથી નમી પડવાથી જગત તમને નિંદશે નહીં પણ વંદશે.

આ સાંભળી બંને રાજા એકબીજાને જમણી બાજુએ રાખી* એકબીજાને માટે માર્ગ કાપીને ચાલ્યા ગયા પછી નારદજી પોતાને રસ્તે પડ્યા.

જેનું મન મોટું, જેનો સ્વભાવ મોટો, જેનું વર્તન ઉદાર તે મોટો જેનું મન–સ્વભાવ–વર્તન નાનું, જે લડે, જે કજિયો વેર કરે તે નાનો.

* પૂજ્ય વ્યક્તિ રસ્તામાં મળે તો તેને પોતાના જમણી બાજુએ રાખી ચાલવાથી તેની પ્રદક્ષિણા થાય છે, તેને માન અપાય છે. શિષ્ટાચારનો એવો વિધિ છે.

# સુભાષિત

જે વસ્તુ છે કુદરતી, તે હરગિજ કરવી પડે છે,
ફાની જિંદગાનીની કિંમત આખર ભરવી પડે છે;
સુખી થવું હોય જો તારે, તો જીવજે વર્તમાનમાં,
ભૂત ભાવિની યાતનાઓ, વીસરવી પડે છે.

*

ગર્વને પોષવા ખાતર, કરે છે દાન માનવી,
અને એ ગર્વની કિંમત, કોડીના જેવી જાણવી.
બુદ્ધિહીન કો માનવી, ધનના ડુંગર પર
ઊભો રહી મૂછ આમળે, તોપણ તે છે ખર.

*

જીવવાની કલા રોજ હું શીખું છું,
રોજ આ ચિત્ત કાંઈ નવું તો લૂંટે;
જ્ઞાનવિજ્ઞાનનો અખૂટ ભંડાર છે,
હું ખૂટી જાઉં ના ત્યાં સુધી તે ખૂટે.

*

જિંદગી વચ્ચે રોજ ઘૂસું છું, કિસ્મત સાથે રોજ ઝઝૂમું છું;
વિધિના ઘા હું રોજ ખમું છું, ખોટું જીવી મુજને હું દમું છું.

*

જીવવા તું કરે શીદ જીકર ભલા,
મોત જેવી નથી કોઈ શાતા;
જિંદગીને દમે કમનસીબી ભલે,
મૃત્યુને ના દમે છે વિધાતા.

*

અચાનક મૃત્યુની ઇચ્છા, કદી રાખી શકું છું ના,
અચાનક આવતી વસ્તુ, કદી સાંખી શકું છું ના;
સદા તૈયારી કરવાની હું માંગું જિંદગીમાં તક,
અમીનો ઘૂંટ પણ તત્કાળ હું ચાખી શકું છું ના.
બીજાઓ મરી પરવારે કે, તેને ભૂલી જવાનો હું,
હું ભુલાઈ જાઉં ન તેની, ચિંતા હું કરવાનો છું;
એ નિશ્ચિત કે ઘણાં મૂઆં, ને, હું પણ કદી મરવાનો છું,
ને મૃત્યુ પછી ના કોઈ જીવ્યાં, ને હું પણ ના જીવવાનો છું.

*

દુખના માર્ગ ઉપર ચાલ્યા વિણ જે સુખ આવી મળે છે,
તે સુખ સંસારે નથી સ્થાયી, તે સુખ સદ્ય ચળે છે.

**શ્રી મંગળદાસ જ. ગોરધનદાસ**

# ઉત્તરાયણ

## ૨ : દાનધર્મરહસ્ય

શ્રી 'મધ્યબિંદુ'

જગતમાં બે પ્રકારની ગતિ છે: ઉચ્ચ ગતિ અને હીન ગતિ અથવા અધોગતિ. આ બે પ્રકારની ગતિઓને જ શુકલ ગતિ અને કૃષ્ણ ગતિ કહેવામાં આવી છે, એ આપણે ગયા અંકમાં જોયું.

જે ગતિ પ્રાણીને ઉચ્ચતા તરફ, વિકાસ તરફ, પ્રકાશ તરફ, વ્યાપકતા તરફ લઈ જાય છે તે શુકલ ગતિ છે. પ્રાણીનું જીવન શુકલ ગતિમાં જોડાય, ઉચ્ચતર સ્વરૂપ પ્રાપ્ત કરવા તરફ વળે તે ઉત્તરાયણ છે અને સ્વાર્થ, સંકુચિતતા, જડતા તરફ વળે તે હીન ગતિ અથવા અધોગતિ છે. એનું નામ દક્ષિણાયન નથી. દક્ષિણાયન એ વળી બીજી વસ્તુનું નામ છે. તે આપણે આગળ જોઈશું.

ત્યારે મનુએ પૂછયું : કોના જીવનમાં ઉચ્ચ ગતિ અથવા ઉત્તરાયણ છે અને કોના જીવનમાં હીન ગતિ અથવા અધોગતિ છે ?

સુદર્શન કહે છે : 'ઉચ્ચ ગતિ એ ભરેલી સ્થિતિ છે, પૂર્ણતાવાળી સ્થિતિ છે. ભરેલી સ્થિતિ અથવા પૂર્ણતાવાળી સ્થિતિ એ કોઈ વસ્તુને લેવા કે મેળવવા ઇચ્છતી નથી, કારણ કે તે ભરેલી અથવા પૂર્ણ સ્થિતિ છે. ભરેલી અથવા પૂર્ણ સ્થિતિને કોઈ વસ્તુ મેળવવામાં રસ કે આનંદ નથી હોતો પણ આપવાથી તેને આનંદ થતો હોય છે.

હીન સ્થિતિ એ અપૂર્ણતાવાળી સ્થિતિ છે. તેમાં કોઈ ને કોઈ વસ્તુને મેળવવાની ઇચ્છા રહેલી હોય છે, પદાર્થો માટેની ભૂખ અથવા તૃષ્ણા રહેલી હોય છે, વાસના, કામના અથવા આસક્તિ રહેલી હોય છે. આ અપૂર્ણતાવાળી, ભૂખવાળી સ્થિતિ જગતમાંથી અથવા બીજાઓની પાસેથી કંઈ ને કંઈ મેળવવા ઇચ્છતી હોય છે. પદાર્થો મળે એથી એને આનંદ થતો હોય છે. આ હીન સ્થિતિ છે.

ઉચ્ચ સ્થિતિમાં આપવાનો અથવા ત્યાગ કરવાનો સ્વભાવ મુખ્યપણે જોવામાં આવે છે. નિમ્ન અથવા હીન સ્થિતિમાં લેવાનો અથવા મેળવવાનો સ્વભાવ—વૃત્તિ મુખ્યપણે જોવામાં આવે છે.

પરમાત્મા સર્વથી ઉચ્ચ છે. તે પોતાને માટે કોઈ પદાર્થ લેવા, મેળવવા કે ભોગવવા ઇચ્છતો નથી. તે સ્વયં ભરેલો અથવા પૂર્ણ છે. જેને કંઈ તૃષ્ણા કે ભૂખ નથી હોતી તે ભરેલો અથવા પૂર્ણ હોય છે. તેની અંદર સર્વ પદાર્થોનું બીજરૂપ અસ્તિત્વ પ્રકટ થઈ જાય છે. સર્વ પદાર્થો તેમનાં વ્યક્ત અને અવ્યક્ત સ્વરૂપે ભૂખરહિત પૂર્ણ સ્થિતિવાળા તત્ત્વમાં આવી જ જાય છે. પૂર્ણ પુરુષ અથવા પરમાત્મા પોતાની ઇચ્છા પ્રમાણે પોતાના પૂર્ણ સ્વરૂપમાંથી અનેક પ્રકારના, અસંખ્ય પ્રકારના પદાર્થો પ્રકટ કરી શકે છે. જોકે પરમાત્મા પૂર્ણ-સ્વરૂપ હોવાથી તેને પોતાને કોઈ ઇચ્છા જ હોતી નથી, પરંતુ અપૂર્ણસ્વરૂપ પ્રાણીઓની ઇચ્છાને માટે પરમાત્મા સંકલ્પ કરે છે અને તે અનુસાર જગતમાં પદાર્થો ઉત્પન્ન થાય છે.

ભૂખ વિનાનો હોવાથી જ પરમાત્મા પદાર્થોનો સર્જક અને પદાર્થોનો આપનાર છે. જે ભૂખ્યો હોય છે તે સર્જન કરી શકતો નથી કે આપી શકતો નથી. ભૂખ્યો હોય છે તે માત્ર ભક્ષણ કરે છે અને લઈ જાણે છે.

આ જગતમાં પરમાત્મા અનેક પદાર્થોને ઉત્પન્ન કરે છે. પરમાત્માએ જ જીવોને ભોગવવાની સગવડ આપવા માટે પૃથ્વી, પાણી, તેજ—અગ્નિ, વાયુ અને આકાશરૂપી પાંચ ભૂતો ઉત્પન્ન કર્યાં. પરમાત્માએ આ પાંચ ભૂતોના મિશ્રણ દ્વારા ધન—ધાન્ય, રસ—કસ, ફૂલો, ફળો, સુવર્ણ વગેરે ધાતુઓ, રત્નો, નદીઓ, વનસ્પતિ વગેરે ઉત્પન્ન કર્યાં. પ્રાણીઓ માટે અન્ન પાકે તે માટે પરમાત્મા વરસાદ વરસાવે છે. આ બધું આપવા—કરવા છતાં પરમાત્માને પોતાને દાતા અથવા પરોપકારી કહે-વડાવવાની પણ ભૂખ કે ઇચ્છા નથી. પોતે જગતને આપેલાં દાન માટે તેણે જગતમાં ક્યાંય પોતાના નામની આરસની તકતી ચોડાવી નથી કે જાહેરાત પણ કરતો નથી. કારણ કે તે ભરેલો છે. ભરેલો હોય તે જ સાચો દાતા હોય છે. ભરેલો હોય તેને પોતાના પુણ્ય માટે કે પોતાના સ્વાર્થ માટે દાન કરવાની જરૂર હોતી નથી. કારણ કે જે ભરેલો હોય છે તે સર્વ પુણ્યોથી પણ ભરેલો હોય છે અને તેના ભરેલાપણામાં જ તેના સર્વ અર્થો

સિદ્ધ થઈને રહેલા હોય છે. છતાં તે પ્રવૃત્તિ કરે છે. તે પ્રવૃત્તિ કરે છે તે પોતાને માટે નહીં પણ જેઓ ભરેલા નથી તેમના માટે, જેઓ ભૂખવાળા છે તેમને આપવા માટે. ભરેલા ન હોય તેમને માટે પ્રવૃત્તિ કરવી, ભૂખવાળા હોય તેમને આપવું એમાં જ ભરેલા માણસની પ્રસન્નતા અને આનંદ છે. ભૂખવાળાની ભૂખ, દુઃખવાળાનું દુઃખ દૂર થાય એટલાથી જ ભરેલા માણસને આનંદ થાય છે.

પરમાત્મા જગતને સર્વ વસ્તુઓ આપે છે, પણ કોઈને કદી કહી દેખાડતો નથી કે આ હું તમને આપું છું. સાચો દાતા, ભરેલો દાતા સામાને ખબર પણ ન પડે એ રીતે આપે છે, એ રીતે તેનાં દુઃખ દૂર કરે છે. અને એથી જ તેનું પુણ્ય અક્ષય અને અખંડ છે. એથી જ પરમાત્માની પૂર્ણતા અક્ષય અને અખંડ રહે છે. પુણ્યની કે કીર્તિની ઇચ્છા રાખ્યા વગર જ અન્યનાં દુઃખો દૂર કરવાં કે અન્યને આપવું–આ વસ્તુ માણસમાં પૂર્ણતા અને અખંડતા પ્રકટાવે છે. અને પૂર્ણતા–અખંડતા પ્રાપ્ત થાય એના કરતાં અધિક પુણ્ય બીજું કોઈ નથી.

જે અપૂર્ણ છે તે દૈવયોગે કે બાયચાન્સ મળી આવેલી લક્ષ્મીમાંથી થોડુંઘણું દાન આપે છે અને પોતે પોતાની લક્ષ્મીનું દાન કરે છે એમ માને છે. તેની જાહેરાત પણ કરે છે. કેટલાક એરણની ચોરી અને સોયનું દાન પણ કરતા હોય છે અને તેના બદલામાં પોતાને પુણ્ય થાય એમ ઇચ્છતા કે માનતા હોય છે.

સુદર્શન કહે છે : દુઃખી પ્રાણીનું દુઃખ દૂર થાય એવી ઇચ્છા થાય એ જ પુણ્ય છે અને દુઃખી પ્રાણીનું દુઃખ દૂર થાય એવી પોતાની ઇચ્છાને અમલમાં મૂકીને માણસ પોતાની પાસે જે સંપત્તિ હોય તેનો—તનનો, મનનો અને ધનનો તે માટે ઉપયોગ કરે એથી એ પુણ્ય દૃઢ થાય છે. જેને બીજાને દુઃખી જોઈ દુઃખ થતું નથી કે એ દુઃખ દૂર કરવાની ઇચ્છા થતી નથી અને તેને માટે પોતાની સંપત્તિમાંથી જે કંઈ વાપરતો નથી તે પાપી છે. દુઃખીનું દુઃખ શા માટે દૂર કરવું જોઈએ તે જેને માલૂમ પડતું નથી એ પાપીને તે માલૂમ પડે એટલા માટે કુદરતી નિયમ પ્રમાણે તેને ભાવિ જીવનમાં (આ જન્મમાં કે પછીના જન્મમાં) એ દુઃખી સ્થિતિમાં આવવું પડે છે. એમ થવાથી જ એ પાપી એના પાપમાંથી મુક્ત થાય છે. કુદરત જગતમાં કોઈને છેક સુધી લાગણી વિનાનો કે જ્ઞાન વિનાનો રહેવા દેવા માગતી નથી. ખરું જોતાં માણસ જે દુઃખી પ્રાણીને જુએ છે તેની અંદર બીજું કોઈ નહીં પણ પોતે જ એ સ્થિતિમાં દુઃખી થઈ રહેલો હોય છે. માણસમાં સાચો આત્મભાવ, સાચું આત્મજ્ઞાન આવે છે ત્યારે તેને સર્વત્ર આત્મભાવ–આત્મદર્શન થાય છે. એ જ પાપ વિનાની સ્થિતિ છે. એ જ સર્વ પુણ્યથી ભરેલી પૂર્ણ સ્થિતિ છે.

જે માણસ બીજાને સુખી કરવામાં પોતે સુખી થાય છે તેનામાં આત્મભાવ વિસ્તૃત બનેલો અને જાગૃત બનેલો છે અને તે ઉત્તરાયણનો જીવ છે.

જે માણસ બીજાને સુખી કરવા કે મદદ કરવા માટે નહીં પણ પોતાની નામના માટે, કીર્તિ માટે, વાહ વાહ માટે પોતાની પાસેના ધન વગેરેનું દાન કરે છે તેમાં સાચું દાન હોતું નથી. કારણ કે ધનના બદલામાં તે નામના, કીર્તિ કે વાહવાહની ખરીદી કરે છે. આવા માણસો પોતાની નજીકમાં, તેમના કુટુંબમાં, તેમના લત્તામાં કે તેમના ગામમાં ઘણા સહાયપાત્ર માણસોને નજર સામે દુઃખથી રિબાતી સ્થિતિમાં જોતા હોય છે, પણ તેમના પ્રત્યે જરાયે સહાય કે સહાનુભૂતિ દાખવતા નથી હોતા. પોતાના ઘરના ગરીબ નોકરો કે સેવકોને ઓછામાં ઓછું આપી તેમનો કસ કાઢતા હોય છે, તેમના પ્રત્યે તોછડાઈથી, તુમાખીથી કે કઠોરતાથી વર્તતા હોય છે અને સમાજમાં પોતે આગળ પડતા કે દાનવીર ગણાય, પોતાની ગણના થાય, પોતાનું નામ જાહેર થાય એ માટે મોટી રકમોનાં દાન પણ કરતા હોય છે. પરંતુ આ દાન તે સાચું દાન નથી હોતું. આમાં રૂપિયાની નોટોના બદલામાં નામના અથવા કીર્તિનો સોદો છે.

મૂડીવાદ અને સ્થાપિત હિતોની સ્થિતિવાળા સમાજમાં ઘણા લોકોને વગર પરિશ્રમે સહેલાઈથી પૈસા મળી જતા હોય છે. ધન મળ્યા પછી તેમને કીર્તિની લાલસા ઊભી થાય છે. ધન હોય અને કીર્તિ

ન હોય એથી તેમને કંઈક ખાલી ખાલી લાગતું હોય છે અને જેવી રીતે સહેલાઈથી પૈસા મળ્યા તેવી રીતે સહેલાઈથી કીર્તિ મેળવવા માટે તેઓ કીર્તિના માર્કેટમાં જાય છે. ધનપતિઓના આશ્રયે ઊભી થયેલી ધર્માદા સંસ્થાઓ એ માટે ભાગે કીર્તિના માર્કેટ જેવી હોય છે. જેમ લિમિટેડ કંપનીથી ઊભા થયેલા એક કારખાનામાં શેરહોલ્ડરોને પોતે રોકેલ મૂડી ઉપર સારા પ્રમાણમાં નફો મળતો હોય છે, તેમ આવી સંસ્થાઓમાં ડોનેશન (દાન) આપનારાઓને તેના પ્રમાણમાં બદલામાં કીર્તિરૂપી નફો મળતો હોય છે. પ્રમુખ, મંત્રી, આશ્રયદાતા, ટ્રસ્ટીમંડળનો સભ્ય, આજીવન સભ્ય આવાં ઉચ્ચ નીચ સ્ટેજનાં સ્થાન તથા રિપોર્ટમાં નામની જાહેરાત વગેરે દ્વારા પૈસા ખર્ચનારાઓની કીર્તિકામના પોષાતી હોય છે. આમાં પણ કેટલાક કાબેલ માણસો અગળપડતો ભાગ ભજવીને ખર્ચેલ પૈસાની અપેક્ષાએ બીજાઓ કરતાં વધારે કીર્તિ મેળવી જતા હોય છે અને બીજા કેટલાકો વધારે પૈસો ખર્ચવા છતાં કીર્તિ મેળવવાની બાબતમાં પેલાઓ કરતાં પાછળ રહી જતા હોય છે અને મનમાં તે બાબતનો બળાપો ધારણ કરતા હોય છે

આ રીતે પૈસા ખર્ચવાથી માણસની કીર્તિની ભૂખ કેટલાક વખત માટે અમુક અંશે સંતોષાતી હોય છે અને પોતે દાન પણ કર્યું, પુણ્ય પણ મેળવ્યું અને કીર્તિની પોતાની ભૂખ પણ ભાંગી, બીજાઓને પાછા પાડયા અને બધાની વચ્ચે પોતે વધારે યશ મેળવ્યો એમ એક કાંકરે ઘણાં પક્ષી મારવામાં પોતે સફળ થયા એમ તેમને લાગતું હોય છે.

પરંતુ દૈવયોગે જ્યારે પૈસા પાસે નથી રહેતા ત્યારે વાહ વાહ કરનારાઓ દૂર જતા રહે છે, ચેરિટીબોર્ડના મંત્રી કે સભ્યપદમાંથી નામ નીકળી જાય છે અને પહેલાંની જેમ બીજાઓનું ધ્યાન પોતાના પ્રત્યે આકર્ષાતું બંધ થઈ જાય છે ત્યારે જે મનુષ્યોને પહેલાં તેમની ખરી ભૂખની સ્થિતિમાં અર્ધો સૂકો રોટલો આપ્યો હોય છે, જેમને ખરા દુઃખના ટાણે ખાનગીમાં પાંચ પૈસાની મદદ કરી હોય છે તેઓ જ ફક્ત અંતરથી દુઆ દેતા હોય છે અને સહાનુભૂતિથી જોતા હોય છે કે પૂર્વે મને કપરી સ્થિતિમાં મદદ કરનાર આ માણસનું કલ્યાણ થાઓ. માણસને એ સ્થિતિમાં જ સાચું જ્ઞાન થાય છે કે દાન કોને અને કેવી રીતે કરવું જોઈએ.

જેની કમાણી પરિશ્રમથી મેળવેલી નહીં હોય, જેની કમાણી સત્યથી, નીતિથી, પ્રમાણિકતાથી મેળવેલી નહીં હોય, જેની કમાણી કપટ, દગો, નિર્દયતા કે બીજાનાં દિલ દૂભવીને મેળવેલી હશે તેવો માણસ પોતાને વધારેમાં વધારે પુણ્ય થાય કે ફળ મળે તે માટે દાન આપવા ઉત્તમ સુપાત્ર વ્યક્તિને શોધવા નીકળશે અને તે આખી પૃથ્વીમાં ફરીને પણ પોતાને સુપાત્ર લાગતી જે વ્યક્તિને શોધી કાઢશે તે વ્યક્તિ ખરેખર તો લુચ્ચો, દંભી, કપટી પાપી અને બીજાને રંજાડનાર જ હોવાનો સંભવ છે. અથવા અંદરખાનેથી સોનાને બદલે પિત્તળ જ હશે. પેલો માણસ પૃથ્વીમાં તેની અક્કલ પ્રમાણેની સુપાત્ર વ્યક્તિની શોધ કરતો હશે તે દરમિયાન તેની નજીકમાં, તેના પગ તળે કે તેની નજર તળેથી પસાર થતી ખરેખરી સુપાત્ર વ્યક્તિઓને તે જોઈ કે ઓળખી નહીં શકે.

કેટલાક માણસો સુપાત્ર વ્યક્તિ શોધી કાઢવાની ચિંતામાંથી છૂટવા માટે જાણીતી ધાર્મિક કહેવાતી સંસ્થામાં દાન કરી દે છે. આમાં પણ વરસાદ કેટલીકવાર નજીકનાં સુકાતાં ખેતરોમાં વરસવાને બદલે સમુદ્ર પર જઈને વૃષ્ટિ કરી દે તેના જેવું થતું હોય છે.

સુદર્શન કહે છે : અપ્રમાણિકતાથી મેળવીને તેમાંથી થોડુંક આપવું તેના કરતાં પ્રમાણિકતાથી મેળવવું એ વધારે શુભ છે. આમ છતાં જેની પાસે હોય તેણે આપવું જ જોઈએ. ત્યાગપૂર્વક ભોગવવું એ સૌકોઈને માટેનો ધર્મ છે. જેની પાસે હોય એ જો ન આપે, આપ્યા વગર ભોગવે તો એથી પાપ લાગે છે. પાપ લાગે છે અર્થાત્ તે વ્યક્તિ હીન–અધમ બને છે. તેના જીવનમાં વિકાસ, પ્રકાશ કે વ્યાપકતા નથી આવતાં, તેનું જીવન ઉત્તરાયણથી વિરુદ્ધ–અધોગામી બનતું જાય છે.

જેની પાસે અશુભ લક્ષ્મી હોય–અપ્રમાણિકતાથી કે હીન માર્ગે મેળવેલું ધન હોય, તે ધન તેણે જે લોકોની મહેનતમાંથી તે ઉત્પન્ન થયું હોય તેમને પાછું આપી દેવું જોઈએ અથવા પાછું આપી શકાય તેમ ન હોય તો ફરીથી તેવી રીતે ધન ન મેળવવાનો દૃઢ

નિશ્ચય કરીને તે ધન લોકહિતાર્થે વાપરી નાખવું જોઈએ. અનીતિથી મેળવેલું ધન એ કૌરવોએ જુગારથી મેળવેલા બાર વર્ષના રાજ્ય જેવું છે. તે ચિત્તને અશાન્ત કરી મૂકે છે, ગર્વ કે નશો ચઢાવે છે, માણસમાં મૂર્ખતા અથવા જડતા ઉત્પન્ન કરે છે અને રોગ, શોક, ભય તથા વિનાશ આપનારું અને પરિણામે જીવનની અધોગતિ કરનારું થાય છે. અનીતિથી વર્તવાનું ચાલુ રાખીને, અનીતિથી ધન મેળવવાનું ચાલુ રાખીને માણસ સાચી શાન્તિને અથવા પોતાના ભૂખરહિત કલ્યાણમય પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત કરી શકે એ અસંભવિત છે.

જગતને ખરેખરું દાન કોણ આપી શકે છે ? જે માણસ પોતાને માટે અને પોતાના પરિવારને માટે જગતમાંથી ખાવા-પીવાના, રહેવાના, પહેરવાના, વાપરવાના મોજશોખના જેટલા પદાર્થો ઉપયોગમાં લે છે, જેટલા પદાર્થોને પોતે અને પોતાનું કુટુંબ વાપરે છે, તેટલા પદાર્થો પોતાના શ્રમ વડે ઉત્પન્ન કરીને જ્યાં સુધી જગતને આપે નહીં ત્યાં સુધી તે જગતનો ઋણી છે અને જગતને માટે ભારરૂપ છે. અથવા તેટલા પદાર્થો માટે જગતના લોકોને જેટલો શ્રમ થયો હોય તેટલો શ્રમ કરીને જગતને જ્યાં સુધી બીજા ઉપયોગી પદાર્થો તે આપતો નથી ત્યાં સુધી તે ગમે તેટલું દાન કરે છતાં જગતને ખરેખર તે કશું જ દાન કરતો નથી. જે માણસ બીજાના જેટલા પરિશ્રમથી ઉત્પન્ન થયેલા પદાર્થો વાપરે તેના કરતાં વધારે પરિશ્રમ કરીને વધુ પદાર્થો ઉત્પન્ન કરીને જગતને આપે, તે જ ખરેખર જગતને દાન આપે છે, તેનું જીવન ભરપૂરતા અથવા પૂર્ણતાવાળું છે, જમા પાસાવાળું છે અને ઉચ્ચતા તરફ ગતિવાળું, ઉત્તરાયણવાળું છે. જે દેશમાં આવા જમા પાસાવાળા માણસોની સંખ્યા વધારે હોય છે તે દેશ જીવનની જરૂરિયાતની ચીજોની છતવાળો અને સુખ-સંપત્તિવાળો હોય છે. અને જે દેશમાં ઉધાર પાસાવાળા માણસોની સંખ્યા વધારે હોય છે તે દેશ જીવનની જરૂરિયાતની ચીજોની તૂટવાળો, વધતી જતી મોંઘવારીવાળો અને બીજા દેશોનો દેવાદાર હોય છે.

જેની પાસે સંપત્તિ હોય તેણે દાન કરવું જ જોઈએ. તો જ તે પોતાના જીવનને સંકુચિત, સ્વાર્થી, ક્ષુદ્રતાવાળું અને એકાંગી બનતું રોકી શકે છે. અને પોતાનો વ્યાપકતામાં, વિશાળતામાં, સર્વાત્મતામાં યોગ કરી શકે છે. દાન કરવું તે પોતાના શરીરમાં રહેલા પોતાને પુણ્ય થાય એવા ભાવથી નહીં, પરંતુ બીજા શરીરમાં પણ પોતે જ રહેલા છીએ એ ભાવથી અર્થાત્ બીજાના શરીરમાં બીજો રહેલો નથી પણ પોતાનો જ આત્મા રહેલો છે એ ભાવથી તેને સુખી કરવા માટે, તેના હિત માટે દાન કરવું જોઈએ. અન્ય પ્રાણીઓમાં આત્મભાવની લાગણી થવી, અન્ય પ્રાણીઓમાં આત્મભાવનો અનુભવ થવો એ જ સાચું પુણ્ય છે.


માણસ પોતાને પુણ્યનો લાભ મળે એ ભાવથી બીજાં પ્રાણીઓને દાન કરે એમાં પુણ્ય નથી પણ વેપાર અથવા સોદાગીરી જ છે. એમાં પુણ્ય થતું નથી હોતું પણ પાપ જ લાગતું હોય છે.

સુદર્શન કહે છે, હે મનુ, તું એક અગત્યની વાત સમજી લે. સાચી વસ્તુ એ છે કે પુણ્ય થાય છે અને પાપ લાગે છે. પુણ્ય પોતાને લાગે, પુણ્ય પોતાને મળે એવો ભાવ જ્યાં હોય ત્યાં સાચું પુણ્ય હોતું નથી. પુણ્ય તો આત્મભાવનો વિસ્તાર કરે છે. સર્વત્ર, સર્વમાં આપણો જ આત્મા છે એવો ભાવ થાય એ જ પુણ્ય છે. પાપ 'લાગે' છે અર્થાત્ પાપ આત્મભાવને સંકુચિત બનાવે છે, આત્મભાવમાં બંધન કે નાનાપણું–તુચ્છપણું ઉત્પન્ન કરે છે. બીજામાં હું નથી પણ આ શરીરમાં જ હું છું અને દાન કર્યાનું પુણ્ય મને લાગે એવા ભાવમાં પુણ્ય નથી, પણ અજ્ઞાનતા, પાપ અથવા જડતા છે. બીજાને દાન આપીને પુણ્ય મેળવવાની ભૂખ એ પુણ્યની ભૂખ નથી, ભૂખ માત્ર પાપનું સ્વરૂપ છે. અન્ય પ્રાણીમાં પરમાત્માને જોઈને તેના સુખ માટે, તેના હિત કે રક્ષા માટેની જ ભાવનાથી જે પોતાની સંપત્તિનો ત્યાગ કરે છે, અરે, અન્યને માટે જે પોતાના પુણ્યનો પણ ત્યાગ કરે છે, એ ત્યાગ, એ દાન બ્રહ્માર્પણ બની જાય છે. અને જે વસ્તુ બ્રહ્માર્પણ બની જાય છે તે અનંત, અપાર અને અક્ષય બની જાય છે. તે વસ્તુ તેના આપનારને પણ અનંત, અપાર અને અક્ષય સ્વરૂપમાં ઓતપ્રોત કરે છે.

પરમાત્મા જગતનાં પ્રાણીઓનું ભરણપોષણ કરે છે, જગતનાં પ્રાણીઓને અનેક જાતના પદાર્થો ઉત્પન્ન કરીને આપે છે તે પોતાને પુણ્ય થાય એટલા

માટે આપતો નથી, કે જાહેરાત કરીને આપતો નથી. કેવળ પ્રાણીઓનાં સુખ કે હિતની ઇચ્છાથી પ્રાણીઓની યોગ્યતા પ્રમાણે તેમને આપે છે. માતા-પિતા પોતાનાં બાળકોનું ભરણપોષણ કરે છે અને બાળકોને તેમના હિતની વસ્તુઓ આપે છે તે પોતાને પુણ્ય થાય એવા ભાવથી આપતાં નથી, કે જે વસ્તુઓ આપે છે તે બદલ પોતાની કીર્તિ માટે જાહેરખબર કરતાં નથી. એ રીતે પુણ્યની ભૂખ વિનાનો જે સાચો દાતા છે તે પુણ્ય માટે કે કીર્તિ માટે નહીં, પણ પરમાત્માની જેમ અથવા માતા-પિતાની જેમ કેવળ પ્રાણીઓના સુખ કે હિત માટે આપે છે. અને પ્રાણીઓ સુખી થાય છે તેમાં જ એ આત્મસુખ અનુભવે છે. કીર્તિ માટે આપેલા દાનનું પોકળ સુખ તો પોતાની વાહવાહ થતી સંભળાય ત્યાં સુધી જ ટકે છે, પરતુ નિષ્કામભાવે પ્રાણીઓને સુખી કરવામાં મળતું આત્મસુખ કે આત્મપ્રસન્નતા તો જીવનમાં સ્થિર અને શાશ્વત શાન્તિ પ્રકટાવે છે; જીવનને વ્યાપકતાનો યોગ કરાવે છે. આ પણ જીવનની શુક્લ ગતિ અથવા ઉત્તરાયણ છે. ઉત્તરાયણ સંબંધી વિશેષ વિગતો હવે પછી જોઈશું.


★

સમય થઈ ગયો છે!

દૂધ–ઘીની નદીઓ તો હવે કેવળ કલ્પનાની જ વાતો રહી છે.
આજના આહારની મુખ્ય સામગ્રી છે તેલ.
તમે વાનગીઓના શોખીન હશો કે માત્ર પેટને ભાડુ આપવા માટે ખાતા હશો, પરંતુ તેમાં તેલનું મહત્વ સરખું જ રહે છે.
છતાં જ્યારે ભેળસેળ અને છેતરપીંડી ફાલીફૂલી રહી છે ત્યારે તાજા. શુદ્ધ અને પૌષ્ટિક સીંગતેલનો વિચાર કરવાનો સમય તમારા માટે થઈ ગયો છે.

પંકજ



વિટામીન યુક્ત સીંગતેલ
*તમારા માટે એક આદર્શ સીંગતેલ છે.*

૧૫½, ૭½ અને ૪ કીલોના તદ્દન નવા પેકીંગમાં ઘેર બેઠા *ફ્રી ડીલીવરી* મળે છે.

એમ. રવજી એન્ડ કું. કાલુપુર, ઘી બજાર, અમદાવાદ. ફોન: ૨૨૫૩૪ અને ૨૩૨૭૫

# ગજેન્દ્રરૂપી જીવ

**શ્રી ડોંગરે મહારાજ**

શુકદેવજી પરિક્ષિતને કહે છે: હે રાજન્, ત્રિકૂટ પર્વત ઉપર એક બળવાન હાથી રહેતો હતો. અનેક હાથીણીઓનો તે પતિ હતો. ઉનાળાના દિવસો હતા. બહુ ગરમી થતી હતી ગજેન્દ્ર હાથણીઓ સાથે સરોવરમાં જળક્રીડા કરવા ગયો. હાથણીઓ અને બચ્ચાંઓથી વીંટળાયેલો તે આનંદથી વિહાર કરવા લાગ્યો. હાથી જળક્રીડામાં તન્મય છે એમ જાણી મગરે આવી તેનો પગ પકડયો. મગરના પંજામાંથી છૂટવા હાથીએ ઘણો પ્રયત્ન કર્યો. હાથી સ્થલચર છે અને મગર જળચર છે, એટલે હાથી જળમાં દુર્બળ બને છે. મગર હાથીને છોડતો નથી. આ ગજેન્દ્રમોક્ષની કથા દરેક ઘરમાં થાય છે.

સંસાર એ જ સરોવર છે. જીવ એ જ ગજેન્દ્ર છે. કાળ એ જ મગર છે. સંસારના વિષયોમાં આસક્ત થયેલા જીવને કાળનું પણ ભાન રહેતું નથી.

પ્રત્યેક જીવ ગજેન્દ્ર છે. હાથીની બુદ્ધિ જડ છે. બ્રહ્મચર્યનો ભંગ થાય એટલે બુદ્ધિ જડ થાય છે. હાથી અતિ કામી છે. સિંહ વર્ષમાં એક વખત બ્રહ્મચર્યનો ભંગ કરે છે, તેથી સિંહનું બળ હાથી કરતાં ઓછું હોવા છતાં સિંહ હાથીને મારી શકે છે. કામક્રીડા કરનારની બુદ્ધિ જડ થાય છે.

આ જીવાત્મારૂપી ગજેન્દ્ર ત્રિકુટાચલ પર્વતમાં રહે છે. ત્રિકુટાચલ એ શરીર છે. બીજો અર્થ કામ, ક્રોધ અને લોભ પણ થઈ શકે.

સંસાર એ સરોવર છે. સંસારમાં જીવ કામક્રીડા કરે છે. સંસારસરોવરમાં જીવાત્મા સ્ત્રી તથા બાળકો સાથે ક્રીડા કરે છે જે સંસારમાં જીવ આસક્તિપૂર્વક રમે છે તે સંસારસરોવરમાં તેનો કાળ નક્કી કરવામાં આવ્યો હોય છે. સંસારસમુદ્રમાં જે કામસુખ (કામનાઓનું સુખ) ભોગવે છે તેને મગરરૂપી કાળ પકડે છે. જે કામનો માર ખાય તેને કાળનો માર ખાવો જ પડે છે. મનુષ્ય કહે છે કે હું કામને ભોગવું છું, પણ તે વાત ખોટી છે કામ મનુષ્યને ભોગવે છે અને તેને ક્ષીણ કરે છે: भोगा न भुक्ता वयमेव भुक्ताः।

ઇંદ્રિયોને શાન્તિ ત્યારે જ મળે કે જ્યારે તેમને ભક્તિરસ મળે.

અનેક જન્મોથી આ જીવને કાળ મારતો આવ્યો છે. મગર અને સર્પને કાળની ઉપમા આપવામાં આવી છે.

જે સંસારસરોવરમાં મનુષ્ય કામક્રીડા કરે છે, ત્યાં જ કાળ રહે છે. જે સમયે જન્મ થાય તે સમયે મરણનો કાળ નક્કી કરવામાં આવે છે. મગરે હાથીનો પગ પકડયો. કાળ આવે છે ત્યારે પગને પહેલો પકડે છે. પગની શક્તિ ક્ષીણ થાય ત્યારે માનવું કે મને કાળે પકડયો છે. પગની શક્તિ ઓછી થઈ જાય એટલે સાવધાન થઈ જવું. હવે કાળ સમીપ છે: પરંતુ ત્યારે ગભરાશો નહીં. ભગવત્સ્મરણમાં લાગી જવું. કાળ જ્યારે પકડે ત્યારે તેની પકડમાંથી સ્ત્રી છોડાવી શકે નહીં, પુત્ર છોડાવી શકે નહીં. જ્યારે કાળ પકડશે ત્યારે કોઈ પ્રયત્ન કામ આવશે નહીં. તે હાથીને જ્યારે મગર ખેંચી જવા લાગ્યો ત્યારે હાથણીઓ, તેનાં બચ્ચાંઓ કે બીજા હાથીઓ તેને બચાવી શકયાં નહીં. મનુષ્યને જ્યારે કાળ પકડે છે ત્યારે તેને કોઈ બચાવી શકતું નથી. પત્ની, પુત્રો, સગાં-સ્નેહીઓ કોઈ કાળની પકડમાંથી છોડાવી શકશે નહીં. કાળના મુખમાંથી તે જ છૂટે કે જેને ભગવાનનાં દર્શન થાય. કાળના પણ કાળ એવા ભગવાનનો અનુભવ થાય-ભગવત્સ્વરૂપનાં -શ્રી કૃષ્ણનાં દર્શન થાય તો કાળનો નાશ થાય છે.

કાળના મુખમાંથી-મગરના મુખમાંથી શ્રીહરિનું સુદર્શનચક્ર છોડાવી શકે છે.

મગરની પકડમાંથી છૂટવા હાથીએ ઘણો પ્રયત્ન કર્યો પણ કોઈ પ્રયત્ન કામમાં આવ્યો નહીં. કાળ પકડે છે ત્યારે કોઈનો પ્રયત્ન કામમાં આવતો નથી.

એક માસ હાથીનું ને મગરનું યુદ્ધ ચાલ્યું. મગર હાથીને ઊંડા જળમાં લઈ જાય છે. હવે આ મરશે એવી ખાતરી થાય છે એટલે હાથણીઓ હાથીનો ત્યાગ કરીને નાસી જાય છે. મનુષ્યના જન્મ પહેલાં તેનું કોઈ સગું ન હતું અને મર્યા પછી કોઈ સગાં રહેવાનાં નથી. પરંતુ વચલા સમયમાં તેને એકબીજા વિના ચેન પડતું નથી. પરંતુ અંતસમયે આ બીજાં કામ આવતાં નથી. મનુષ્યે એવી ઇચ્છા રાખવી જોઈએ કે મારી એવી

સ્થિતિ થાય કે મને ભગવદ્‌વિચાર વિના ચેન પડે નહીં.

સર્વ છોડીને ગયાં એટલે ગજેન્દ્ર એકલો પડ્યો. જીવ એકલો પડે છે, ત્યારે જ્ઞાન જાગૃત થાય છે. એકલો એટલે ખીસામાં પૈસા પણ નહીં. જીવ નિર્બળ બને છે એટલે તે ઈશ્વરને શરણે જાય છે. નિર્બલકે બલ રામ.

દ્રૌપદીએ મોંઢાથી સાડીનો છેડો પકડી રાખેલો ત્યાંસુધી દ્વારકાનાથ શરણુ આપવા આવતા નથી. ઈશ્વર પૂરો પ્રેમ માગે છે. જીવ ઈશ્વરને થોડો પ્રેમ આપે છે ત્યાં સુધી ઈશ્વર મદદ કરતા નથી.

ગજેન્દ્ર નિરાધાર થયો. તેને ખાતરી થઈ કે હવે મારું કોઈ નથી. જીવ અતિશય તરફડે છે, વ્યાકુળ થાય છે, ત્યારે તે પરમાત્માને પોકારે છે.

આ ગજેન્દ્રમોક્ષનો પાઠ રોજ કરવાનો છે. ડોસો માંદો પડે અને થોડા દિવસ વધારે માંદો રહે તો સૌ ઇચ્છશે કે હવે આ મરી જાય તો સારું. દીકરો રજા લઈને આવ્યો હોય અને ડોસાની માંદગી લંબાઈ હોય તો કહેશે કે હવે રજા પૂરી થાય છે. હું જાઉં છું. બાપાને કંઈક થાય તો ખબર આપજો. જીવ મૃત્યુપથારીમાં એકલો પડે છે ત્યારે તેની દશા ગજેન્દ્ર જેવી થાય છે.

આ ગજેન્દ્ર પશુ છે. પશુ હોવા છતાં તે પરમાત્માને પોકારે છે. પણ મૃત્યુપથારી પર પડેલો મનુષ્ય હાય હાય કરે છે. હાય હાય કર્યે હવે શું વળવાનું છે? જે બધાંને માટે આખી જિંદગીનો ભોગ આપ્યો તે સર્વ છોડીને ચાલ્યાં જાય છે અને હાય હાય કરતો જીવ જાય છે. હાય હાય કરીને હૈયું બાળવા કરતાં અત્યારથી જ શ્રીહરિમાં વિશ્વાસ મૂકી તેમનું ચિંતન કરવાની ટેવ પાડવી જોઈએ, જેથી અંતકાળે પણ શ્રીહરિ યાદ આવશે. બીજી બધી ચિંતાઓ છોડી દેવી જોઈએ. પશુ–પક્ષીઓ સંગ્રહ કરતાં નથી તેથી તેઓ નિશ્ચિંત છે. મનુષ્ય સંગ્રહ કરે છે અને અનંત ચિંતામાં ડૂબે છે. સ્થૂલ ધનનો સંગ્રહ અંતકાળે આધાર આપતો નથી.

જીવ જ્યારે ચારે બાજુથી નિરાધાર બને છે. ત્યારે પૂર્વજન્મના સંસ્કારોથી અને સત્કર્મોથી તે પ્રભુને શરણે જાય છે. શરણે ગયેલો ગજેન્દ્ર સ્તુતિ કરે છે :

જુદાં જુદાં રૂપોમાં નાટક કરી રહેલા અભિનેતાના સાચા સ્વરૂપને જેમ નાટક જોનારાઓ જાણી શકતા નથી, તેમ આ જગતનાં અનંત સ્વરૂપો ધારણ કરીને નાટક કરી રહેલા આપને સાધારણ જીવો કેવી રીતે જાણી શકે? એવા દુર્ગમ ચરિત્રવાળા હે પ્રભુ, તમે મારી રક્ષા કરો.

પશુની માફક અવિદ્યાની દોરીમાં બંધાઈને અનેક જન્મોમાં મરણનો અનુભવ કરનારા જીવની એ અવિદ્યારૂપી ફાંસીને સદાકાળને માટે પૂર્ણ રૂપથી કાપી નાખનારા દયાળુ પ્રભુને હું વંદન કરું છું. એ પ્રભુ શરણે જનાર પર દયા કરવામાં કદી આળસ કરતા નથી, એ પ્રભુ અંતર્યામીરૂપે સર્વ જીવોના હૃદયમાં પ્રકટ રહે છે. સર્વના નિયંતા અને અનંત એવા તે પરમાત્માને હું વંદન કરું છું.

આ શરીર અંદર અને બહાર સર્વ તરફથી અજ્ઞાનરૂપ આવરણથી ઢંકાયેલું છે. આવા શરીરને રાખીને કરવું છે શું? હું તે આત્મપ્રકાશને ઢાંકી દેનારા અજ્ઞાનરૂપ આવરણથી છૂટવા માગું છું. આ અજ્ઞાનરૂપ આવરણનો કાળક્રમે અથવા એની મેળે નાશ થતો નથી, પરંતુ ભગવાનની કૃપાથી અથવા તત્ત્વજ્ઞાનથી તેનો નાશ થાય છે.

ભગવાને કાળરૂપ મગરનો સુદર્શનથી નાશ કર્યો એનો અર્થ એ પણ થાય કે જ્યારે માણસને સુદર્શન –સાચી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે અર્થાત્ તેને સર્વમાં ભગવાન દેખાય છે ત્યારે તે કાળના મુખમાંથી છૂટી જાય છે. એવા જ્ઞાની મનુષ્યને કાળ પણ શું કરી શકે? જેને સર્વમાં ભગવદ્‌ભાવ જાગે એ કાળના મુખમાંથી છૂટી જાય છે.

જે જીવ ભગવાનને શરણે જાય છે તેનો ગજેન્દ્રની જેમ ઉદ્ધાર થાય છે.

# પહેલું વંદન

શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી

ઈશ્વરના અંતરમાં આદરભર્યું ધ્રુવપદ મેળવીને ધ્રુવ પાછો ફરી રહ્યો હતો.

હરિના હૈયાનો હાર બનીને પાછા ફરતા ધ્રુવને સત્કારવા માટે એનાં વતનવાસીઓ ઉમંગઘેલાં બન્યાં હતાં.

પિતા પણ આવ્યા હતા. માતા સુનીતિ પણ આવ્યાં હતાં અને અપરમાતા સુરુચિ પણ આવ્યાં હતાં.

પિતાના અંતરમાં આવા મહાન પુત્રની અવગણના થઈ ગયાનો અજંપો હતો.

અપરમાતા સુરુચિ તો ધ્રુવના પગ પખાળવા માટે પસ્તાવાની નયનઝારી લઈને ઊભાં હતાં.

અને માતા સુનીતિ ? એના હૈયે તો આખીય આલમનો આનંદસાગર હિલોળા લેતો હતો.

પળે પળે સૌની આતુરતા વધતી જતી હતી.

ત્યાં તો ધ્રુવ આવી પહોંચ્યો.

એનાં પાવન પગલાંઓ વતનની ધરતીને પુનિત બનાવી રહ્યાં.

સૌનાં અંતરની ઊર્મિઓએ હર્ષનાદ કર્યો.

સૌના પ્રેમને નમ્રભાવે નમન કરતો ધ્રુવ પિતા, માતા અને અપરમાતા ભણી આગળ વધ્યો.

ત્રણેનાં હૃદયોમાં વાત્સલ્યની ભારે ભરતી આવી.

પેલી અપરમાતાને ભૂતકાળ યાદ આવ્યો. પોતાના દુર્વર્તાવને લીધે આ મહાન પુત્રને સહેવાં પડેલાં દુઃખ અંગેની વેદના હૈયાને કોરી રહી હતી. મોઢું બતાવવા જેવું ન હોય અને ધરણીમાં સમાઈ જવું હોય તેમ એ ધરણી ખોતરતી પાછળ ઊભી હતી.

ધ્રુવ આવ્યો, માતપિતાને જોતાં આંખમાં આનંદ ઊછળ્યો પણ પાસે આવીને તેણે પૂછ્યું, 'માતા સુરુચિ ક્યાં ?'

સૌની દિગ્મૂઢતાએ રસ્તો કરી આપ્યો.

ધ્રુવ દોડીને સુરુચિને ચરણે ઢળ્યો. 'મા ! તે દિવસે જો તમે કડવાં પણ હિતકારી વચનો કહ્યાં ન હોત તો તમારો ધ્રુવ આજે ધ્રુવ ન હોત. મા ! તમે જ મને મહાન બનાવ્યો. મુરારિ સાથેનો મેળાપ પણ તમે જ કરાવી આપ્યો.'

ધ્રુવની આંખો સુરુચિના ચરણ પખાળતી હતી અને અહોભાવની અમૂંઝણ અનુભવતી સુરુચિની નયનઝારી તેને શિરે અભિષેક કરી રહી હતી.

કપરાં મહેણાં મારીને વનમાં મોકલનાર અપરમાતાનાં ચરણોમાં પહેલું વંદન કરનાર ધ્રુવની મહાનતાને સૌ કોઈ વંદી રહ્યું.

આ ધન્ય મિલનને નજરે નિહાળનારનું હૈયું જીવનધન્યતા અનુભવી રહ્યું.

ઈશ્વર માણસને પ્રામાણિક, પવિત્ર અને ઉદાર થવા કહે છે, પરંતુ તેની સાથે બુદ્ધિમાન, બળવાન, બહાદુર તથા કુશળ થવાને પણ કહે છે.

સૌથી પહેલાં આપણે મનુષ્ય બનવું જોઈએ. જો આપણે મનુષ્ય બનવામાં સફળ થઈશું નહીં તો જાતનાં, કુટુંબનાં, સમાજનાં કે દેશનાં કોઈ પણ કાર્યોમાં સફળતા મેળવી શકીશું નહીં.

જે માણસે સંકટ સહન કર્યું નથી તે દુનિયામાં જાણે જ શું ?

## આવકારો મીઠો આપજે

તારે આંગણિયે કોઈ આશા કરીને આવે રે....
આવકારો....મીઠો આપજે રે જી....
તારે કાને કોઈ સંકટ સંભળાવે રે, બને તો થોડું....
કાપજે રે જી....
માનવીની પાસે કોઈ....આશા વિણ ન આવે....રે....
તારા દિલાસાની આશે દુખિયાં આવે રે...આવકારો મીઠો૦
કેમ તમે આવ્યા છો ?....એમ નવ કે'જે....રે.... (૨)
એને ધીરે ધીરે તું બોલવા દેજે રે....આવકારો મીઠો૦
વાતું એની સાંભળીને....આડું નવ જોજે....રે.... (૨)
એને માથું હલાવી હોંકારો દેજે રે....આવકારો મીઠો૦
'કાગ' એને પાણી પાજે....સાથે બેસી ખાજે રે!.... (૨)
એને ઝાંપા સુધી તું મેલવા જાજે રે....આવકારો મીઠો૦

ભક્તકવિ પદ્મશ્રી દુલા ભાયા 'કાગ'

## પ્રભુમય જીવન

પ્રભુમય જીવન બનાવો,
તે રૂપ સદા થઈ જાઓ....પ્રભુમય૦
રસના એ જ રટણ તું કરજે, પરનિંદા પર ધ્યાન ન ધરજે,
હેતથી હરિગુણ ગાઓ....પ્રભુમય૦
નયનથી નાથનાં દર્શન કરવાં, જન્મ–મરણનાં સંકટ હરવાં,
જીવનજ્યોત જગાવો....પ્રભુમય૦
શ્રવણથી નિત્ય કથા સાંભળજે, સાંભળીને તે પંથે અનુસરજે,
ભક્તિદીપ પ્રકટાવો....પ્રભુમય૦
હાથથી હરિની સેવા કરવી, પરહિત હૃદયે સદૈવ ધરવું,
ભાવના ભવ્ય બતાવો....પ્રભુમય૦
ચરણથી સદાચરણમાં ધાઓ, જીવન એળે શાને વિતાવો,
નહીં મળે અવસર આવો....પ્રભુમય૦
તન–મન–ધન સહુ સોંપી દઈને, 'દેવેન્દ્ર'દાસ ચરણના થઈને,
ભવસાગર તરી જાઓ....પ્રભુમય૦

કીર્તનાચાર્ય શ્રી દેવેન્દ્રવિજય 'જય ભગવાન'

# લવાજમ ભરવા માટે નીચેના સેવાભાવી પ્રતિનિધિઓનો સંપર્ક સાધો :

## સ્થાનિક પ્રતિનિધિઓ

શ્રી લક્ષ્મીનારાયણ સત્સંગ મંડળ
C/o મોહનલાલ પ્રાણલાલ મહેતા
મહાલક્ષ્મી ઘી ભંડાર
વાડીગામ, દરિયાપુર

શ્રી પુષ્પરાય અંબાલાલ ભટ્ટ
અંબાજી માતાનું મંદિર,
દિલ્હી દરવાજા બહાર,
જૂના માધુપુરા

શ્રી અંશુપ્રસાદ યાજ્ઞિક
૭૨૮, છીપાપોળ, કૂવાવાળો
ખાંચો, દરિયાપુર

શ્રી એ. વી. દીવાન
૮૩, ધર્મનગર, સાબરમતી

શ્રી અરવિંદકુમાર રમણલાલ જાની
દક્ષિણી સોસાયટી, દયાશંકર
કોલોની, મણિનગર

શ્રી ઉપેન્દ્રભાઈ ડી. મહેતા
રામબાગ, મણિનગર

શ્રી કેશુભાઈ ભોગીલાલ પટેલ
નાની સાળવીવાડ, સરસપુર

શ્રી ચંદુલાલ પરસોતમદાસ પટેલ
કીડીપાડાની પોળ, શાહપુર

શ્રી ચીમનલાલ ધનેશ્વર મહેતા
સદ્દમાતાની પોળ, શાહપુર

શ્રી ચીમનલાલ મંગળદાસ પંચ
પંચ એડવરટાઇઝર,
મોડલ ટોકીઝ પાસે, ગાંધીરોડ

શ્રી દેવીપ્રસાદ જાની
c/o. જાની એન્ડ કું.
છીપાપોળ, દરિયાપુર

શ્રી જયંતીલાલ મણિલાલ રાવળ
સદ્દમાતાની પોળ, સાંકડીશેરી

શ્રી ધનુભાઈ ડાહ્યાભાઈ દલવાડી
દોલતખાના, સારંગપુર

શ્રી જયંતીલાલ કેશવલાલ પટેલ
છીપાપોળ, દરિયાપુર

શ્રી નવલસિંહ ગોબરસિંહ દરબાર
ધનુષ્યધારી માતાજીના મંદિર
પાસે, શાંતિલાલ ઝવેરીની ચાલી,
સૈજપુર બોઘા

શ્રી નરેન્દ્રભાઈ જાની
ફત્તેહપુર, પો. આનંદનગર

શ્રી પરસોતમદાસ સી. મોદી
મોદી બ્રધર્સ, દિલ્હી ચકલા

શ્રી પૂનમચંદ જેઠાભાઈ પટેલ
ગોકુળનગર, આશ્રમરોડ

શ્રી પુનિત સ્ટોર્સ
રાયપુર ચકલા

શ્રી પ્રબોધ સી. મહેતા
લાખિયાની પોળ

શ્રી પ્રકાશચંદ્ર ચીમનલાલ દેસાઈ
બંગલાની પોળ, રાયપુર

શ્રી બાલગોવિન્દ છગનલાલ પટેલ
ગરનાળાની પોળ, શાહપુર

શ્રી બળદેવદાસ મણિલાલ પટેલ
છીપાપોળ, દરિયાપુર

શ્રી ભાલચંદ્ર દશરથલાલ ભટ્ટ
૩૦૨, હરિપુર, અસારવા

શ્રી મધુ ટી ડેપો
દિલ્હી ચકલા

શ્રી મુકુન્દલાલ પૂંજાલાલ શાહ
સોનીનો ખાંચો, ધનાસુથારની
પોળના નાકે

શ્રી મુકુન્દરાય જે. જાની
પાવરહાઉસ, સાબરમતી

શ્રી મોહનલાલ સોમનાથ પંચાલ
દૂધવાળી પોળ, શાહપુર

શ્રી મયંક મનહરલાલ દેસાઇ
લાખિયાની પોળ

શ્રી મણિશંકર જોષી
પુષ્પકુંજ, મણિનગર

શ્રી રમણલાલ પરીખ
કીડીપાડાની પોળ, શાહપુર

શ્રી રવિશંકર ભ. ઈશંકર જાની
૧૪૩, ખારી કૂઈ, ખોખરા
મહેમદાવાદ

શ્રી રસિકલાલ એમ. ભટ્ટ
મેડા ઉપર, લાઇબ્રેરી પાસે
સીટી સિવિલ કોર્ટ, ભદ્ર

શ્રી વિશ્નુભાઈ પાઠક
ભાઉની પોળ, રાયપુર

શ્રી શ્યામસુંદર પૂંજીરામ પંડયા
વિઠ્ઠલમંદિર પાસે, દોલતખાના,
સારંગપુર

શ્રી શાન્તિલાલ મણિલાલ દેસાઈ
ધોબીની પોળ, ખાડિયા

શ્રી હરિવદન ભટ્ટ
સઈશેરી, ખોખરા મહેમદાવાદ

શ્રી હરિગુણ ગોપવાણી
c/o વિવેકાનંદ પુસ્તકાલય
મ્યુનિ. દવાખાના પાસે, રખિયાલ

## બહારગામના પ્રતિનિધિઓ

### આણંદ

શ્રી બિપિનચંદ્ર ભટ્ટ
વ્યાસ ફળિયા

### કપડવંજ

શ્રી શેઠ બાબુલાલ દલસુખરામ
બજારમાં

**કઠલાલ**

શ્રી ડૉકટર ગણપતલાલ
શ્રી દીપકભાઈ શંકરભાઈ પરીખ
શ્રી કનુભાઈ વકીલ, સરપંચ

**કલોલ**

શ્રી બાબુભાઈ નાનાભાઈ કૉન્ટ્રાકટર
જીતપુરા પાસે

**કાશીપુરા (વડોદરા)**

શ્રી મણિલાલ જેશીંગભાઈ પટેલ

**ખેડબ્રહ્મા**

શ્રી ભાઈશંકર ત્રિવેદી
માતાજીનું મંદિર

**ગોધરા**

શ્રી ચંપકલાલ હિંમતલાલ દેસાઈ
મહેતા બ્લોક્સ, પરભા રોડ

**ગઢડા (સ્વામીના)**

શ્રી વસનજી જે. પંજવાણી
ન્યૂઝપેપર એજન્ટ

**જંબુસર**

શ્રી મનહરલાલ ત્રિકમલાલ શાહ
જ્યોતિ રાઈસ ઍન્ડ ફ્લોર મિલ્સ
શ્રી જયંતીભાઈ છોટાલાલ ચોકસી
હસીખુશી સ્ટૉર્સ

**ડભોઈ**

શ્રી વીપીનચન્દ્ર ગોવિંદલાલ વસાઈવાળા
વસાઈવાળા જીન

**ધનસુરા**

શ્રી વાડીલાલભાઈ મહેતા

**ધોળકા**

શ્રી નારાયણદાસ ભગત
દીપકવાડી

**નડિયાદ**

શ્રી પ્રાણલાલ માણેકલાલ શાહ
લલ્લુ જોષીની પોળ

શ્રી રજનીકાન્ત ચોકસી
સિંદુશીપોળ

શ્રી ચન્દ્રવદન મણિલાલ ઠાકર
કંસારા બજાર

શ્રી અંબાલાલ મોહનલાલ ઠક્કર
દેસાઈની પોળ

શ્રી રણજિતસિંહ
ન્યૂ શૉરોક મિલ્સ સ્ટાફ ક્વાર્ટર્સ

શ્રી અશોકકુમાર હરિપ્રસાદ દવે
નવા રાવપુરા

**નવસારી**

શ્રી ધનજીભાઈ કાલિદાસ ચોકસી
મોટા બજાર, પોલીસ ચોકી સામે

શ્રી નાનજીભાઈ મ. અધ્વર્યુ
જોષી મહોલ્લો

**પાટણ**

શ્રી રમણલાલ બાપુલાલ સુતરિયા

શ્રી નરહરિલાલ શાસ્ત્રી
જવાલામુખીનો પાડો

શ્રી રંજુભાઈ શાસ્ત્રી
ભારતીય આરોગ્યનિધિ

શ્રી જયંતીલાલ વિશ્વામિત્ર વૈદ્ય

**પાદરા (વડોદરા)**

શ્રી હરિપ્રસાદ ગો. શાસ્ત્રી

**બોરસદ**

શ્રી પ્રવીણ ચોકસી
c/o શ્રી રંગ ગીતા નિવાસ

શ્રી મોહનભાઈ ગિરધરદાસ ચોકસી
વૈશ્નવ પ્રિન્ટરી

**ભરૂચ**

શ્રી કંચનલાલ પ્રાણસુખલાલ
નવા દહેરા પાસે

**મહેમદાવાદ**

શ્રી નટવરલાલ વાડીલાલ શાહ
દેસાઈની પોળ

**મોરબી**

શ્રી ઠક્કર નેણસીભાઈ દેવસીભાઈ
સનાળા રોડ, પંચવટી

શ્રી નાલચંદભાઈ કરશનજી
શક્તિપ્લોટ

**માલપુર-સાબરકાંઠા**

શ્રી ભાલચંદ્ર ગૌરીશંકર પંડ્યા
કૃષ્ણ ઑઈલ મિલ

**મોટા આસંબીયા** (કચ્છ-માંડવી)

શ્રી દેવજીભાઈ જેઠાભાઈ

**રાજકોટ**

શ્રી રમણલાલ મફતલાલ શાહ
ભરતકુમાર ઍન્ડ કું.
પરા બજાર

**રાજપીપળા**

શ્રી મનુભાઈ એ. ગાંધી
આશાપુરી માતા પાસે

શ્રી બિહારીલાલ નાથાલાલ પાદરિયા
ન્યૂસ્ટેશન રોડ

**મેરાઉ ( કચ્છ )**

શ્રી નારાયણ મિશ્ર
પ્રધાન અધ્યાપક, જૈન વિદ્યાપીઠ

**રાયણ**

શ્રી જખુભાઈ શાહ
ગ્રામ પંચાયત ઑફિસ

**વટવા**

શ્રી વિઠ્ઠલભાઈ સોમાભાઈ પટેલ

**વાસદ**

શ્રી અંબાલાલ ત્રિભોવનદાસ પટેલ

શ્રી જયકૃષ્ણ શંકરલાલ, બજારમાં

**વલસાડ**

શ્રી શાહપુરજી માંજરા
તીથલ રોડ

શ્રી મગનલાલ મિસ્ત્રી
ભારત ફર્નિચર માર્ટ,
રામજી મંદિર પાસે

**વડોદરા**

શ્રી ધર્મિષ્ઠલાલ ચુનીલાલ વ્યાસ
સુલતાનપુરા

શ્રી દ્વારકાદાસ નવનીતલાલ ઝવેરી
ઝવેરી બીલ્ડિંગ, સુલતાનપુરા

શ્રી ઈશ્વરલાલ જીવણલાલ
જીવણ વસ્તુ ભંડાર, કેમ્પ

શ્રી ચંદુલાલ મણિલાલ પરીખ
ફતેપુરા, ઘોડાગાડીના સ્ટેન્ડ
સામે

શ્રી બિહારીલાલ બાબુરાવ શાહ
નરસિંહજીની પોળ

**પેટલાદ**

શ્રી કનૈયાલાલ રતનલાલ
નાગર કૂવો

શ્રી ચંદ્રકાન્ત આર. પરીખ
સ્ટેશન, આર. કે. બીલ્ડિંગની
બાજુમાં

**ઉમરેઠ**

શ્રી ગોવિંદભાઈ ચોકસી
મોટા બજારમાં

**ઝઘડિયા**

શ્રી દોલતકૃષ્ણ રણછોડજી શાહ

**બારેજા**

શ્રી ડી બી. પટેલ

**ખંભાત**

શ્રી રણછોડલાલ છોટાલાલ પરીખ
ત્રણ દરવાજા, હાઈસ્કૂલ સામે

**ભરૂચ**

શ્રી ચંપકલાલ ચુનીલાલ દલાલ
ઊંડીવખાર

**સુરત**

શ્રી મોહનલાલ મગનલાલ જરીવાલા
ઘીયા શેરી, મહીધરપુરા

શ્રી નિરંજનલાલ શેઠ
C/O નિરંજન મિલ્સ

શ્રી મનુભાઈ જી. યાજ્ઞિક
હાંગીશેરી, દિલ્હીગેટ

શ્રી પોચાભાઈ ગોપાલદાસ રાશીવાલા
શ્રીકૃપા, ખેતરપાળની શેરી,
ગોપીપુરા

શ્રી ધનસુખલાલ નગીનદાસ
મોટી શેરી, ગલેમંડી

શ્રી રણછોડદાસ બરફીવાળા
બરાનપુરી ભાગોળ

શ્રી સનમુખરામ મંછારામ પોટલા
બેગમપુરા, ખાંગડ શેરી

શ્રી ડૉ. ગોપાલ આઝાદ
અલી મંઝિલ, ટાવર પાસે

શ્રી ગાંધી શાન્તિલાલ મગનલાલની કું
ટાવર સામે, ગાંધીશેરી

**મરોલીગામ**

શ્રી શાન્તિલાલ આર. પટેલ
આમરીવાલા
કુંભાર ફળિયું

**સિદ્ધપુર**

શ્રી મૂળશંકર આર. ઠાકર
વેદ પાઠાનો પાડો

શ્રી કાશીશંકર પ્રાણશંકર શુકલ
મંડી બજાર, ખીલાતરવાડો

**સાલપુરા (વડોદરા)**

શ્રી નરોત્તમભાઈ મોતીભાઈ પટેલ

**હાલોલ (પંચમહાલ)**

શ્રી વિઠ્ઠલદાસ બેચરદાસ પટેલ
પટેલ રેડિયો ઇલેક્ટ્રિકલ્સ,
તળાવરોડ

**હિંમતનગર**

શ્રી સોમનાથભાઈ વકીલ

**ભુજ**

શ્રી જમનાદાસ વ્હોરા
કચ્છ મિત્ર

**ઉંઝા**

શ્રી રેવાભાઈ જે. વકીલ
ગાંધી ચોક

શ્રી બિપિનભાઈ આઈ. રાવલ
સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા

**મુંબઈ**

શ્રી વસનજી ભવાનજીની કું.
૨૧૬, કાલબાદેવી રોડ

શ્રી મોહનલાલ મગનલાલ
ડૉ. વિઘા સ્ટ્રીટ, કાલબાદેવી

ડૉ. ત્રિભોવનદાસ નાળિયેરવાળા
કુંભારટુકડા, ભૂલેશ્વર

શ્રી ધારસીભાઈ રામદાસ
જોષી લેન, ઘાટકોપર

શ્રી પુરુષોત્તમ બેરાજ
મુલુન્દ

શ્રી મીઠુભાઈ શાહ
સહસ્રકિરણ સ્ટોર્સ
રાનડે રોડ, દાદર

શ્રી ત્રિભોવનદાસ નેમચંદ
બજારગેટ સ્ટ્રીટ, ફોર્ટ.

શ્રી ખંડુભાઈ દેસાઈ
૨/૧૨, સીરાઝ મંઝિલ,
કસ્તુરબારોડ, બોરીવલી

શ્રી ચંદ્રવદન દવે, ગિરગાંવ

શ્રી જયાલક્ષ્મીબેન ઝવેરીલાલ શાહ
રાજુવીલા, માટુંગા

શ્રી મૂલજીભાઈ મગનલાલ જરીવાલા
૮૬, જયભગવાન, વાલકેશ્વર

શ્રી ઉષાબેન મ. ભૂખણવાલા
૩૯, બજાજ રોડ, વિલેપાર્લે

[ **ક્રમશઃ** ]

આશીર્વાદ પ્રકાશન વતી પ્રકાશક : શ્રી દેવેન્દ્રવિજય વિજયશંકર દવે, રાયપુર, ભાઉની પોળની બારી પાસે, અમદાવાદ
મુંબઈ કાર્યાલય : માનવમંદિર, માનવમંદિર રોડ, મલબારહિલ, મુંબઈ–૬.
મુદ્રક : શ્રી જગદીશચંદ્ર અંબાલાલ પટેલ, એન. એમ. પ્રિન્ટિંગ પ્રેસ, દરિયાપુર ડબગરવાડ, અમદાવાદ